દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 18 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ સુદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 January 2026, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
બુધવાર, ૨૧ જાન્યુઆરી ૨૦૨૬, (૧૧ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# શૅરબજારમાં મંદીનું માતમ, સોના-ચાંદીમાં તેજીનું તાંડવ

## સેન્સેક્સમાં ૧,૦૦૦ પૉઈન્ટનો કડાકો, ઈન્વેસ્ટરોના ૯.૮૬ લાખ કરોડ રૂપિયા સ્વાહાઃ સિલ્વરમાં ૧૫,૩૭૦ ને ગોલ્ડમાં ૩,૫૦૦ રૂપિયાનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ગ્રીનલેન્ડ પર કબજો જમાવવાને નિમિત્ત બનાવીને ટ્રમ્પે યુરોપના આઠ દેશ પર નવા ટૅરીફ લાદવાની આપેલી ચીમકી વચ્ચે ફરી આંતરરાષ્ટ્રીય બજારમાં ટ્રેડ વૉરની ચિંતાના પ્રસાર વચ્ચે એક તરફ સેન્સેક્સમાં ૧૦૦૦ પોઇન્ટનો જોરદાર કડાકો નોંધાયો છે, જ્યારે બીજી તરફ ચાંદીના ભાવ કિલોએ ૧૫,૩૭૦ રૂપિયાના તોતિંગ ઉછાળા સાથે હાજર બજારમાં ત્રણ લાખ રૂપિયાની સપાટી વટાવી ગયા છે. એ જ સાથે સોનાના ભાવમાં ૩,૫૦૦ પ્રતિ દસ ગ્રામ જેવો જોરદાર ઉછાળો થયો છે.

મંગળવારના સત્રના અંતે, બીએસઇ સેન્સેક્સ ૧૦૬૫.૭ પોઈન્ટ અથવા ૧.૨૮ ટકા ઘટીને ૮૨,૧૮૦.૪૭ પોઇન્ટની સપાટી પર બંધ થયો છે. બીએસઇ પર બધી લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઇઝેશન ૯.૮૬ લાખ કરોડ રૂપિયા ઘટીને ૪૫૫.૮૨ લાખ કરોડ રૂપિયાના સ્તરે પહોંચ્યું હતું. ભારતીય ઇક્વિટી બજારનો આ સત્રનો અંત નિર્ણાયક રીતે નકારાત્મક રહ્યો હતો, જે નબળા વૈશ્વિક સંકેતોને કારણે રોકાણકારોની જોખમ લેવાની ક્ષમતામાં થઇ રહેલો ઘટાડો દર્શાવે છે.

વેચવાલીનું દબાણ એટલું તીવ્ર અને વ્યાપક રહ્યું હતું કે એક્સચેન્જના તમામ સેક્ટર નેગેટિવ ઝોનમાં ગબડી ગયા હતા. આ તરફ ભારત વીઆઇએક્સ લગભગ બે મહિનાના ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો. નિફ્ટી નવેમ્બર ૨૦૨૫ પછી પ્રથમ વખત ૨૫,૪૦૦ની નીચે સરક્યો છે. સ્મોલ અને મિડકેપ શેરોમાં પણ આ સત્રમાં જોરદાર વેચવાલી અને ધોવાણ જોવા મળ્યા હતા.

ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવાના અમેરિકાના પગલાનો વિરોધ કરતા યુરોપિયન રાષ્ટ્રો પર વધારાના ટૅરિફ લાદવાની યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા નવી ધમકીઓએ વૈશ્વિક સ્તરે ઇક્વિટી વેચાણમાં ફરી એક વાર વધારો કર્યો છે, જ્યારે બીજી તરફ વધતી વૈશ્વિક અનિશ્ચિતતા અને ઘટતા ઇક્વિટી બજારોએ રોકાણકારોને સુરક્ષિત ગણાતાં સેફ હેવન એસેટ તરફ વળવા પ્રેર્યા હોવાથી સોના અને ચાંદીના ભાવ વિક્રમી ઊંચા સ્તરે પહોંચ્યા છે.

મુંબઇ ખાતે ચાંદીના ભાવ કિલોએ ૧૫૩૭૦ રૂપિયાના જોરદાર ઉછાળા સાથે ૩૦૯૩૪૫ રૂપિયાની સપાટીએ બંધ રહ્યા હતા. જ્યારે ૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ ૩૪૪૯ રૂપિયાના ઉછાળા સાથે ૧,૪૬,૮૧૯ રૂપિયા અને ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૩૪૬૩ના ઉછાળા

(જુઓ પાનું ૨) ▶▶

### ૧૦,૦૦૦ કરોડ રૂપિયા ધરાવતા ભાજપના નવા બૉસ નીતિન નબીને પદભાર સંભાળ્યો

# નીતિન નબીન મારા બૉસઃ મોદી



**આશીર્વાદ અને શુભકામનાઃ** ભાજપના રાષ્ટ્રીય પ્રમુખનો હોદ્દો મંગળવારે નીતિન નબીને સંભાળ્યો ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમને શુભેચ્છા આપવા ખાસ પક્ષના મુખ્યાલય પર પહોંચ્યા હતા. (એજન્સી)

નવી દિલ્હીઃ ભાજપના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવેલા નીતિન નબીને મંગળવારે કાર્યભાર સંભાળ્યો ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને અભિનંદન આપ્યા હતા અને જાહેરાત કરી હતી કે પક્ષ સંબંધિત બાબતોને મામલે આ યુવા નેતા મારા બૉસ હશે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે ભાજપ પાસે ૧૦,૦૦૦ કરોડ રૂપિયા જેટલી રોકડ અને ડિપોઝિટ્સ છે.

પક્ષના વડા મથકે યોજાયેલા મેળાવડાને સંબોધન કરતા ૪૫ વર્ષના નબીનને સંસ્થામાં યુવાનો જેવી ઊર્જા અને અનુભવ ધરાવતા 'મિલેનિયલ' લેખાવ્યા હતા જે પક્ષ માટે ખૂબ જ સહાયક પુરવાર થશે.

૪૦ મિનિટના ભાષણમાં મોદીએ અવારનવાર નબીન માટે માનનીય શબ્દનો પ્રયોગ કર્યો હતો અને ૧૧ વર્ષના શાસનકાળ દરમિયાન ભાજપ સરકારે કરેલા કાર્યો અને

(જુઓ પાનું ૨) ▶▶

## રાજકારણમાં જોડાવા માટે યુવાનોને નબીનનું ઈજન

નવી દિલ્હી : ભાજપના નવા ચૂંટાયેલા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીને મંગળવારે લોકોને ખાસ કરીને યુવાનોને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ભારતને વિકસિત બનાવવાના સંકલ્પને પુરા કરવા માટે રાજકારણમાં આવવા માટેનો આગ્રહ કર્યો હતો અને પાર્ટી કાર્યકર્તાઓને તેમના કાર્યને યોગ્ય ઓળખ આપવાની ખાતરી આપતા કહ્યું હતું કે ભાજપનું દેખરેખ તંત્ર એટલું મજબૂત છે કે તે તમામના પ્રયાસો પર ધ્યાન આપી શકે છે.

પાર્ટીના ૧૨મા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે તેમના (જુઓ પાનું ૨) ▶▶

### યુદ્ધનાં નગારાં વાગે છે

# ગ્રીનલૅન્ડ અમારું, ડેન્માર્ક તેનું રક્ષણ નહીં કરી શકેઃ ટ્રમ્પ

**અમેરિકી પ્રમુખના જક્કી વલણ સામે ઇયુનાં વડાંની ટૅરિફ મામલે ટ્રમ્પને ચેતવણીઃ નાટોના અસ્તિત્વ સામે જ પ્રશ્નાર્થ**



**હવે કોનું આવી બનશે** ફ્લોરિડાના મયામી ગાર્ડનમાં કોલેજ ફૂટબોલ પ્લેઓફ્ફ જોઈ રહેલા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે અચાનક કોઈ સામે આંગળી કરી હતી, જાણે કહેતા હોય કે હવે તમારો વારો. (એજન્સી)

વૉશિંગ્ટનઃ ડેન્માર્ક, ગ્રીનલૅન્ડની રક્ષા કરી શકે એમ ન હોવાની દલીલ કરી અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે દાવોસ ઈકોનોમિક ફોરમ દરમિયાન અમેરિકા ગ્રીનલૅન્ડને હસ્તગત કરવાનો મુદ્દો ઉપાડી લેશે ને તેને આગળ વધારશે.

ફ્લોરિડામાં પત્રકારોને આપેલી મુલાકાતમાં ટ્રમ્પે કહ્યું હતું કે ગ્રીનલૅન્ડને હસ્તગત કરવું અમેરિકા માટે જરૂરી છે અને ગ્રીનલૅન્ડે એમ કરવું પડશે કેમ કે ડેન્માર્ક તેનું રક્ષણ કરી શકે એમ નથી.

ડૅનમાર્કના લોકો અને નેતાઓ ખૂબ સારા છે એ હું જાણું છું, પરંતુ તેઓ

(જુઓ પાનું ૨) ▶▶

## ફોટોમાં તો ફોટોમાં, ગ્રીનલેન્ડ પર અમેરિકી ધ્વજ લહેરાવ્યો ટ્રમ્પે

વૉશિંગ્ટનઃ છેલ્લા કેટલાક સમયથી યુએસ રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ કિંગડમ ઓફ ડેન્માર્કના સ્વાયત્ત પ્રદેશ ગ્રીનલેન્ડ પર કબજો કરવા અંગે સતત વાત કરી રહ્યા છે, આ મામલે યુએસ અને યુરોપના દેશો વચ્ચે તણાવ વધી રહ્યો છે. એવામાં ટ્રમ્પ સોશ્યલ મીડિયા પર એક ફોટો પોસ્ટ કરીને બળતામાં ઘી હોમ્યું છે.

ડોનલ્ડ ટ્રમ્પે તેમની માલિકીના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશ્યલ પર (જુઓ પાનું ૨) ▶▶

## ટ્રમ્પ ઈન્ટરનેશનલ ગૅન્ગસ્ટરઃ યુકેના નેતા

લંડનઃ અમેરિકન વિદેશ નીતિની કડક ટીકા કરતા, યુકેના એક અગ્રણી નેતાએ દેશની સંસદમાં બોલતા અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને ઇન્ટરનેશનલ ગેંગસ્ટર, ગુંડા અને અમેરિકાએ ક્યારેય ન જોયેલા સૌથી ભ્રષ્ટ પ્રમુખ ગણાવ્યા છે.

યુકેની સંસદમાં ત્રીજા ક્રમના સૌથી મોટા પક્ષના નેતા, લિબરલ ડેમોક્રેટ એડ ડેવી, ટ્રમ્પ દ્વારા યુનાઇટેડ કિંગડમ અને તેના યુરોપિયન સાથીઓને લક્ષ્યમાં રાખીને વેપાર ટૅરિફ-સંબંધિત ધમકીઓની શ્રેણી પર પ્રતિક્રિયા આપી રહ્યા હતા, જે ડેન્માર્કથી ગ્રીનલેન્ડ ખરીદવા અથવા જોડવાની તેમની (જુઓ પાનું ૨) ▶▶

# તમે શંકરાચાર્ય છો ખરા?

## ધરણાં પર બેઠેલા અવિમુક્તેશ્વરાનંદને માઘમેળા સત્તાવાળાઓએ ફટકારી નોટિસ



પ્રયાગરાજઃ મૌની અમાવસ્યા પર સ્નાન ન કર્યા બાદ ધરણાં પર બેઠેલા સ્વામી અવિમુક્તેશ્વરાનંદને પ્રયાગરાજ મેળા ઓથોરીટીએ નોટિસ મોકલી છે. આ નોટિસમાં સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલા તેના કેસને ટાંકીને પૂછવામાં આવ્યું છે કે તેઓ પોતાને કઇ રીતે શંકરાચાર્ય કઇ રીતે ગણાવી શકે. ઓથોરિટીએ તેમની પાસેથી ૨૪ કલાકમાં જવાબ માગ્યો છે.

મળતી વિગતો અનુસાર, માઘ મેળામાં મૌની અમવસ્યાના સ્નાન પર્વ પર સ્વામી અવિમુક્તેશ્વરાનંદની શોભાયાત્રાને રોકવાના મુદ્દે ચગેલા વિવાદમાં વળાંક આવ્યો છે. માઘ મેળા ઓથોરિટીએ સ્વામી અવિમુક્તેશ્વરાનંદને નોટિસ પાઠવી છે. મેળા સત્તાવાળાઓએ સુપ્રીમ કોર્ટના

(જુઓ પાનું ૨) ▶▶

# શ્વાન-પ્રેમી મેનકા ગાંધીએ અદાલતનું અપમાન કરી નાખ્યુંઃ સુપ્રીમ કોર્ટ ભારે નારાજ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે મંગળવારે ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી મેનકા ગાંધી દ્વારા રખડતા કૂતરાના મુદ્દા પર સુપ્રીમ કોર્ટના આદેશોની ટીકા કરતી ટિપ્પણીઓ પર નારાજગી વ્યક્ત કરી અને કહ્યું હતું કે તેમણે કોર્ટની અવમાનના કરી છે. જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ સંદીપ મહેતા અને જસ્ટિસ એન.વી. અંજારિયાની બનેલી બેન્ચે કહ્યું હતું કે ભૂતપૂર્વ પ્રધાને વિચાર્યા વિના બધા વિરુદ્ધ તમામ પ્રકારની ટિપ્પણીઓ કરી હતી.

મેનકા ગાંધી તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ રાજુ રામચંદ્રનને સવાલ કરતા ખંડપીઠે કહ્યું હતું કે તમે કહ્યું હતું કે કોર્ટે તેની ટિપ્પણીઓમાં સાવચેત રહેવું જોઈએ, પરંતુ શું તમે તમારા ક્લાયન્ટને પૂછ્યું છે કે તેમણે કેવા પ્રકારની ટિપ્પણીઓ કરી છે? શું તમે તેમનો પોડકાસ્ટ સાંભળ્યો છે? તેમણે વિચાર્યા વિના બધા વિરુદ્ધ તમામ પ્રકારની ટિપ્પણીઓ કરી છે. શું તમે તેમની બોડી લેંગ્વેજ જોઈ છે?

બેન્ચે કહ્યું હતું કે કોર્ટની ઉદારતાને કારણે તે ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સામે અવમાનનાની કાર્યવાહી શરૂ કરી રહી નથી. જસ્ટિસ મહેતાએ રામચંદ્રનને પૂછ્યું કે ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન તરીકે મેનકા ગાંધીએ કયા બજેટ ફાળવણીથી રખડતા કૂતરાની સમસ્યાનો ઉકેલ લાવવામાં મદદ મળી છે.

રામચંદ્રને જવાબ આપ્યો કે તેમણે આતંકવાદી અજમલ કસાબ તરફથી હાજર રહી ચૂક્યા છે અને બજેટ ફાળવણી એ નીતિગત બાબત છે. જસ્ટિસ વિક્રમ નાથે ટિપ્પણી કરી, અજમલ કસાબે કોર્ટનો તિરસ્કાર કર્યો નથી પરંતુ તમારા ક્લાયન્ટે કર્યો છે. બેન્ચે નોંધ્યું હતું કે કૂતરાઓને અન્ન

(જુઓ પાનું ૨) ▶▶

# તમિળનાડુના રાજ્યપાલનું જ વિધાનસભામાંથી વૉકઆઉટ

ચેન્નઈઃ રાષ્ટ્રગીતનું અપમાન થયું હોવાનો કથિત આક્ષેપ કર્યા બાદ તમિળનાડુના રાજ્યપાલ આર. એન. રવી મંગળવારે રિવાજ પ્રમાણે સંબોધન કર્યા વિના જ રાજ્ય વિધાનસભામાંથી ચોથી વાર વૉકઆઉટ કરી ગયા હતા.

મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટાલિને આ અંગે તીખી પ્રતિક્રિયા આપી હતી અને ગવર્નરના આ વર્તનને ગૃહ અને રાજ્યના લોકોનું અપમાન લેખાવ્યું હતું. ડીએમકેના પ્રમુખ સ્ટાલિને કહ્યું હતું કે અમારો પક્ષ સમાન વિચાર ધરાવતા લોકો સાથે મળીને બંધારણમાં સુધારો કરી વિધાનસભામાં ગવર્નરના સંબોધનને ફરજિયાત બનાવતી જોગવાઈને નાબૂદ કરીશું.

આવનારા ચાર મહિનામાં તમિળનાડુમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. (એજન્સી) ■

# ટ્રમ્પના ટૅરિફ ટેરરને જવાબ

## ભારત-ઇયુ વચ્ચે મોટો વેપાર કરાર થવાની તૈયારીમાં

નવી દિલ્હીઃ યુરોપિયન યુનિયનનાં પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને મંગળવારે જણાવ્યું હતું કે ભારત અને યુરોપિયન યુનિયન એક ઐતિહાસિક વેપાર કરાર કરવાની તૈયારીમાં છે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના ટૅરિફ ટેરર સામે ઇયુ અને ભારત વચ્ચેનો સોદો કારગત નિવડશે.

યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ, એન્ટોનિયો કોસ્ટા અને વોન ડેર લેયેન પચીસથી ૨૭ જાન્યુઆરી સુધી ભારતમાં રહેશે અને પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાનો તરીકે હાજરી આપશે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે શિખર વાટાઘાટો કરશે.

બંને પક્ષ ૨૭ જાન્યુઆરીએ ભારત-યુરોપિયન યુનિયન સમિટમાં બહુપ્રતિક્ષિત મુક્ત વેપાર કરાર પર વાટાઘાટોના સમાપનની જાહેરાત કરવા માટે તૈયાર છે.

દાવોસમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમના (જુઓ પાનું ૨) ▶▶

# કૉર ઈન્ફ્રા ક્ષેત્રમાં ચાર મહિનાનો સૌથી ઊંચો વૃદ્ધિદર નોંધાયો

નવી દિલ્હીઃ મંગળવારે જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, ખાતર અને સિમેન્ટના ઉત્પાદનમાં થયેલા વધારાને કારણે ભારતના આઠ મુખ્ય માળખાગત કે કૉર ઇન્ફ્રા ક્ષેત્રોએ ગયા વર્ષે ડિસેમ્બરમાં ૩.૭ ટકાનો ચાર મહિનાનો સૌથી ઊંચો વૃદ્ધિદર નોંધાવ્યો હતો.

જોકે, ડેટા દર્શાવે છે કે આ આઠ ક્ષેત્રનું પ્રદર્શન વાર્ષિક ધોરણે ધીમું પડ્યું હતું. ડિસેમ્બર ૨૦૨૪માં, આ ક્ષેત્રોના ઉત્પાદનમાં ૫.૧ ટકાનો વધારો થયો હતો. ગયા વર્ષે નવેમ્બરમાં તે ૨.૧ ટકા હતો.

સમીક્ષા હેઠળના મહિના દરમિયાન ક્રૂડ ઓઇલ, કુદરતી ગેસ અને રિફાઇનરી ઉત્પાદનોના ઉત્પાદનમાં નકારાત્મક વૃદ્ધિ નોંધાઈ છે. ખાતર અને સિમેન્ટના ઉત્પાદનમાં અનુક્રમે ૪.૧ ટકા અને ૧૩.૫ ટકાનો વધારો થયો છે. ડિસેમ્બર ૨૦૨૫માં કોલસો, સ્ટીલ અને વીજળીના ઉત્પાદનમાં વૃદ્ધિ દર ૩.૬ ટકા, ૬.૯ ટકા અને ૫.૩ ટકા રહ્યો.

જોકે, વીજળી ઉત્પાદનમાં ક્રમિક ઉછાળો નોંધાયો, કારણ કે નવેમ્બરમાં તેમાં દોઢ ટકાનો ઘટાડો થયો હતો.

આ નાણાકીય વર્ષના એપ્રિલ-ડિસેમ્બર સમયગાળા દરમિયાન, આ ક્ષેત્રોના ઉત્પાદનમાં

(જુઓ પાનું ૨) ▶▶

# નોએડામાં એન્જિનિયરના મોતને મામલે ડેવલપરની ધરપકડ કરાઈ

નોએડાઃ શનિવારે વહેલી સવારે ગ્રેટર નોએડાના સેક્ટર-૧૫૦માં એક કાર પાણી ભરેલા એક ખાલી પ્લોટમાં ખાબકી હતી, જેમાં ૨૭ વર્ષીય સોફ્ટવેર એન્જિનિયર યુવરાજ મહેતાનું મોત દર્દનાક મોત નીપજ્યું હતું. આ ઘટનાને કારણે તંત્રની બેદરકારી ઉઘાડી પડી છે, આની સામે રાષ્ટ્રીય સ્તરે રોષ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

આ મુદ્દે આ પ્લોટના ડેવલપર એમઝેડ વિઝટાઉનના ડિરેક્ટર અભય કુમાની ધરપકડ થઈ છે અને સ્પેશ્યલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી-સિટ)એ તપાસ શરૂ કરી છે અને પાંચેક દિવસમાં તપાસ અહેવાલ આવી જશે એવી શક્યતા છે.

યુવરાજ ગુરુગ્રામમાં આવેલી તેની ઓફિસથી ઘરે પરત ફરી રહ્યો હતો, આ દરમિયાન ગાઢ ધુમ્મસ છવાયેલું હતું. કોઈ કારણોસર તેણે કાર પરથી કાબૂ ગુમાવ્યો અને કાર ૯૦ ડિગ્રીના વળાંક સામે આવેલી દીવાલ તોડીને પાણી ભરેલા ખાડામાં ખાબકી.

યુવરાજ કેમ કરીને તેની આંશિક રીતે ડૂબેલી કારની છત પર ચઢી ગયો, મદદ માટે તેણે પિતાને ફોન કર્યો. યુવરાજ લગભગ ૯૦ મિનિટ સુધી તેને ખાડામાંથી બહાર કાઢવા માટે અપીલ કરતો રહ્યો, તેને રેસ્ક્યુ કરવામાં આવે એ પહેલા તેનું મોત નીપજ્યું.

બેદરકારી બદલ બે રિયલ એસ્ટેટ ડેવલપર્સ સામે એફઆઈઆર પણ નોંધવામાં આવ્યો છે. આ દરમિયાન એક પત્ર અંગે પણ જાણ થઇ છે, જેને કારણે તંત્રની બેદરકારી જાહેર થઇ છે.

ત્રણ વર્ષ પહેલાં ઉત્તર પ્રદેશ સિંચાઈ વિભાગે નોએડા ઓથોરિટીને પત્ર લખીને ખાડામાં પાણી ભરાતું અટકાવવા કાર્યવાહીની જરૂર હોવાની જાણ કરી હતી, પરંતુ એ અંગે કોઈ કાર્યવાહી થઇ નહીં.

અધિકારીઓના જણાવ્યા મુજબ યુવરાજની કાર જ્યાં પડી હતી તે પ્લોટમાં વરસાદન ઉપરાંત નજીકની રહેણાંક સોસાયટીઓની ગટરોમાંથી નીકળતું પાણી પણ ભરાતું હતું.

ખાડામાં પાણી ભરાતું રહ્યું અને શનિવારે યુવારાજે જીવ ગુમાવ્યો, જો પહેલા આ પત્રને આધારે કાર્યવાહી કરવામાં આવી હોત તો આ દુર્ઘટના બની ન હોત.

અકસ્માત સર્જાયો ત્યાં રોડ ૯૦ ડિગ્રીએ વળાંક લે છે. વળાંક સામે દીવાલ પણ નબળી હતી. આ વિસ્તારમાં મજબૂત ક્રેશ બેરિયર્સની જરૂર હતી. રોડ પર સાઈન્સ અને લાઇટિંગની વ્યવસ્થા પણ નથી.

રેસ્ક્યુ માટે લગભગ ૯૦ મિનિટનો સમય હોવા છતાં, રેસ્ક્યુ ટીમો યુવરાજને બચાવી શકી નહીં. પોલીસ, ફાયર સર્વિસ, સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ) અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) ની ટીમો સ્થળ પર પહોંચી, પરંતુ યુવરાજને બચાવી ન શકી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બારમું ભણેલા ભાજપના બારમા પ્રમુખ, નબીનને ભક્તિ ફળી

**અંતે** નીતિન નબીન ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ બની જતાં ભાજપને લગભગ દોઢ વર્ષ પછી પૂર્ણ સમયના રાષ્ટ્રીય પ્રમુખ મળ્યા. જે.પી. નડ્ડા લોકસભાની ચૂંટણી પછી મોદી સરકારમાં મંત્રી બન્યા ત્યારથી કેન્દ્રમાં મંત્રીપદ અને ભાજપનું પ્રમુખપદ એમ બે ઘોડે સવારી કરી રહ્યા હતા. નીતિન નબીન પ્રમુખ બનતાં હવે નડ્ડાનો એક ઘોડો છૂટી ગયો છે. હવે નડ્ડા ફુલ ટાઈમ કેન્દ્રીય મંત્રીપદ ભોગવી શકશે ને પક્ષની જવાબદારી નીતિન નબીન સંભાળશે. મૂળ ઝારખંડના રાંચીમાં જન્મેલા નીતિન નબીન માત્ર ૪૬ વર્ષના છે તેથી ભાજપના ઈતિહાસમાં સૌથી યુવા રાષ્ટ્રીય પ્રમુખ બન્યા છે.

આ પહેલાં અમિત શાહ ૪૯ વર્ષની ઉંમરે ભાજપન રાષ્ટ્રીય પ્રમુખ બનેલા. નબીને તેમનો રેકોર્ડ તોડીને ભાજપના ૧૨મા રાષ્ટ્રીય પ્રમુખ તરીકે ધૂરા સંભાળી છે. યોગાનુયોગ નબીન બારમા સુધી જ ભણેલા છે. જે પક્ષના પ્રમુખપદે અટલ બિહારી વાજપેયી અને ડૉ. મુરલી મનોહર જોશી જેવા વિચારકો બેઠેલા એ પક્ષના પ્રમુખપદે બારમું ધોરણ ભણેલી વ્યક્તિ બેસે એ લોકશાહીની બલિહારી છે.

નીતિન નબીનની રાજકીય કારકિર્દી યશસ્વી છે તેનો સ્વીકાર કરવો પડે. ૪૫ વર્ષની ઉંમરમાં તો નબીન પાંચ વાર ધારાસભ્યપદે ચૂંટાઈ ચૂક્યા છે. ૨૦૦૬મા પહેલી વાર પટણા પશ્ચિમ વિધાનસભા બેઠક પરથી પેટાચૂંટણી જીતીને ધારાસભ્ય બનનારા નીતિન એ પછી બાંકીપુર વિધાનસભા બેઠક પરથી સળંગ ચાર વાર ધારાસભ્યપદે ચૂંટાયા છે. બિહારની નીતિન સરકારમાં મંત્રી રહી ચૂકેલા નબીન ભારતીય જનતા યુવા મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી અને બિહાર પ્રમુખ રહી ચૂક્યા છે. નીતિન કદી ચૂંટણી હાર્યા નથી એ જોતાં તેમનો રેકોર્ડ સારો કહેવાય પણ નબીનની સફળતામાં તેમના પિતાએ રળેલી રાજકીય મૂડીનો મોટો ફાળો છે એ પણ સ્વીકારવું પડે.

નબિનના પિતા નબીન કિશોર પ્રસાદ સિંહા બિહારના દિગ્ગજ કાયસ્થ નેતા હતા. જયપ્રકાશ નારાયણ બિહારની સરકાર સામે છેડેલા ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનમાંથી લાલુ પ્રસાદ યાદવ. નીતિશ કુમાર, શરદ યાદવ સહિતના વિદ્યાર્થી નેતાઓ ઊભા થયા ને બિહારના રાજકારણમાં છવાયા. નબીન કિશોર પણ તેમાંથી એક હતા ને કટોકટી વખતે જેલમાં પણ ગયેલા. લાલુ, નીતિશ વગેરે સમાજવાદનો ડોળ કરીને ઝડપથી આગળ આવી ગયા. જ્ઞાતિનાં સમીકરણો પણ તેમને ફળ્યાં જ્યારે નબીન કિશોરને રાજકીય કારકિર્દી જમાવતાં વાર લાગી. જો કે નબિન કિશોરે જમાવી ત્યારે એવી રાજકીય કારકિર્દી જમાવી કે પછી કોઈ તેમને હલાવી જ ન શક્યું. નબીન કિશોર ૧૯૯૫થી સળંગ ચાર વાર બિહારની પટણા પશ્ચિમ વિધાનસભા બેઠક પરથી ચૂંટાયા હતા.

બિહારમાં અત્યારે ભાજપે રાજકીય મજબૂરીના કારણે નીતિશ કુમારને મુખ્યમંત્રી તરીકે સ્વીકારવા પડ્યા છે, બાકી ભાજપ સૌથી મોટો પક્ષ છે. ૧૯૯૦ના દાયકામાં બિહારમાં લાલુ પ્રસાદ યાદવનું એકહથ્થુ શાસન હતું. એ વખતે ભાજપના ગણ્યાગાંઠ્યા નેતા સળંગ ચૂંટાતા હતા. નબીન કિશોર તેમાંથી એક હતા. તેના પરથી જ તેમનો રાજકીય પ્રભાવ કેવો હશે તેનો અંદાજ લગાવી લેજો. ૨૦૦૬માં નબીન કિશોર ગુજરી ગયા ત્યારે નીતિન નબીનને પટણા પશ્ચિમ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં ભાજપે ટિકિટ આપેલી ને નીતિન સહાનુભૂતિના મોજાં પર સરળતાથી જીતી ગયા હતા.

માત્ર બારમા ધોરણ સુધી ભણેલા નીતિને ત્યાં સુધી રાજકીય રીતે કોઈ ચમાકાર નહોતા બતાવ્યા કે બીજી કોઈ ઊડીને આંખે વળગે એવી લાયકાત નહોતી પણ પિતાની રાજકીય મૂડીના જોરે એ ધારાસભ્ય બની ગયેલા. નીતિન નબીન એ રીતે વંશવાદી રાજકારણની પેદાશ છે. ભાજપ પોતે કરે એ લીલા ને બીજાં કરે એ છિનાળું એ માનસિકતામાં માને છે તેથી નબીનને વંશવાદી રાજકારણની પેદાશ નહીં ગણે એ અલગ વાત છે.

નબીન કિશોરને મોદીભક્તિ પણ ફળી છે. નબીન ૨૦૦૬થી ધારાસભ્ય હતા પણ કોઈ ભાવ નહોતું પૂછતું. ૨૦૧૭ના માર્ચમાં નબીને કૉંગ્રેસના ધારાસભ્ય અબ્દુલ જલીલ મસ્તાન સામે રાજદ્રોહનો કેસ કર્યો ને મોદીની નજરમાં વસી ગયા. મોદીએ ૨૦૧૬ના નવેમ્બરમાં નોટબંધી દાખલ કરી ત્યારે કરવા ગયા કંસાર ને થઈ ગઈ થૂલી જેવો ઘાટ થઈ ગયેલો. આખા દેશમાં અંધાધૂંધી ને અરાજકતાનો માહોલ હતો ત્યારે મસ્તાને નોટબંધી વિરોધી રેલીમાં લવારો કરેલો કે, મોદીની તસવીર પર જૂતાં મારવાં જોઈએ.

બિહારમાં એ વખતે નીતિશ કુમાર લાલુ પ્રસાદ યાદવના ખોળામાં બેઠા હતા. કૉંગ્રેસ અને આરજેડીનું જોડાણ હતું તેથી મસ્તાન મંત્રી બનેલા. છ વાર ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા મસ્તાન બિહારના રાજકારણના દિગ્ગજ મુસ્લિમ નેતા ગણાતા હતા. નબીને મસ્તાનના નિવેદનને કોમી સદભાવના બગાડનારું ગણાવીને કેસ કર્યો તેમાં લાઈમલાઈટમાં આવી ગયા. તાત્કાલિક તેમને બિહાર ભાજપ યુવા મોરચાના પ્રમુખ બનાવી દેવાયા ને પછી રાષ્ટ્રીય સ્તરે લઈ જવાયા. નીતિશ લાલુને છોડીને ફરી ભાજપ સાથે નાતરું કર્યું ત્યારે નબીનને મંત્રીપદ પણ અપાયેલું. ડિસેમ્બરમાં ભાજપના કાર્યકારી પ્રમુખ બનાવાયા ત્યાં લગી નબીન નીતિશ કુમાર સરકારમાં મંત્રી હતા. બિહારમાં કાયસ્થો મુઠ્ઠીભર છે અને મતબેંકની રીતે બહુ મહત્ત્વના નથી છતાં નબીન મોટા નેતા બની ગયા એ મોદીભક્તિનો પ્રતાપ છે.

નબીન પ્રમુખ બન્યા પછી થયેલી ભાષણબાજીમાં નબીન ભાજપના બોસ છે અને બીજા બધા તેમના હાથ નીચે કામ કરતા કાર્યકરો છે એવી વાતો થઈ. ભાજપમાં હવે એકદમ યુવા રાષ્ટ્રીય પ્રમુખ બન્યા છે તેથી નવો યુગ શરૂ થયો છે એવા દાવા પણ કરાય છે. મોદીએ પણ નબીન પોતાના બોસ હોવાનું કહ્યું પણ આ બધી કોરી વાતો છે. વાસ્તવમાં નડ્ડા ગયા ને નબીન આવ્યા તેનાથી ભાજપમાં કોઈ ફર્ક પડવાનો નથી.

ભાજપ જાહેરમાં લોકશાહી રીતે કામ કરતી પાર્ટી હોવાના દાવા થાય છે પણ વાસ્તવમાં ભાજપમાં પ્રમુખ સહિતના હોદ્દા શોભાના ગાંઠિયા જેવા છે કેમ કે અસલી શો તો નરેન્દ્ર મોદી અને અમિત શાહ ચલાવે છે. સંગઠનમાં બેઠેલા લોકોએ તો મોડિફાઈડ કારકુન બનીને તેમનો પડ્યા બોલ ઝીલવાના હોય છે. ભારત લોકશાહી દેશ છે અને રાજકીય પક્ષોએ લોકશાહીને અનુસરતા હોવાનું સાબિત કરવા માટે સંગઠનની ચૂંટણીઓ કરવા સહિતનાં નાટકો કરવાં પડે છે પણ ભાજપ કૉંગ્રેસ કે બીજા પક્ષોથી અલગ નથી. કૉંગ્રેસ સહિતના પક્ષોમાં વંશવાદની બોલબાલા છે તો ભાજપમાં ચાપલૂસીની બોલબાલા છે. આ સંજોગોમાં નબીન ગમે તેટલા સક્ષમ નેતા હોય તો પણ તેમની પાસે કરવા જેવું કશું છે જ નહીં. ખાલી સાહેબોની અમીનજર રહે એટલે બસ છે. આ રીતે નડ્ડાએ ચાર વરસ ખેંચી કાઢ્યાં ને નબીન તો આ કામમાં તેમના કરતાં વધારે માહિર છે તેથી બે ટર્મ પણ ખેંચી કાઢે તો નવાઈ નહીં.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ,
બુધવાર, તા. ૨૧-૧-૨૦૨૬, ભારતીય માઘ માસારંભ

- ભારતીય દિનાંક ૧, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ સુદ-૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ સુદ-૩
- પારસી શહેનશાહી રોજ ૧૦મો આવા, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૦મો આવા, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧લો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૩જો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર ઘનિષ્ઠા બપોરે ક. ૧૩-૫૭ સુધી, પછી શતભિષા
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૮, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ • ઙ
- ભરતીઃ બપોરે ક. ૧૩-૨૬, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૦૦ (તા. ૨૨)
- ઓટઃ સવારે ક. ૦૭-૪૦, રાત્રે ક. ૧૯-૨૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, માઘ શુક્લ - તૃતીયા. ભારતીય માઘ માસારંભ, મુસ્લિમ ૮મો શાબાન માસારંભ, પંચક.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ વ્યતિપાત જન્મયોગ શાંતિ પૂજા, મંગળ-બુધ ગ્રહદેવતાનું પૂજન, વસુદેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, ધાન્ય વેચવું, બી વાવવું, પશુ લે-વેંચ.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ મગજ પર બોજો આવી પડે, સૂર્ય-બુધ યુતિ મક્કમ સ્વભાવના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ, સૂર્ય-બુધ યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર માર્ગી બુધ-મકર (બુધ અસ્ત), વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મકર (શુક્ર અસ્ત), માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## કરપ્ટ સરકારી કર્મચારીની તપાસ રાજ્યની પોલીસ કરી શકેઃ પોલીસ

નવી દિલ્હીઃ પ્રિવેન્શન ઑફ કરપ્શન ઍક્ટ (પીસી ઍક્ટ) હેઠળના લાંચ અને ભ્રષ્ટાચારના ગુનાની વાત આવે ત્યારે રાજ્યની પોલીસ સરકારી કર્મચારી વિરુદ્ધ તપાસ યોજી શકે અને ચાર્જશીટ પણ દાખલ કરી શકે છે, એમ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું.

કોર્ટે એ સ્પષ્ટતા કરી હતી કે કેન્દ્ર સરકારના કર્મચારી વિરુદ્ધ ગુનો દાખલ કરતાં પહેલા રાજ્ય પોલીસે સીબીઆઈની આગોતરી પરવાનગી લેવી જરૂરી નથી. ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને સતિશચંદ્ર શર્માની બનેલી ખંડપીઠે સોમવારે કહ્યું હતું કે કાયદાની કલમ ૧૭ મુજબ પીસી ઍક્ટ અંતર્ગત નોંધાયેલા ગુનાની તપાસ રાજ્ય તેમ જ કેન્દ્રીય એજન્સી અને રાજ્યની પોલીસ પણ કરી શકે છે. જોકે આ માટે પોલીસ અધિકારી ચોક્કસ રૅન્કનો હોવો જોઈએ.

કલમ ૧૭ રાજ્યની પોલીસ કે સ્પેશ્યલ એજન્સીને સરકારી કર્મચારી વિરુદ્ધના લાંચ કે ભ્રષ્ટાચારના કેસને મામલે તપાસ કરવામાંથી બાકાત નથી રાખતી પરંતુ કામનું ડુપ્લિકેશન ન થાય તે માટે આ તપાસ સીબીઆઈ જેવી કેન્દ્રીય એજન્સીને સોંપવામાં આવે છે, એમ ખંડપીઠે કહ્યું હતું.

સરકારી કર્મચારી વિરુદ્ધના ભ્રષ્ટાચારના કેસને રદ ન કરવાના રાજસ્થાન હાઈ કોર્ટના ચુકાદાને માન્ય રાખી સુપ્રીમ કોર્ટે ઉપરોક્ત ચુકાદો આપ્યો હતો. (એજન્સી)

## ગ્રીનલેન્ડ મામલે અમે કોઈ હસ્તક્ષેપ નહીં કરીએઃ રશિયા

મોસ્કોઃ ગ્રીનલેન્ડ કોઈ પણ હિસાબે પોતાનું કરી લેવાના ધમપછાડા કરી રહેલા અમેરિકા માટે રશિયામાંથી રાહત થાય એવા સમાચાર આવ્યા છે. રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવએ કહ્યું છે કે રશિયા ગ્રીનલેન્ડ આસપાસ જટિલ ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. રશિયા ગ્રીનલેન્ડ મુદ્દે કોઈ પણ જાતના હસ્તક્ષેપ કરવાનો ઈરાદો ધરાવતું નથી.

આ દરમ્યાન તેમણે એ પણ કહ્યું કે ગ્રીનલેન્ડ, ડેન્માર્કનો હિસ્સો નથી.

મહત્વનું છે કે ગ્રીનલેન્ડએ ડેન્માર્કનું સ્વાયત્ત ક્ષેત્ર છે, હાલ ટ્રમ્પ દ્વારા અપાયેલા નિવેદનો બાદ માહોલ તણાવપૂર્ણ બન્યો છે.

બીજી તરફ, નાટો દેશ પણ ગ્રીનલેન્ડની પડખે ઊભા છે. તેવા સ્થિતિ આવનાર સમયમાં વધુ વિકટ બને તેવો અંદેશો છે. રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવએ ગ્રીનલેન્ડ મુદ્દે ખૂલીને વાત કરી હતી, તેમણે જણાવ્યું હતું કે નાટો ગઠબંધને અંદરો અંદર ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેવો જોઈએ.

ટ્રમ્પના દાવાઓ વચ્ચે રશિયાના વિદેશ મંત્રીએ એવી પણ સ્પષ્ટતા કરી કે અમેરિકા પણ જાણે છે કે રશિયાનો ગ્રીનલેન્ડ પર કબજો કરવાની કોઈ પણ યોજના નથી, અમે ફક્ત ગ્રીનલેન્ડ આસપાસ જટિલ ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ, રશિયા અને ચીન દ્વારા ગ્રીનલેન્ડ પર કબજો કરવાની યોજનાઓની કોઈ પુષ્ટિ નથી

તેમણે વધુમાં કહ્યું કે, ડેન્માર્કના પૂર્વ વસાહતી વિસ્તારોમાં સમસ્યા હવે વધુ ગંભીર બની ગઈ છે. ગ્રીનલેન્ડ ડેનમાર્કનો પ્રાકૃતિક હિસ્સો નથી.

## ટ્રમ્પના ગાઝા માટેના પીસ બોર્ડમાં સામેલ થવા ચીનને આમંત્રણ

બેઇજિંગ : ચીને મંગળવારે કહ્યું હતું કે તેને પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના ગાઝા માટેના પીસબોર્ડમાં સામેલ થવા માટે અમેરિકા તરફથી આમંત્રણ મળ્યું છે પરંતુ તેણે એ જણાવવાનો ઈનકાર કર્યો હતો કે તે આ બોર્ડમાં સામેલ થશે કે નહીં. જ્યારે વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુનને ગાઝા શાંતિ બોર્ડ બનાવવા પર ચીનની સ્થિતિ અને શું ચીનને તેમાં સામેલ થવા અંગે આમંત્રણ મળ્યું છે તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે ચીનને અમેરિકાનું આમંત્રણ મળ્યું છે. તેમણે એ કહેવાનો ઇનકાર કર્યો કે આ આમંત્રણ કોને આપવામાં આવ્યું હતું અને શું ચીન બોર્ડમાં સામેલ થશે જેને ટ્રમ્પે વૈશ્વિક સંઘર્ષને ઉકેલવા માટે એક નવો સાહસિક અભિગમ ગણાવ્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, પાકિસ્તાની વડાપ્રધાન શાહબાઝ શરીફ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને પણ શાંતિ બોર્ડમાં સામેલ થવા માટે આમંત્રણ મળ્યું છે. અન્ય ઘણા દેશોને પણ આવી જ ઑફર મળી છે. અમેરિકાના પ્રમુખે ગાઝા પટ્ટીમાં ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ કરારના બીજા તબક્કાના ભાગ રૂપે બોર્ડ બનાવ્યું છે. ઓક્ટોબરમાં ઇઝરાયલ અને આતંકવાદી જૂથ હમાસ ટ્રમ્પની શાંતિ યોજના સાથે સહમત થયા હતા. અમેરિકા આ બોર્ડને ગાઝા અને તેની બહાર શાંતિ અને સ્થિરતા લાવવા માટે એક નવી આંતરરાષ્ટ્રીય સંસ્થા તરીકે રજૂ કરવામાં આવી રહી છે, જેના કારણે એવી અટકળો શરૂ થઈ રહી છે કે તે અન્ય વૈશ્વિક સંઘર્ષોનો પણ જવાબ આપી શકે છે. ટ્રમ્પના એક વર્ષના રાષ્ટ્રપતિ પદ અંગે ચીનના મંતવ્ય વિશે પૂછવામાં આવતા ગુઓએ કહ્યું કે ગયા વર્ષે ચીન-અમેરિકા સંબંધોમાં ઉતાર-ચઢાવ હોવા છતાં એકંદર અને ગતિશીલ સ્થિરતાનો અનુભવ થયો છે.

## ગાઝાને નામે રચાયેલા બોર્ડમાં અરુણાચલ અને કાશ્મીરના મુદ્દા ઉખેળાયા તો?: ભારતની અવઢવ

નવી દિલ્હીઃ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના ગાઝાના પ્રસ્તાવિત બોર્ડ ઓફ પીસમાં સામેલ થવા પર ભારતે હજુ સુધી કોઈ નિર્ણય લીધો નથી. સરકારમાં હાલ રાજકીય, કૂટનીતિક અને વ્યૂહાત્મક બાબતો પર ચર્ચા ચાલી રહી છે. સૂત્રો અનુસાર આ પ્રસ્તાવ અનેક સંવેદનશીલ મુદ્દા સાથે જોડાયેલો છે. તેથી અંતિમ નિર્ણય પર પહોંચતા પહેલા સાવધાની રાખવામાં આવી રહી છે. ખાસ કરીને કાશ્મીર અને અરુણાચલ પ્રદેશ જેવા કાંટાળા મુદ્દાઓને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉછાળવા માટે જતે દિવસે ટ્રમ્પ આ બોર્ડનો ઉપયોગ થવા દે એવી શક્યતાને ધ્યાનમાં રાખીને ભારત બહુ જ સાવધ છે.

ભારતીય અધિકારીઓએ સ્વીકાર્યું કે, ભારતને આ વૈશ્વિક પહેલમાં સામેલ થવાનું ઔપચારિક આમંત્રણ મળ્યું છે. જોકે આમંત્રણ મળવું અને તેમાં સામેલ થવું બંને અલગ વાત છે. ભારતની વિદેશ નીતિ લાંબા સમયથી અલિપ્તતા અને વ્યૂહાત્મક સ્વાયત્તતા પર આધારિત છે. જેને ધ્યાનમાં રાખીને આ પ્રસ્તાવની સમીક્ષા કરવામાં આવી રહી છે.

## ટ્રેન ઉપડવાના આઠ કલાક પહેલા ટિકિટ કેન્સલ કરાવો તો ઝીરો રિફન્ડ

નવી દિલ્હીઃ ભારતીય રેલવે તેની પ્રીમિયમ સેવાઓ વંદે ભારત સ્લીપર અને અમૃત ભારત બે ટ્રેનો માટે ટિકિટ કેન્સલેશન અને રિફંડના નિયમોમાં ફેરફાર કર્યો છે. મંત્રાલય તરફથી જારી કરવામાં આવેલા રેલવે પેસેન્જર્સ સંશોધન નિયમ ૨૦૨૬ હેઠળ હવે મુસાફરોએ રિફન્ડ મેળવવા માટે વધારે સચેત રહેવું પડશે. જો ટિકિટ કેન્સલ કરાવતા સમયે સાવચેત ન રહ્યા તો નુકસાની ભોગવવી પડશે.

વંદે ભારત સ્લીપર એક્સપ્રેસના રિફંડના નવા નિયમોની વાત કરવામાં આવે તો જો તમે ટ્રેન ઉપડવાના ૭૨ કલાકથી વધુ સમય પહેલા ટિકિટ કેન્સલ કરો છો, તો પચીસ ટકા ભાડું કાપીને બાકીની રકમ પરત મળશે. ટ્રેન ઉપડવાના ૭૨ કલાકથી આઠ કલાકની વચ્ચે ટિકિટ રદ કરવા પર પચાસ ટકા ભાડું કાપવામાં આવશે. પરંતુ જો ટ્રેન ઉપડવામાં આઠ કલાકથી ઓછો સમય બાકી હોય અને તમે ટિકિટ કેન્સલ કરો છો, તો કોઈ રિફન્ડ આપવામાં આવશે નહીં.અમૃત ભારત-ટૂ એક્સપ્રેસની આરક્ષિત ટિકિટો પર પણ એ જ નિયમો લાગુ થશે જે વંદે ભારત સ્લીપર માટે નક્કી કરવામાં આવ્યા છે. વંદે ભારત સ્લીપર અને અમૃત ભારત-ટૂ માટે ટિકિટ કેન્સલેશનની મર્યાદા ૭૨ કલાક નક્કી કરવામાં આવી છે, જ્યારે અન્ય સામાન્ય ટ્રેનો માટે આ મર્યાદા હજુ પણ ૪૮ કલાક જ છે. જો મુસાફર ટ્રેન ઉપડવાના આઠ કલાક પહેલા સુધી ટિકિટ કેન્સલ ન કરે અથવા ઓનલાઈન ટીડીઆર ફાઈલ ન કરે, તો તે રિફન્ડ માટે હકદાર ગણાશે નહીં.

## પહેલા પાનાનું ચાલુ

### શૅરબજારમાં

સાથે રૂ. ૧,૪૭,૪૦૯ રૂપિયાની સપાટીએ બંધ રહ્યા હતા.

બજારના સાધનો અનુસાર મિશ્ર કોર્પોરેટ કમાણી, વિદેશી ભંડોળની સતત વેચવાલી અને વૈશ્વિક વેપાર બાબતની અનિશ્ચતતા વચ્ચે સેન્ટિમેન્ટ કથળી ગયું હોવાથી શેરબજારમાં સતત બીજા સત્રમાં પીછેહઠ જોવા મળી હતી. આ જા કારણો સોનાચાંદીના ભાવમાં ઉછાળો લાવી રહ્યા છે.

### ગ્રીનલૅન્ડ

ક્યારેય ગ્રીનલૅન્ડ જતા જ નથી એમ જણાવતાં ટ્રમ્પે કહ્યું હતું કે મને નથી લાગતું કે તેઓ વધુ વિરોધ કરી શકશે.

ગ્રીનલૅન્ડ પર અંકુશ મેળવવાની મારી મહત્ત્વાકાંક્ષા અંગે દાઓસમાં ઈકોનોમિક ફોરમ દરમિયાન અનેક દેશ સાથે ચર્ચા કરીશું એમ જણાવતાં ટ્રમ્પે કહ્યું હતું કે 'નાટો'ના મહામંત્રી માર્ક રુટ સાથે આ અંગે ફોન પર મારી વિગતવાર અને સારી ચર્ચા થઈ હતી.

દરમિયાન યુરોપિયન યુનિયનના વડા ઉર્સૂલા વૉન ડૅર લૅયને ગ્રીનલૅન્ડ મામલે યુરોપના સાથીદેશો પર શિક્ષાત્મક ટૅરિફ ન લાદવા ચેતવણી આપી છે.

ગ્રીનલૅન્ડ મુદ્દે સાથીદેશો પર ટૅરિફ લાદવાનું અમેરિકાનું પગલું ભૂલ હશે એમ જણાવી તેમણે ચેતવણી આપી હતી કે આને કારણે અમેરિકાના સાથીદેશો સાથેના લાંબા સમયના સંબંધ સામે ગંભીર જોખમ ઊભું થઈ શકે છે.

અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ગ્રીનલૅન્ડ પર સંપૂર્ણ કબજાની જીદે માત્ર ડૅન્માર્કની સંપ્રભુતાને જ જોખમમાં નથી મુકી, પરંતુ સૈન્ય ગઠબંધન 'નાટો'ના અસ્તિત્વ સામે પણ સવાલ ઊભા કરી દીધા છે. (એજન્સી)

### ટ્રમ્પ ઈન્ટરનેશનલ

યોજનાનો વિરોધ કરતા દેશોને ધમકાવી રહ્યા છે.

ઉચ્ચ તણાવથી ચિહ્નિત સત્રમાં સરકારને સંબોધતા, એડ ડેવીએ વર્તમાન વૈશ્વિક રાજદ્વારી વાતાવરણને અવિશ્વસનીય ગંભીર ક્ષણ તરીકે વર્ણવ્યું હતું.

તેમણે ટ્રમ્પ પર બિનઉશ્કેરણીજનક આક્રમકતાનો આરોપ મૂક્યો હતો અને ચેતવણી આપી હતી કે બંને રાષ્ટ્ર વચ્ચેનો ઐતિહાસિક ખાસ સંબંધ, જેને ટ્રમ્પે અગાઉ વિન્ડસર કેસલ ખાતે વધાવ્યો હતો, તે હવે લગભગ બરબાદ થઈ ગયો છે.

ડેવીએ શબ્દો ન ચોરતા ટ્રમ્પનું ચિત્રણ કરતા જણાવ્યું હતું કે ટ્રમ્પ એક આંતરરાષ્ટ્રીય ગુંડાની જેમ વર્તી રહ્યા છે.

ડેવીએ કહ્યું કે, તેઓ એક સાથીના સાર્વભૌમત્વને કચડી નાખવાની ધમકી આપી રહ્યા છે અને નાટોના સંપૂર્ણ અંતની ધમકી આપી રહ્યા છે.

### રાજકારણમાં

નામની જાહેરાત બાદ ભાજપ મુખ્યાલય ખાતે એક કાર્યક્રમને સંબોધતા નબીને પાર્ટીના નેતાઓ અને કાર્યકરોને પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યોમાં આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપની સફળતા સુનિશ્ચિત કરવા માટે તમામ સંભવ પ્રયાસો કરવા કહ્યું હતું જેથી સનાતન પરંપરાઓ અને શ્રદ્ધા અને દેશને વસ્તી વિષયક ફેરફારોથી બચાવી શકાય. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના યુવાનોને જાહેર જીવનમાં પ્રવેશવા હાકલ કરી હતી. હું દેશના યુવાનોને કહેવા માગુ છું કે રાજકારણથી અંતર રાખવું એ ઉકેલ નથી પરંતુ સક્રિય યોગદાન આપવું તે ઉકેલ છે.

### કૉર ઈન્ફ્રા ક્ષેત્રમાં

૨.૬ ટકાનો વધારો થયો છે જે પાછલા નાણાકીય વર્ષના સમાન સમયગાળા દરમિયાન ૪.૫ ટકા હતો.

આઠ મુખ્ય ઉદ્યોગ ઇન્ડેક્સ ઓફ ઇન્ડસ્ટ્રીઅલ પ્રોડક્શન (આઈઆઈપી) માં સમાવિષ્ટ વસ્તુઓના વજનના ૪૦.૨૭ ટકાનો સમાવેશ કરે છે.

### તમે શંકરાચાર્ય

ચુકાદાને ટાંકીને પ્રશ્ન કર્યો છે કે સુપ્રીમ કોર્ટનો રોક હોવા છતાં તેમણે પોતાના નામની આગળ શંકરાચાર્ય કઇ રીતે લગાડ્યું છે?

મેળા ઓથોરિટીએ સુપ્રીમ કોર્ટના આદેશના વિચારાધીન સિવિલ અપીલનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે આ સંદર્ભે હજુ સુધી કોઈ જ આદેશ આપવામાં આવ્યો નથી, આ સ્થિતિમાં કોઈ પણ ધર્માચાર્ય જ્યોતિષપીઠના શંકરાચાર્યના રૂપમાં પટ્ટાભિષેક થઈ શકે નહિ. જો કે તેમ છતાં સ્વામી અવિમુક્તેશ્વરાનંદે મેળાના ક્ષેત્રમાં લગાવવામાં આવેલા શિબિરના બોર્ડમાં તેમના નામની આગળ શંકરાચાર્ય લખવામાં આવ્યું હતું. આ મુદ્દે મેળા ઓથોરીટીએ ૨૪ કલાકમાં આ વિશે જવાબ માગ્યો છે. મઘ મેળા દરમિયાન જ્યારે શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ પોતાના મોટી સંખ્યામાં અનુયાયીઓ સાથે સંગમ સ્નાન માટે જઈ રહ્યા હતા, ત્યારે પોલીસે તેમને અધવચ્ચે જ અટકાવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, શંકરાચાર્ય પરવાનગી વગર ૨૦૦-૨૫૦ લોકોના ટોળા સાથે બેરિકેડ તોડીને આગળ વધી રહ્યા હતા, જેનાથી સુરક્ષા જોખમાઈ શકે તેમ હતી. આ રોકટોકને કારણે અફરાતફરી મચી ગઈ હતી અને નારાજ થઈને શંકરાચાર્ય સ્નાન કર્યા વગર જ પરત ફર્યા હતા.

### નીતિન નબીન

મેળવેલી સિદ્ધિઓનું વર્ણન કર્યું હતું જેને તેમણે પક્ષપ્રમુખને અત્યાર સુધીની કામગીરીનું વૃત્તાંત આપ્યું હોવાનું લેખાવ્યું હતું.

રાજનાથસિંહ, નીતિન ગડકરી, અમિત શાહ, જે. પી. નડ્ડા, અન્ય કેન્દ્રીય પ્રધાનો અને ભાજપશાસિત રાજ્યના મુખ્ય પ્રધાનો તેમ જ પક્ષના કાર્યકર્તાઓના મેળવડાને સંબોધન કરતા મોદીએ કહ્યું હતું કે નબીનનો પ્રત્યેક શબ્દ અમને નવી દિશા આપશે. તેમનું માર્ગદર્શન અમૂલ્ય હશે અને તે અમારાં ભાવિ પગલાંની દિશા નક્કી કરશે.

પક્ષના કાર્યકર્તા તરીકે હું પણ મારા કામનો વૃત્તાંત નવા પ્રમુખને આપીશ અને તેઓ હવે મારો ક્રેડિટ રિપોર્ટ (સીઆર) લખશે. હું તેમના માર્ગદર્શનની રાહ જોઈ રહ્યો છું, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### શ્વાન-પ્રેમી

આપનારાઓને જવાબદાર ઠેરવવા અંગેની તેમની ટિપ્પણી કટાક્ષપૂર્ણ નહોતી પરંતુ ગંભીર હતી, જોકે તે કેસની સુનાવણી દરમિયાન થઈ હતી. ૧૩ જાન્યુઆરીના રોજ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તે રાજ્યોને કૂતરા કરડવાની ઘટનાઓ માટે "મોટી વળતર" ચૂકવવાનો અને આવા કેસ માટે કૂતરાઓને ભોજન આપનારાઓને જવાબદાર ઠેરવવાનો નિર્દેશ આપશે. કોર્ટે છેલ્લા પાંચ વર્ષથી રખડતા પશુઓના નિયમોના અમલીકરણના અભાવ પર પણ ચિંતા વ્યક્ત કરી હતી.

### ભારત-ઈયુ

સંબોધનમાં, વોન ડેર લેયેને કહ્યું કે યુરોપ આજનાં વિકાસ કેન્દ્રો અને આ સદીના આર્થિક પાવરહાઉસ સાથે વેપાર કરવા માગે છે.

હું ભારતની યાત્રા કરીશ. હજુ પણ કામ કરવાનું બાકી છે, પરંતુ આપણે એક ઐતિહાસિક વેપાર કરારની નજીક છીએ. કેટલાક લોકો તેને બધા સોદાઓની માતા કહે છે.

એક એવો કરાર જે બે અબજ લોકોનું બજાર બનાવશે, જે વૈશ્વિક જીડીપીનો લગભગ એક ચતુર્થ હિસ્સો આપશે, એમ તેમણે ટેલિવિઝન સંબોધનમાં કહ્યું.

### ફોટોમાં તો

એક ફોટો શેર કર્યો છે, જેમાં જોવા મળે છે કે ડોનલ્ડ ટ્રમ્પ ગ્રીનલેન્ડની જમીન પર અમેરિકાનો રાષ્ટ્રધ્વજ ફરકાવી રહ્યા છે. ટ્રમ્પની સાથે ઉપ રાષ્ટ્રપતિ જેડી વેન્સ અને વિદેશ પ્રધાન માર્ક રુબિયો પણ જોવા મળે છે. બાજુમાં લાગેલા એક બોર્ડ પર "ગ્રીનલેન્ડ - યુએસ ટેરિટરી - સ્થાપના ૨૦૨૬" લખેલું જોવા મળે છે. ટ્રમ્પે ટ્રુથ સોશ્યલ પર શેર કરેલા અન્ય એક ફોટો અંગે પણ ચર્ચા થઇ રહી છે, જેમાં ટ્રમ્પ ઓવલ ઓફિસમાં અધિકારીઓ સાથે બેઠેલા જોવા મળે છે. સામે લગાવવામાં આવેલા નકશામાંમાં કેનેડા, ગ્રીનલેન્ડ અને વેનેઝુએલાને અમેરિકાનો ભાગ દર્શાવવામાં આવ્યો છે.

# જેન-ઝી વધારે પ્રામાણિક છે, તેને સાંભળો અને પછી સલાહ આપો: મોહન ભાગવત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડો. મોહનજી ભાગવતે આજે રાજકોટમાં સૌરાષ્ટ્ર-કચ્છના અગ્રણી લોકો સાથે વાતચીત યોજી હતી, જેમાં તેમણે આજની જનરેશન સાથે કેમ વર્તવું તે પણ જણાવ્યું હતું. સેવાભારતી ભવન ખાતે આયોજિત આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર-કચ્છમાંથી ગણમાન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ડો. મોહનજીએ કહ્યું હતું કે, દેશહિતનો કોઈને ઈજારો ન આપી શકાય. તે સૌનું કામ છે અને સંઘ આ પ્રકારનાં કાર્યો કરનારા સૌની સાથે છે.

હિન્દુ સમાજને જ સૌથી મોટો ગણાવતા ડો. મોહનજીએ કહ્યું હતું કે, અનેક ઉપેક્ષા, વિરોધ, પ્રતિબંધો છતાં સંઘ આગળ વધ્યો છે અને સ્વીકૃતિ વધી છે, તે હિન્દુ સમાજના આશીર્વાદથી જ થયું છે. જે લોકો દેશહિતમાં કામ કરે છે, તે સંઘ સાથે જોડાયેલા હોય કે ના હોય, તેઓ સંઘના સ્વયંસેવકો જ છે, તેવું સંઘ માને છે. સાહજિક વાર્તાલાપ કરતાં ડો. મોહનજીએ કહ્યું હતું કે, સંઘને જાણવા અને સમજવાનો પ્રયાસ નિરંતર ચાલતો રહે છે. અમે પણ સતત એ પ્રક્રિયામાં છીએ. સંઘની કોઈ સાથે તુલના ન કરી શકાય. અન્ય દેશો આજે સંઘની કાર્યપદ્ધતિનો અભ્યાસ કરી રહ્યા છે. સંઘ દેશહિતમાં કાર્ય કરનારા લોકોને તૈયાર કરવાની, આ પ્રકારનાં કામો કરતા લોકોને સાથે લઈને ચાલતી એક અનોખી કાર્યપદ્ધતિ છે.

તેમણે કહ્યું હતું કે, સંઘના સ્વયંસેવકો સંઘમાં તેમજ સમાજના વિવિધ ક્ષેત્રોમાં કામ કરે છે. સંઘ કોઈને રિમોટથી કંટ્રોલ કરતો નથી, કરવા માગતો નથી. શુદ્ધ સાત્વિક પ્રેમ, આત્મીયતાના આધારે સંઘનું કાર્ય ચાલે છે. સંઘ શાખાના માધ્યમથી સંસ્કાર આપીને સ્વયંસેવકને તૈયાર કરે છે. પછી સ્વયંસેવક પોતાના વિવેક અનુસાર કાર્ય કરે છે. આ લોકો દેશ માટે જીવે અને જરૂર પડ્યે દેશ માટે સમર્પણ આપવા તૈયાર રહે છે. સંઘની આ મેથડોલોજી છે. સંઘ શું નથી તેની ભૂમિકા સ્પષ્ટ કરતા તેમણે કહ્યું કે, સંઘ પ્રતિક્રિયા, વિરોધ કે સ્પર્ધા માટે નથી શરૂ થયો. પણ સ્વતંત્રતા સંગ્રામના કાળમાં એક સમયે દેશહિત માટે ચાલતી તમામ વિચારધારાઓ અને કાર્યોનો સમન્વય સંઘમાં છે.

આ તકે પ્રશ્નોત્તરી પણ યોજાઈ હતી. જેમાં એક પ્રશ્નના ઉત્તરમાં ડો. મોહનજીએ કહ્યું હતું કે, ઝેન-જી કોરી સ્લેટ છે. તે ખૂબ પ્રામાણિક છે. તેમને સાંભળો અને પછી માર્ગદર્શન કરો. ઝેન-જી સાથે દેશહિત માટે વાત કરવાની કળા વિકસાવવી પડશે. સોશિયલ મીડિયાના ઉપયોગના વિવેક અંગે તેમણે કહ્યું હતું કે, તે આપણું માલિક ના બનવું જોઈએ, આપણે સોશિયલ મીડિયાના માલિક બની દેશહિત માટે ઉપયોગ કરીએ.

પાડોશી દેશના તોફાનો અંગે પૂછાયેલા સવાલના જવાબમાં કહ્યું હતું કે, મુસ્લિમો અને હિન્દુઓ સાથે ન રહી શકે તેવા વિચારને ત્યાં ફરી બળ અપાઈ રહ્યું છે. ભારતમાં આ વિચાર ન પ્રસરે તે જરૂરી છે, તે માટે સમાજની જાગૃતિ જરૂરી છે. ■

# રાજસ્થાનના રામદેવરાથી પરત ફરતા ગુજરાતના શ્રદ્ધાળુઓનો અકસ્માત: ચારનાં મોત, ૧૬ ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજસ્થાનના જોધપુર-જેસલમેર નેશનલ હાઈવે પર એક ભંયકર અકસ્માત સર્જાયો હતો. રામદેવના દર્શન કરીને ગુજરાત પરત ફરી રહેલા અરવલ્લી જિલ્લાના શ્રદ્ધાળુઓની લક્ઝરી બસ અને ટ્રક વચ્ચે સર્જાયેલા આ ભયાનક અકસ્માતમાં ૪ લોકોનાં મોત નિપજ્યાં હતાં, જ્યારે ૧૬ જેટલા શ્રદ્ધાળુઓ ઈજાગ્રસ્ત થયા હતા.

આ ઘટના અંગે મળતી વિગતો મુજબ, આ અકસ્માત જોધપુર-જેસલમેર નેશનલ હાઈવે-૧૨૫ પર કેરુ ગામમાં મુલાનાડા રોયલ્ટી નાકા પાસે થયો હતો. ગુજરાત પાસિંગની ની 'એકતા ટ્રાવેલ્સ'ની લક્ઝરી બસ અને ટ્રક વચ્ચે થયેલી ટક્કર એટલી જોરદાર હતી કે બસનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

આ ઘટના સાંજે ૪:૩૦ કલાકની આસપાસ શાસ્ત્રી નગર પોલીસ સ્ટેશનની હદમાં અરના ધોધ પાસે બની હતી.

અકસ્માતનો ભોગ બનેલા તમામ લોકો ગુજરાતના અરવલ્લી જિલ્લાના મોડાસા અને ધનસુરા તાલુકાના હોવાની પ્રાથમિક માહિતી મળી હતી. આ તમામ શ્રદ્ધાળુઓ રામદેવરા (જેસલમેર) ખાતે દર્શન કરી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે માર્ગમાં જ કાળ ભેટી ગયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, બસમાં કુલ ૨૦ લોકો સવાર હતા.

અકસ્માતની જાણ થતા જ સ્થાનિક લોકો અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ૧૬ ઇજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે જોધપુરની મથુરાદાસ માથુર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયાં હતાં અને પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# સુરતના ડાયમંડ બુર્સના ધમધમતા થવાની નવી ડેડલાઈન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશના ખૂબ જ વિશાળ અને અદ્યતન એવા સુરત ડાયમંડ બુર્સમાં અડધાથી વધારે ઓફિસો ખાલી હોવાના અહેવાલો વારંવાર છપાતા રહે છે. હવે ફરી એક નવી ડેડલાઈન જાહેર થઈ હોવાનું અહેવાલો જણાવે છે. બુર્સ હવે ૧૮મી ફેબ્રુઆરીથી ધમધમતું થશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

આ નવી ડેડલાઈન નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી અને મહિધરપુરાના લગભગ ૪૫ હીરાના વેપારી વચ્ચે એક બેઠક યોજવામાં આવી હતી, જેમાં આવતી ૧૮મીથી બુર્સમાં બિઝનેસ શિફ્ટ કરવાની તૈયારી તેમણે બતાવી હતી. આ સાથે અન્ય એક બેઠકમાં પણ વેપારીઓએ બુર્સમાં આવવાની તૈયારી બતાવી હતી.

જોકે આ પહેલીવાર નથી. અગાઉ પણ સંઘવી સાથેની બેઠક બાદ વેપારીઓએ વસંત પંચમીના દિવસે બુર્સમાં શિફ્ટ થવાનો વાયદો કર્યો હતો. ત્યારબાદ કોઈ આવ્યું નહીં અને ફરી નવી ડેડલાઈન જાહેર કરવામાં આવી છે. વસંત પંચમી ૨૩મી જાન્યુઆરીના રોજ છે. આ દિવસે લગભગ ૭૦થી ૮૦ જેટલા વેપારીએ મુહૂર્ત વિધિ કરવાની વાત કરી છે, પરંતુ વેપાર સાથે જોડાયેલી ગતિવિધિઓ ૧૮મી ફેબ્રુઆરીથી શરૂ કરવાની વાત કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

જોકે ૪,૨૦૦ ઓફિસમાંથી હાલમાં માંડ ૫૦ જેટલી ઓફિસ કાર્યરત છે. હીરા માર્કેટના માંધાતાઓથી માંડી નાના-નાના કેટલાય એકમો અહીં હજુ સુધી આવ્યા નથી. હવે ફરી નવી ડેડલાઈન મળી છે, પરંતુ જે મહિધરાપુરામાં દાયકાઓથી વેપાર કરતા વેપારીઓ અહીં ખરેખર આવશે અને વેપાર ધમધમતો થશે કે કેમ તે આવનારા સમયમાં જ ખબર પડશે. ■

# કચ્છની સરહદ ડેરીનું ટર્નઓવર ₹ ૧,૨૦૦ કરોડને વટાવી ગયું, વાર્ષિક ૯.૦૯ ટકાનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના કચ્છમાં આવેલી સરહદ ડેરીએ વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રૂ. ૧,૨૦૦ કરોડથી વધુનું ટર્નઓવર કર્યું છે. જે વાર્ષિક ૯.૦૯ ટકાનો વધારો દર્શાવે છે. સરહદ ડેરી હરિયાણા, તેલંગાણા અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં અમૂલના ડેરી પ્લાન્ટને ભેંસનું શુદ્ધ દૂધ પુરું પાડવામાં પણ અગ્રેસર છે. જેના લીધે પશુપાલકોની આવકમાં પણ વધારો થયો છે. સરહદ ડેરી ૯૦૦થી વધુ સહકારી મંડળીઓ મારફતે દરરોજ આશરે ૮૦,૦૦૦ દૂધ ઉત્પાદકો પાસેથી ૫.૫ લાખ લિટર જેટલું દૂધ એકત્ર કરે છે. ડેરીમાં દરરોજ ૪ લાખ લિટર દૂધનું પ્રોસેસિંગ થાય છે અને અહીં ૩૦૦ ટન ક્ષમતાનો પશુઆહાર (કેટલ ફીડ) પ્લાન્ટ પણ છે. આ ઉપરાંત, ડેરી દ્વારા દરરોજ ૫૦,૦૦૦ લિટર આઈસક્રીમ પણ બનાવવામાં આવે છે. જેમાં સૌથી વધુ ઉત્પાદન ૩.૩૮ લાખ લિટર પ્રતિ દિવસ નોંધાયું છે.

કચ્છના રણનું સફેદ સોનું ગણાતા ઊંટડીના દૂધમાં ભરપૂર ખાદ્ય ખનીજ તત્વો હોય છે, જે આરોગ્ય માટે લાભદાયક છે અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. ભારતનો સૌપ્રથમ ઊંટડીના દૂધને દુર્ગંધમુક્ત કરવાનો પ્રોસેસિંગ પ્લાન્ટ કચ્છમાં એટલે કે સરહદ ડેરી પાસે છે, જે ૧૬ જાન્યુઆરી ૨૦૧૯થી કાર્યરત છે. ઊંટડીના દૂધ માટેનું પ્રાથમિક ઓર્ગેનિક સર્ટિફિકેટ પણ સરહદ ડેરીએ મેળવ્યું છે. કચ્છ જિલ્લામાં રાપર, નખત્રાણા, ગઢશીશા અને કોટડા આથમણા એમ ચાર કલેક્શન કેન્દ્ર મારફતે ઊંટડીના દૂધનું અમૂલ પેટર્ન મુજબ કલેક્શન કરવામાં આવી રહ્યું છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ઊંટડીનું દૈનિક દૂધ સંપાદન ૪,૭૫૪ લિટર થયું છે. ઊંટડીનું દૂધ જમા કરાવતા ઊંટપાલકોને વાર્ષિક ₹૮,૭૨,૮૩,૪૪૦ ચૂકવણું કરવામાં આવ્યું છે જેનાથી ૩૫૦ થી વધુ ઊંટપાલક પરિવારોને લાભ થયો છે. આ ઉપરાંત, સમગ્ર ભારતમાં ઊંટડીના દૂધની રાજભોગ ફ્લેવરની આઇસ્ક્રીમ માત્ર સરહદ ડેરીમાં જ બનાવવામાં આવે છે. આ આઈસ્ક્રીમ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું ત્યારથી ફક્ત એક જ વર્ષમાં ૮૦ વેરાયટી લોન્ચ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૨૪.૫૨ લાખ લિટર આઇસ્ક્રીમનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું અને મહત્તમ ડિસપેચ ૫૮,૦૦૦ લિટર નોંધાયું છે. સરહદ ડેરીએ કચ્છ જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક (કેડીસીસી બેન્ક) માં ૯૦૦ દૂધ મંડળીઓ અને ૩૧,૦૬૭ પશુપાલકોને ખાતા ખોલવામાં મદદ કરી છે. ■

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આર્થિક રીતે નબળા વર્ગ માટે અનામતની માગ, ગાંધીનગરમાં ૫૮ સમાજના આગેવાનો એક થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા રાજકીય પરિસ્થિતિમાં નવો વળાંક આવ્યો છે. શિક્ષણ અને સરકારી નોકરીઓમાં આર્થિક રીતે નબળા વર્ગ (ઇડબ્લ્યુએમ) ને મળતી ૧૦ ટકા અનામત બાદ હવે સવર્ણ સમાજે રાજકીય ક્ષેત્રે પણ સમાન પ્રકારની અનામતની માગ કરી છે. આ મુદ્દે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે પાટીદાર, ક્ષત્રિય, બ્રાહ્મણ સહિત કુલ ૫૮ સવર્ણ સમાજના આગેવાનોની મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેને રાજકીય રીતે ખૂબ સંવેદનશીલ માનવામાં આવી રહી છે.

આર્થિક રીતે નબળા વર્ગને રાજકીય ક્ષેત્રે પણ અનામત મળે તેવી માગ સાથે ૨૦ જાન્યુઆરી મંગળવારે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી બેઠકમાં વર્ષો પહેલા અનામત આંદોલનના કેન્દ્રમાં રહેલા અનેક જાણીતા ચહેરાઓ ફરી એક મંચ પર જોવા મળ્યા હતા. દિનેશ બાંભણીયા, ધાર્મિક માલવીયા, મનોજ પનારા, વરુણ પટેલ, અલ્પેશ કથીરિયા, રમજુભા જાડેજા સહિતના આગેવાનો વચ્ચે આ મુદ્દે લાંબી ચર્ચા ચાલી હતી. જેમાં તમામ સમાજના પ્રતિનિધિઓએ એકસૂરે કહ્યું હતું કે, રાજકીય પ્રતિનિધિત્વ વગર આર્થિક રીતે નબળા સવર્ણ વર્ગનો અવાજ દબાઈ રહ્યો છે.

આ બેઠકમાં એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે, જેમ ઇકોનોમિક વિકર સેક્શનને નોકરી અને શિક્ષણમાં અનામત મળી છે. તે જ પ્રમાણે પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકા જેવી સ્થાનિક સંસ્થાઓમાં પણ બેઠકો અનામત રાખવામાં આવે. આગેવાનોનું માનવું છે કે, હાલ ટિકિટ ફાળવણીમાં આર્થિક સ્થિતિને કોઈ મહત્ત્વ મળતું નથી, જેના કારણે સવર્ણ સમાજનો નબળો વર્ગ રાજકીય પ્રક્રિયામાં પાછળ રહી જાય છે.

નેતાઓએ ચેતવણીભર્યા સ્વરમાં સરકારને જણાવ્યું હતું કે, જો સરકાર આ માગ પર ગંભીરતાથી વિચાર નહીં કરે તો આવનારી ચૂંટણીમાં સવર્ણ મતદારોનું વલણ બદલાઈ શકે છે. ખાસ કરીને પાટીદાર અને ક્ષત્રિય સમાજના યુવા વર્ગમાં આ મુદ્દે ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

બેઠક બાદ આગેવાનોએ જણાવ્યું હતું કે, આ લડત કોઈ એક સમાજની નથી, પરંતુ તમામ આર્થિક રીતે પછાત સવર્ણો માટેની છે. આગામી દિવસોમાં મુખ્યમંત્રી અને પ્રદેશ ભાજપ પ્રમુખને મળીને લેખિત રજૂઆત કરવામાં આવશે. જરૂર પડશે તો તાલુકા અને જિલ્લા સ્તરે સંમેલનો યોજીને જનજાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ, ઓબીસી અનામત માટે ઝવેરી પંચના રિપોર્ટ બાદ બેઠકોની જે રીતે વહેંચણી થઈ છે, તે જ માપદંડથી ઇડબલ્યુએસ વર્ગને પણ રાજકીય હિસ્સેદારી મળવી જોઈએ એવો દબાવ ઊભો કરાઈ રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૫૮ સમાજોનું એક મંચ પર આવવું સામાન્ય ઘટના નથી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા ઊભેલી આ એકતા સત્તારૂઢ પક્ષ માટે નવી પડકારજનક સ્થિતિ ઊભી કરી શકે છે. જો આ મુદ્દે યોગ્ય સંવાદ ન થયો તો આગામી સમયમાં સવર્ણ રાજકારણ ગુજરાતની ચૂંટણી દિશા બદલી શકે તેવી સંભાવના નકારી શકાય નહીં. ■

# પાર્ક અને ગાર્ડન ડિપાર્ટમેન્ટના ૧૪૦ કરોડ રૂપિયાના ટેન્ડરની તપાસ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરની મહાનગરપાલિકા (મનપા)એ રૂ. ૧૪૦ કરોડનું ટેન્ડર બહાર પાડ્યું હતું. ગાર્ડન અને પાર્ક વિભાગે બહાર પાડેલા આ ટેન્ડરમાં એજન્સીની નિયુક્તિમાં તેમ જ અમુક બાબતે કથિત રીતે ભ્રષ્ટાચાર થયો હોવાનું પાલિકાના કમિશનર બચ્છા નિધિ પાનીને આ અંગેની માહિતી સાથેની ફાઈલ મનપાની સેન્ટ્રલ ઓફિસને મોકલી આપી હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી.

ફાઇલોમાં પૂરતા દસ્તાવેજો ન હોવાથી ચકાસણી પૂર્ણ થઈ શકી નથી. મિસ્ત્રીએ વિભાગને ગુમ થયેલ દસ્તાવેજો પૂરા પાડવા વિનંતી કરી હતી, અને જણાવ્યું હતું કે ઔપચારિક રીતે તપાસ બધા દસ્તાવેજો આપવામાં આવ્યા બાદ જ આગળ વધશે.

ટેન્ડરો વિશે સૂત્રોએ જણાવ્યું હતું કે વિભાગે ડિસેમ્બરમાં ટ્રેક્ટર ટ્રોલીના પુરવઠા અને બગીચાઓ માટે સ્ટાફ માટે બે અલગ અલગ ટેન્ડર બહાર પાડ્યા હતા. ટેન્ડરો ત્રણ વર્ષના સમયગાળા માટે નક્કી કરવામાં આવ્યા હતા, જેમાં બે વર્ષના એક્સપાન્શનની જોગવાઈ હતી. ટ્રેક્ટર ટ્રોલી માટેનું ટેન્ડર વાર્ષિક રૂ. ૧૬.૧૭ કરોડનું હતું, જે ત્રણ વર્ષ માટે કુલ રૂ. ૪૮.૫૧ કરોડનું હતું, જ્યારે સ્ટાફ માટેનું ટેન્ડર વાર્ષિક રૂ. ૩૦.૯૭ કરોડનું ટેન્ડર હતું, જે ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન કુલ રૂ. ૯૧.૭૧ કરોડ થઈ શકે તેમ હતું.

અમુક એજન્સીઓ ખોટી રીતે લાયકાત ધરાવતી હોવાના આક્ષેપો બહાર આવ્યા હતા, જેમાં એક ચોક્કસ અધિકારીની સંડોવણીના ભ્રષ્ટાચારના દાવાઓ હતા.

આના કારણે વિવિધ કોન્ટ્રાક્ટરોએ ઉદ્યાનો અને બગીચા વિભાગના મુખ્ય નિયામક અને મ્યુનિસિપલ કમિશનરને ઔપચારિક વાંધાઓ રજૂ કર્યા હતા અને ટેન્ડરિંગ પ્રક્રિયામાં તકેદારી તપાસની માંગ કરી હતી, જોકે હજુ સુધી આવી કોઈ તપાસ શરૂ કરવામાં આવી નથી.

મળતી માહિતી અનુસાર ૩૦ ડિસેમ્બરના રોજ, એક કોન્ટ્રાક્ટર એજન્સીએ ટેન્ડર જોગવાઈઓ અને લાયકાતના માપદંડોને પડકારતો પત્ર રજૂ કર્યો હતો. ત્યારબાદ ગાર્ડન અને પાર્ક વિભાગની પેનલમેન્ટ પ્રક્રિયા પર શંકાઓ ઊભી થઈ હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર ટેન્ડરના ઘણા પાસાઓ શંકાસ્પદ રહ્યા છે, જેમાં જરૂરી ટ્રેક્ટરની વાસ્તવિક સંખ્યા, નિર્ધારિત શિફ્ટ કલાકો, શહેરમાં ઉત્પન્ન થતા કચરાના જથ્થા પરનો ડેટા, અગાઉ કામ કેવી રીતે હાથ ધરવામાં આવ્યું હતું તેની સરખામણી અને ભાગ લેતી કંપનીઓ માટે નિર્ધારિત અનુભવ અને નાણાકીય માપદંડ પાછળનો વગેરે સામેલ છે.

બધી ફાઇલોની ચકાસણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, પરંતુ તપાસ પછી આ દરખાસ્તોને મંજૂરી આપવામાં આવશે કે નહીં અને સ્થાયી સમિતિને મોકલવામાં આવશે કે નહીં તે જોવાનું બાકી છે, તેમ પણ અધિકારીએ જણાવ્યું હતું. ■

# દુષ્કર્મના કેસમાં નારાયણ સાંઈની સજા મોકૂફીની અરજી, હાઈ કોર્ટની પીડિતા સહિતના પક્ષકારોને નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતની લાજપોર જેલમાં દુષ્કર્મના કેસમાં આજીવન કારાવાસની સજા ભોગવી રહેલા આસારામના પુત્ર નારાયણ સાંઈએ પોતાની સજા સસ્પેન્ડ કરવા હાઇ કોર્ટમાં અરજી કરી હતી. ગુજરાત હાઇ કોર્ટ એ અરજી સંદર્ભે પીડિતા અને રાજ્ય સરકારને નોટિસ પાઠવીને વધુ સુનાવણી ૨૬ ફેબ્રુઆરીએ રાખી છે. વર્ષ ૨૦૧૯માં સુરતની સેશન્સ કોર્ટ દ્વારા નારાયણ સાંઈને દુષ્કર્મના કેસમાં આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી હતી. આ કેસમાં તેમને બળાત્કાર, અનૈતિક સંબંધો અને અન્ય આરોપો હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. નારાયણ સાંઈ ડિસેમ્બર ૨૦૧૩થી જેલમાં બંધ છે.

નારાયણ સાંઈના પિતા આસારામ પણ દુષ્કર્મના કેસમાં હંગામી જામીન ઉપર બહાર છે. અગાઉ આસારામને મળવા જવા નારાયણ સાંઈએ હંગામી જામીન માગ્યા હતા. ત્યારે સરકારી વકીલે નારાયણ સાંઈની વર્તણૂક અને તેને છોડવાથી ઊભી થનારી પરિસ્થિતિ અંગે કોર્ટને જાણ કરી હતી. તે ૧૨ વર્ષથી જેલમાં છે. વર્ષ ૨૦૨૧માં અરજદારની માતાની તબિયત ખરાબ થતા તેને ૪ દિવસ માટે જેલ મુક્તિ આપવામાં આવી હતી. છેલ્લે તેણે તેના પિતા આસારામને મળવા જવા હંગામી જામીન અપાયા હતા. સરકાર પક્ષે અગાઉ રજૂઆત થઈ હતી કે, અરજદારના મોટાપાયે ફોલોઅર્સ છે. અગાઉ તે સાહેદોને ધમકી આપી ચૂક્યો છે, ખોટા સર્ટિફિકેટ બનાવેલા છે. તેમજ સાહેદો ઉપર હુમલો કરાવી ચુક્યો છે. તેણે સરકારી અધિકારીઓને પણ લાંચ આપવાની કોશિશ કરી છે. અરજદારની જેલમાં વર્તણૂક પણ યોગ્ય નથી. જેથી તેને જેલના નિયમો મુજબ અયોગ્ય વર્તણૂક બદલ જેલમાં અપાતી સજા પણ કરવામાં આવી છે. જો તેને જેલ મુક્ત કરવામાં આવે તો અયોગ્ય ઘટના ઘટવાની શક્યતાઓ રહેલી છે. જેથી તેને જેલમુક્ત કરવો યોગ્ય જણાતું નથી. ■

# અમદાવાદમાં કામેશ્વર અને દીપ બિલ્ડરના ૩૩ ઠેકાણે આઈટીના દરોડા, બિલ્ડર લોબીમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના જાણીતા બિલ્ડર ગ્રુપ કામેશ્વર અને દીપ બિલ્ડર પર આઈટી વિભાગે ત્રાટકીને સુપર ઓપરેશન હાથ ધર્યું હતું. શહેરમાં ૨૦ જાન્યુઆરી મંગળવારની વહેલી સવારથી જ રિયલ એસ્ટેટ ક્ષેત્રના દિગ્ગજો પર આવકવેરા વિભાગની ટીમ ત્રાટકતા બિલ્ડર લોબીમાં ફફડાટ વ્યાપી ગયો છે. મળતી માહિતી મુજબ, આવકવેરા વિભાગની ટીમોએ અમદાવાદમાં એકસાથે ૩૩થી વધુ સ્થળો પર તપાસનો દોર શરૂ કર્યો હતો. આ દરોડામાં દીપ ગ્રુપના મુખ્ય સર્વેસર્વા દિનેશ પટેલ અને તેમના અન્ય ભાગીદારો, તેમજ કામેશ્વર ગ્રુપના પ્રહલાદ પટેલ અને દીપેન પટેલને ત્યાં પણ તપાસ ચાલી રહી છે. બિલ્ડરોના રહેઠાણ અને ઓફિસ એમ બંને જગ્યાએ અધિકારીઓ દ્વારા દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, લાંબા સમયથી આ ગ્રુપના નાણાકીય વ્યવહારો પર ઈંઝ વિભાગની નજર હતી. આ દરોડા દરમિયાન મોટા પાયે બેનામી મિલકતો અને હવાલા વ્યવહારોના પુરાવા મળી આવે તેવી પૂરેપૂરી સંભાવના છે. તપાસમાં મોટી માત્રામાં રોકડ રકમ અને જ્વેલરી પણ જપ્ત થઈ શકે છે. આ ઓપરેશન શહેરના અલગ-અલગ ૩૩થી વધુ જગ્યાઓ પર ઇન્કમટેક્સ અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. મંગળવારે મોડી સાંજ સુધી તપાસ પ્રક્રિયા ચાલુ રહી હતી. દસ્તાવેજો અને નાણાકીય રેકોર્ડ્સની ચકાસણી કરવામાં આવી રહી છે. ■

# સુરતમાં ₹ ૨૧ કરોડના ખર્ચે બનેલી પાણીની ટાંકી ધરાશાયી, ૧૪ ગામના લોકોની આશા પર પાણી ફર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના તમામ સરકારી વિભાગોમાં ભ્રષ્ટાચાર ફુલ્યોફાલ્યો છે. સરકારી અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલિભગતથી સરકારી યોજનાઓનું કામ નબળું થઈ રહ્યું છે. સુરત જિલ્લામાં અરેઠ સ્થિત તડકેશ્વર ગામમાં ૨૧ કરોડના તોતિંગ ખર્ચે બનેલી પાણીની ટાંકી ધરાશાયી થતા સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. ટેસ્ટિંગ દરમિયાન પાણીની ટાંકી ધરાશાયી થતા ૩ શ્રમિકોને ઇજા થઇ હોવાનું જાણવા મળ્યું હતું. ત્રણેય શ્રમિકોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ટાંકીએ ગુજરાત સરકારના ભ્રષ્ટાચાર મુક્ત અને વિકાસના દાવાની પોલ ખોલી નાખી છે.

મળતી વિગત મુજબ, તડકેશ્વર ગામે છેલ્લા ૩ વર્ષથી ચાલી રહેલી 'ગાય પગલા જૂથ પાણી પુરવઠા યોજના' અંતર્ગત તૈયાર કરવામાં આવેલી વિશાળ પાણીની ટાંકી લોકાર્પણ પહેલા જ ટેસ્ટિંગ દરમિયાન ધડામ દઈને જમીનદોસ્ત થઈ ગઈ હતી. આ ઘટનાને પગલે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને નબળી કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે. બનાવની વિગત એવી છે કે, આ યોજના અંતર્ગત અંદાજે ૨૧ કરોડ રૂપિયાના ખર્ચે ટાંકી અને સંપ બનાવવાની કામગીરી ચાલી રહી હતી. ટાંકીનું કામ લગભગ પૂર્ણતાના આરે હતું. ૧૫ મીટર ઊંચી અને ૧૧ લાખ લીટરની જળસંગ્રહ ક્ષમતા ધરાવતી આ ટાંકીની મજબૂતી ચકાસવા માટે છેલ્લા બે દિવસથી તેમાં પાણી ભરવામાં આવી રહ્યું હતું. ટાંકીમાં આશરે ૯ લાખ લીટર પાણી ભરાયું હતું, ત્યાં જ મંગળવારે સવારે ૧૨:૦૦ વાગ્યાના સુમારે અચાનક ટાંકી ધરાશાયી થઈ ગઈ હતી. આ ટાંકી અને સંપ દ્વારા આસપાસના ૧૪ ગામોને પીવાનું શુદ્ધ પાણી મળવાનું હતું, પરંતુ ટાંકી તૂટી પડતા હવે ગ્રામજનોની આશા પર પણ પાણી ફરી વળ્યું છે. નવી ટાંકી ક્યારે બનશે અને ક્યારે પાણી મળશે, તે હવે મોટો પ્રશ્ન છે. ■

# દાવૉસમાં હર્ષ સંઘવીએ ઑપન એઆઈના અધિકારી સાથે કરી બેઠક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ઓપનએઆઈના ચીફ ગ્લોબલ અફેર્સ ઓફિસર ક્રિસ લેહાને સાથે મુલાકાત કરી હતી, જેથી રાજ્યમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગને વધારે વ્યાપક બનાવી શકાય.

સરકારના જણાવ્યા અનુસાર આ ચર્ચામાં એઆઈનો જવાબદારીપૂર્વકનો ઉપયોગ અને નવીનતા સાથેના ભવિષ્યની વાત કરવામાં આવી હતી.

મજબૂત ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઝડપથી વિકસતી પ્રતિભા સાથે ગુજરાત એક એવી ઇકોસિસ્ટમ બનાવી રહ્યું છે જ્યાં જવાબદાર એઆઈ અને વિશ્વ-સ્તરીય નવીનતા ખરેખર ખીલી શકે છે,તેમ સંઘવીએ જણાવ્યું. સંઘવી હાલમાં દાવૉસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ભાગ લેવા ગયા છે. ■

# અમદાવાદમાં હવાની ગુણવત્તા ખતરનાક સ્તરે, સરેરાશ એક્યુઆઇ ૨૯૩ નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરની હવામાં ઝેર ઘોળાયું છે. અમદાવાદમાં પ્રદૂષણનું સ્તર અત્યંત ખતરનાક સપાટીએ પહોંચી ગયું છે. ૨૦ જાન્યુઆરીએ શહેરનો સરેરાશ એક્યુઆઇ ૨૯૩ નોંધાયો હતો, જે 'ખરાબ' શ્રેણીમાં આવે છે. શહેરના અનેક વિસ્તારોમાં આ આંકડો ૩૦૦ને પાર કરી જતાં નાગરિકોના સ્વાસ્થ્ય પર મોટું જોખમ તોળાઈ રહ્યું છે. અમદાવાદમાં સૌથી ખરાબ સ્થિતિ શાંતિગ્રામ વિસ્તારની છે, જ્યાં એક્યુઆઇ ૩૬૩ પર પહોંચી ગયો છે. આ સિવાય પશ્ચિમ અમદાવાદના પોશ ગણાતા વિસ્તારોમાં પણ હવાની ગુણવત્તા અત્યંત નબળી જોવા મળી છે.અમદાવાદ શહેરના મુખ્ય વિસ્તારોમાં ફેલાયેલા પ્રદૂષણ સ્તર પર એક નજર કરીએ તો થલતેજ: ૩૩૯, સાઉથ બોપલ: ૩૧૭, બોડકદેવ: ૩૧૫, શાહીબાગ: ૩૦૯,ઘાટલોડિયા: ૩૦૪, અહેસાન પાર્ક જય અંબે નગર: ૩૦૩, સોનીની ચાલી ઓઢવ અને ઉસ્માનપુરામાં ૩૦૨ જેટલો એક્યુઆઇ નોંધાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, જ્યારે એક્યુઆઇ ૩૦૦થી ઉપર જાય છે, ત્યારે તે તંદુરસ્ત વ્યક્તિઓ માટે પણ શ્વાસ લેવામાં તકલીફ ઊભી કરી શકે છે. બાળકો, વૃદ્ધો અને અસ્થમાના દર્દીઓ માટે આ હવા 'ઝેર' સમાન સાબિત થઈ શકે છે. સવારના સમયે જોવા મળતા ધુમ્મસમાં પ્રદૂષિત કણો ભળવાથી 'સ્મોગ' જેવી સ્થિતિ સર્જાઈ છે, જેના કારણે વિઝિબિલિટી ઘટી છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બેલાસિસ ફ્લાયઓવરનું ડેડલાઈન પહેલાં જ કામ પૂરું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના ઘણા ફ્લાયઓવરના કામ તેની ડેડલાઈનને ચૂકી ગયા છે પણ તાડદેવ અને મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનને જોડનારા બેલાસિસ ફ્લાયઓવરનું છેવટના તબક્કાનું કામ વિક્રમી સમયમાં એટલે કે માત્ર ૧૫ મહિના છ દિવસમાં પૂર્ણ કરવામાં આવ્યું છે. કૉન્ટ્રેક્ટના શરત મુજબ ફ્લાયઓવરનું કામ પૂરું કરવા માટે હજી ચાર મહિનાનો સમય બાકી છે. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ રેલવે વિભાગ તરફથી એનઓસી મળ્યા પછી ટ્રાફિક પોલીસ સાથે સંકલન કર્યા બાદ આ ફ્લાયઓવર વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવવાનો છે.

લગભગ સવાસો વર્ષ જૂનો એટલે ૧૮૯૩માં બનેલો જૂનો બેલાસિસ બ્રિજ સ્ટ્રક્ચરલ ઓડિટમાં જોખમી જણાઈ આવતા તેને જૂન ૨૦૨૪માં તોડી પાડવામાં આવ્યો હતો.

નાગપાડા અને તાડદેવ વચ્ચે જોડાણ વધારવા માટે પાલિકાએ આ બ્રિજ પહોળો અને મોટો બનાવ્યો છે. આ પુલ ૩૩૩ મીટર લાંબો, ૧૩૮.૩૯ મીટર પૂર્વમાં અને ૧૫૭.૩૯ મીટર પશ્ચિમમાં અને ૩૬.૯૦ મીટર રેલવેની ઉપરઅને સાત મીટરનો કેરેજ વે (ટ્રાફિક માટેનો રોડ) સહિત રાહદારીઓ માટે બંને બાજુ પહોળી ફૂટપાથ છે.

પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરના જણાવ્યા મુજબ પુલનું બાંધકામ પડકારજનક રહ્યું હતું, જેમાં ૧૩ માળખા દૂર કરવાથી લઈને અસરગ્રસ્ત રહેવાસીઓ માટે વૈકલ્પિક આવકોની ફાળવણી અને હાઈ કોર્ટ સમક્ષ ચાલી રહેલા કેસ જેવા અનેક અવરોધ આવ્યા હતા. આ પ્રોજેક્ટમાં પુલને કારણે નજીકની હાઉસિંગ સોસાયટીની બાઉન્ડ્રી વોલ દૂર કરવામાં પણ અડચણો રહી હતી. અનેક પડકારો વચ્ચે એન્જિનિયરિંગ ટીમે ચાર મહિના ચોમાસાના હતા, તેમાં પણ કામ ચાલુ જ રાખ્યું, ઝીણવટભર્યું આયોજનને કારણે સમયની પહેલા કામ પૂરું કરવામાં સફળતા મળી છે.

આ બ્રિજનું કા પહેલી ઓક્ટોબર, ૨૦૨૪ના શરૂ થયું હતું અને રેલવે ટ્રેક પરનું કામ રેલવે દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે ગર્ડર બ્રેકિંગ, ડેકશીટ ઈન્સ્ટોલેશન, સ્લેબ કાસ્ટિંગ અને બંને તરફના અપ્રોચ રોડનું કામ પાલિકાએ કર્યું હતું. પાલિકાના બ્રિજ ડિપાર્ટમેન્ટ, સંબંધિત વોર્ડ ઓફિસ, ટ્રાફિક પોલીસ વચ્ચેના સંકલન, વ્યવસ્થિત આયોજન અને ૨૪ કલાકના પ્રયાસને કારણે ફ્લાયઓવરનું કામ તેની ડેડલાઈન પહેલા પૂરું થયું છે.

જહાંગીર બોમન બહેરામ માર્ગ (અગાઉ બેલાસીસ રોડ) પરનો બેલાસીસ પુલ મુંબઈ સેન્ટ્રલ, નાગપાડા અને તાડદેવને જોડતો એક મહત્ત્વનો પુલ છે. તેના પુનઃ નિર્માણને કારણે જહાંગારી બોમન બહેરામ માર્ગ, દાદાસાહેબ ભડકમકર માર્ગ (ગ્રાન્ટ રોડ), પટ્ટે બાપુરાવ માર્ગ અને મહાલક્ષ્મી સ્ટેશન પુલ પરનો ટ્રાફિક ઓછો કરશે.

## થાણેમાં વેપારી સાથે ૩૮.૬૧ લાખની ઠગાઇ આચરી: ભૂતપૂર્વ કર્મચારી વિરુદ્ધ ગુનો દાખલ

થાણે: થાણે જિલ્લામાં વેપારી સાથે ૩૮.૬૧ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવા પ્રકરણે ભૂતપૂર્વ કર્મચારી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ જાન્યુઆરીથી ઑક્ટોબર, ૨૦૨૪ દરમિયાન આ છેતરપિંડી આચરવામાં આવી હતી. આ પ્રકરણે આરોપી પ્રકાશ જબ્બાર સિંહ (૩૫) વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮ (૪) (છેતરપિંડી) અને ૩૧૬ (૨) હેઠળ ગુનો દાખલ કરાયો હતો. તેલના વેપારીએ ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે તેની કંપનીમાં પ્રકાશ સિંહ કામ કરતો હતો અને તેણે ૧૦ મહિના દરમિયાન કંપનીમાંથી માલસામાન અને રૂપિયાની ઉચાપત કરી હતી. આરોપીએ ફરિયાદીના ગ્રાહકો પાસેથી પોતાના માટે ૨૩.૫૬ લાખ રૂપિયાનો સામાન લીધો હતો અને પોતાની કરિયાણાની દુકાન માટે પંદર લાખ રૂપિયાનો સામાન ખરીદ્યો હતો. આમ આરોપીએ વેપારી સાથે ૩૮.૬૧ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી હતી, જેને પગલે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાથી હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી ન હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

## શ્રી સિદ્ધિવિનાયક મંદિરમાં 'માઘી ગણેશ મહોત્સવ' શરૂ: ગાયન, વાદન, શોભાયાત્રા સાથે એક અઠવાડિયા સુધી ભવ્ય ઉજવણી

મુંબઈ: ૨૨ જાન્યુઆરીએ યોજાનારી માઘી ગણેશ જયંતિ નિમિત્તે પ્રભાદેવીના શ્રી સિદ્ધિવિનાયક ગણપતિ મંદિરમાં માઘી શ્રી ગણેશ જયંતી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૯ જાન્યુઆરીથી ૨૫ જાન્યુઆરી સુધી વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. દેશભરના પ્રખ્યાત કલાકારો આ મહોત્સવમાં ભાગ લેશે.

આ મહોત્સવ દરમિયાન, શ્રી સિદ્ધિવિનાયક મંદિરમાં દરરોજ સવારે ૫.૦૦ થી ૫.૩૦ વાગ્યા દરમિયાન કાકડ આરતી સાથે ધાર્મિક કાર્યક્રમો શરૂ થશે. ત્યારબાદ, દિવસભર મહાનૈવેદ્ય, નમસ્કાર, અભિષેક અને અન્ય ધાર્મિક વિધિઓ કરવામાં આવશે. સાંજે લોકનૃત્ય, ભજન, શાસ્ત્રીય ગાયન, શાસ્ત્રીય નૃત્ય અને સંગીત વાદ્યો જેવા વિવિધ સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૨ જાન્યુઆરીએ મુખ્ય માઘી ગણેશોત્સવ સમારોહ યોજાશે. આ માટે, તે દિવસે બપોરે ૩.૦૦ વાગ્યે એક ભવ્ય રથયાત્રા કાઢવામાં આવશે. ભક્તોને કોઈ અસુવિધા ન થાય તે માટે વરિષ્ઠ નાગરિકો માટે એક અલગ કતાર ગોઠવવામાં આવી છે.

શુક્રવાર, ૨૩ જાન્યુઆરીએ, પદ્મશ્રી પુરસ્કાર વિજેતા વિજય ઘાટે તબલા વાદન કરશે. શનિવારે, ૨૪ જાન્યુઆરીએ પ્રખ્યાત તબલા વાદક પંડિત આદિત્ય કલ્યાણકર દ્વારા તબલાવાદન યોજાશે.

મંદિર વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર આ અઠવાડિયા સુધી ચાલનારા આ ઉત્સવનો ઉદ્દેશ ભારતીય સાંસ્કૃતિક પરંપરાઓને ભક્તિ સાથે જીવંત રાખવાનો છે. માઘી ગણેશ જયંતિ પર, શ્રી સિદ્ધિવિનાયક મંદિર ફરી એકવાર ભક્તિ, સંગીત અને સંસ્કૃતિનું કેન્દ્ર બનશે.

## ભાજપ પોતાના અને શિવસેનાના કોર્પોરેટરોના ફોન ટેપ કરે છે: સંજય રાઉત

મુંબઈ: મુંબઈ મેયર પદ અંગે ચાલી રહેલા વિવાદ વચ્ચે શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે મંગળવારે એવો દાવો કર્યો હતો કે ભાજપ અને શિવસેનાના નવા ચૂંટાયેલા સભ્યોના ફોન શાસક પક્ષ દ્વારા ટેપ કરવામાં આવી રહ્યા છે, જેઓ એક વૈભવી હોટલમાં બંધ છે. તેમણે કહ્યું કે ભાજપના કોર્પોરેટરો પર તે પક્ષના કાર્યકરો દ્વારા દેખરેખ રાખવામાં આવી રહી છે. ભાજપે રાઉતના આરોપોને ફગાવી દીધા હતા અને ભારપૂર્વક જણાવ્યું કે પાર્ટી તેના કોર્પોરેટરો પર વિશ્વાસ કરતી હોવાથી આવી પ્રવૃત્તિઓનો આશરો લેતી નથી.

રાઉતે દાવો કર્યો કે મુંબઈના મેયર દિલ્હી દ્વારા નક્કી કરવામાં આવી રહ્યા છે, જે મહારાષ્ટ્રનું અપમાન છે, તેમણે નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાની ટીકા કરી.

નભાજપના કાર્યકરો પાર્ટીના દરેક કોર્પોરેટરની ગતિવિધિઓ પર નજર રાખી રહ્યા છે. ભાજપ પોતાના કોર્પોરેટરોના ફોન પણ ટેપ કરી રહ્યું છે,થ શિવસેના (યુબીટી) ના સાંસદે પત્રકારોને જણાવ્યું. તેમણે ઉમેર્યું કે, એક વૈભવી હોટલમાં નબંધથ રહેલા શિવસેનાના કોર્પોરેટરોના ફોન પણ ટેપ કરવામાં આવી રહ્યા છે.

મુંબઈના મેયર માટેની સ્પર્ધા ગરમાઈ રહી છે અને શાસક શિવસેનાના વલણ અંગે સસ્પેન્સ વધુ ઘેરું બન્યું છે, ત્યારે રાઉતે મંગળવારે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેને મળ્યા હતા. મહારાષ્ટ્ર ભાજપના મીડિયા ઇન્ચાર્જ નવનાથ બને સંજય રાઉતના આરોપોને ફગાવી દેતાં કહ્યું હતું કે, નઅમને ફોન ટેપિંગની જરૂર નથી, પરંતુ રાઉતે સ્પષ્ટ કરવું જોઈએ કે જ્યારે મહા વિકાસ આઘાડી (ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળ) સત્તામાં હતી ત્યારે એકનાથ શિંદે અને ઉદય સામંતના ફોન કોણ ટેપ કરી રહ્યું હતું. અમને કોર્પોરેટરોનો મજબૂત ટેકો છે, અને અમે આવી પ્રવૃત્તિઓમાં રોકાયેલા નથી.

## તપોવન વિસ્તારમાં વૃક્ષો કાપવા પર ૨૦ ફેબ્રુઆરી સુધી સ્ટે

નાશિક: તપોવન વિસ્તારમાં વૃક્ષો કાપવાના મામલે નાશિક મહાનગર-પાલિકાને મોટો ઝટકો લાગ્યો છે. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ દ્વારા આ વિસ્તારમાં સૂચિત વૃક્ષો કાપવા પર ૨૦ ફેબ્રુઆરી સુધી સ્ટે આપવામાં આવ્યો છે. ટ્રિબ્યુનલે સ્પષ્ટ સૂચના આપી હતી કે જ્યાં સુધી કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી એક પણ વૃક્ષ કાપવું નહીં. તાજેતરમાં થયેલી સુનાવણીમાં મહાનગરપાલિકા સહિત સંબંધિત વિભાગોને સંપૂર્ણ અને વિગતવાર અહેવાલ રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો અને આગામી સુનાવણી સુધી વૃક્ષો કાપવા પરનો આ વચગાળાનો પ્રતિબંધ યથાવત રાખવામાં આવ્યો છે. મહાનગર-પાલિકા દ્વારા આગામી સિંહસ્થ કુંભમેળાના અનુસંધાને તપોવન વિસ્તારમાં રસ્તા પહોળા કરવા, વિકાસકામો અને સૌંદર્યીકરણના નામે મોટા પાયે વૃક્ષો કાપવાનો પ્રસ્તાવ તૈયાર કરવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવ મુજબ સેંકડો વૃક્ષો કાપવાની મંજૂરી મેળવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. પરંતુ પર્યાવરણ પ્રત્યે જાગૃત નાગરિકો, સામાજિક કાર્યકરો અને કેટલીક બિન-સરકારી સંસ્થાઓએ તેનો સખત વિરોધ કર્યા બાદ ગ્રીન ટ્રિબ્યુનલ દ્વારા મહાનગરપાલિકાને આદેશ આપવામાં આવ્યો કે આગામી સુનાવણી સુધી તપોવન વિસ્તારમાં કોઈ પણ વૃક્ષ કાપવામાં ન આવે. જોકે, આ માત્ર હાલ પૂરતું રાહત આપતું પગલું છે અને હવે આગામી સુનાવણીમાં શું નિર્ણય લેવામાં આવે છે?

## મધદરિયે કાર્ગો બાર્જમાંથી ૧૮૦ ટનથી વધુ દાણચોરીનું ડીઝલ જપ્ત

મુંબઈ: મુંબઈ કસ્ટમ્સે મધદરિયે કાર્ગો બાર્જને આંતરીને પાણીની ટાંકીઓમાં છુપાવવામાં આવેલું ૧૮૦ ટનથી વધુનું દાણચોરીનું ડીઝલ જપ્ત કર્યું હતું. આ પ્રકરણે કાર્ગો બાર્જના માસ્ટર અને તેના માલિકના પુત્રની ધરપકડ કરવામાં આવી હતી. કસ્ટમ્સના અધિકારીઓએ મળેલી માહિતીને આધારે રવિવારે મધદરિયે કાર્ગો વેસલ્સ એમવી ટીના ૪ પર રેઇડ પાડી હતી. માસ્ટર, એન્જિનિયર અને શિપિંગ લાઇના પ્રતિનિધિના નિવેદનને આધારે મોડર આપરેન્ડીનો ઉલ્લેખ કરતાં અધિકારીએ જણાવ્યું હતું કે વિદેશી જહાજોમાંથી દાણચોરી કરીને પાણીની ટાંકીઓમાં છુપાવેલું હાઇ-સ્પીડ ડીઝલ વહન કરતી બાર્જ મળી આવી હતી. એ બાર્જ પરની પાણીની એક ટાંકી ઇન્ડિયન રજિસ્ટર ઓફ શિપિંગ દ્વારા મંજૂર કરાયેલ ડિઝાઇનનો ભાગ ન હોવાનું જાણવા મળ્યું હતું. ગુપ્ત માહિતી મળ્યા બાદ બે જણની ધરપકડ કરવામાં આવી હતી. આ અંગે વધુ ધરપકડ થવાની અને લાંબા સમયથી ચાલતા દાણચોરીના રેકેટમાં મોટી સાઠગાંઠનો પર્દાફાશ થવાની શક્યતા છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીએ દાવો કર્યો હતો કે મુંબઈ કસ્ટમ્સ દ્વારા મોટી બાર્જ સાથે સંકળાયેલી આ સૌથી મોટી જપ્તી છે.

પાંચમા પાનાનું ચાલુ

### પશ્ચિમ રેલવેમાં

સસ્પેન્શનને કારણે કેટલીક ટ્રેનો રદ કરવામાં આવશે. કાંદિવલી કાર શેડમાં પ્રવેશ અને બહાર નીકળવાનું બંધ થવાને કારણે અને કાંદિવલી અને મલાડ વચ્ચે અપ અને ડાઉન ફાસ્ટ લાઇન પર ગતિ પ્રતિબંધોને કારણે, ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ કેટલીક ઉપનગરીય સેવાઓ રદ રહેશે.

પશ્ચિમ રેલવે એક મહત્વપૂર્ણ માળખાગત સીમાચિહ્ન પૂર્ણ કરી રહ્યું છે ત્યારે આ કામચલાઉ અવરોધ છે. મુંબઈ સેન્ટ્રલથી બોરીવલી છટ્ઠી લાઇન પ્રોજેક્ટનો કાંદિવલી અને બોરીવલી વચ્ચેનો બાકી રહેલી ૩.૨૧ કિલોમીટરની લાઈન સફળતાપૂર્વક કાર્યરત થઈ જતા પ્રથમ તબક્કાનું કામ પૂર્ણ થયું છે.

૩૦ દિવસની અંદર અમલમાં મુકાયેલા આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય લાઇન ક્ષમતા વધારવાનો અને ઉપનગરીય અને લાંબા અંતરની ટ્રેનોનું વધુ સારું વિભાજન કરવાનો છે. આ વિભાજનથી મુંબઈના સૌથી વ્યસ્ત રેલવે કોરિડોરમાંથી એક પર નિયમિતતામાં સુધારો થશે અને ભીડ ઓછી થશે તેવી અપેક્ષા છે.

આ પ્રોજેક્ટમાં બોરીવલીમાં અદ્યતન ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગનું કમિશનિંગ, મુખ્ય પુલના કામો અને ઓવરહેડ સાધનોના અપગ્રેડનો સમાવેશ થાય છે. આ સુધારાઓ પશ્ચિમ ઉપનગરીય નેટવર્કમાં કાર્યકારી સલામતી અને વિશ્વસનીયતા સુધારો કરશે. રેલવે અધિકારીઓનું માનવું છે કે આજે મુસાફરોને અસુવિધાનો સામનો કરવો પડી શકે છે, પરંતુ લાંબે ગાળે મુંબઈ ઉપનગરીય રેલ્વે સિસ્ટમ ઝડપી, સલામત અને વધુ વિશ્વસનીય બનશે. મુસાફરોને વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોની નોંધ લે અને તે મુજબ તેમની મુસાફરીનું આયોજન કરે.

### બોરીવલીમાં

પ્લેટફોર્મ નંબર ચેન્જ કરી દેવામાં આવે છે. તેથી પ્રવાસીઓ વધુ હેરાન થાય છે. સિનિયર સિટીઝનો તો ઝડપથી બીજા પ્લેટફોર્મ પર જઇ શકતા જ નથી. એવામાં લાંબા અંતરની ટ્રેનોની પ્રવાસીઓને કારણે લિફ્ટમાં હંમેશા ભીડ હોય છે. તેથી તેઓ ટ્રેન ચૂકી જતા હોય છે. એક પ્લેટફોર્મ પરથી બીજા પ્લેટફોર્મ પર જતી વખતે પ્રવાસીઓની રીતસરની ભાગદોડ જોવા મળતી હોય છે. આવી પરિસ્થિતિને કારણે કોઇ વખત પ્રવાસીઓનો જીવ જોખમમાં મૂકાય તો નવાઇ નહીં. તેમ છતાં ટ્રેનોની અને પ્લેટફોર્મની અનિશ્ચિતતાને કારણે બોરીવલીના પ્રવાસીઓ હેરાન થઇ ગયા છે. આ સિવાય રાતના સમયે અગાઉ ચર્ચગેટથી બોરીવલી ફાસ્ટ લોકલ હતી, પણ હાલમાં લેવાયેલા બ્લોકને કારણે એક પણ બોરીવલી ફાસ્ટ લોકલ લગાવવામાં આવતી નથી. તમામ બોરીવલી ફાસ્ટ લોકલ રદ કરવામાં આવી છે. આ બ્લોક ૧૮ જાન્યુઆરી સુધીનો હતો, પરંતુ સોમવારે પણ બોરીવલી ફાસ્ટ લોકલ રદ કરાઇ હતી. ફક્ત વિરાર-ભાયંદર ફાસ્ટ લોકલને કારણે બોરીવલીના પ્રવાસીઓ હેરાન થઇ જાય છે. વિરારની ટ્રેનોમા ભીડ હોવાને કારણે તેઓને બોરીવલીમાં ઊતરવા તકલીફ પડે છે.

## આગામી ચૂંટણીમાં આખા મુંબ્રાને લીલું બનાવવાનું છે: એમઆઈએમના નવા કોર્પોરેટરનું આહ્વાન

થાણે: મુંબ્રાના પ્રભાગ ક્રમાંક ૩૦માં એમઆઇએમ ની આખી પેનલ ચૂંટાઈ આવી છે. આ પેનલ ચૂંટાઈ આવતા જ તેના નવનિર્વાચિત કોર્પોરેટર સહાર શેખે એક મોટું નિવેદન આપ્યું હતું કે, 'આગામી ચૂંટણીમાં આખા મુંબ્રાને લીલું કરી નાખીશું'... તેમના આ નિવેદને સૌનું ધ્યાન ખેંચ્યું છે.

કલવા-મુમ્બ્રા એનસીપી (શરદ પવાર) ના ધારાસભ્ય જિતેન્દ્ર આવ્હાડનો ગઢ માનવામાં આવે છે. અહીં બે એનસીપી વચ્ચેના મત વિભાજનથી એમઆઈએમને ફાયદો થયો હોય એવુ લાગી રહ્યું છે. ગત ચૂંટણીમાં એમઆઈએમના બે કોર્પોરેટર ચૂંટાયા હતા અને આ વર્ષે પાંચ ઉમેદવારો જીત્યા છે.

થાણે મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૩૦માંથી એમઆઈએમના ચારેય ઉમેદવારો નફીસ અંસારી, સહાર યુનુસ શેખ, શેખ સુલતાના અબ્દુલ મન્નાન અને ડોંગરે શોએબ ફરીદ જીત્યા છે. આ વોર્ડમાંથી અજિત પવાર જૂથના ઉમેદવારો જીતશે તેવી અપેક્ષા હતી. બંને એનસીપીના ઉમેદવારોને મળેલા મતોને ભેગા કરીએ તો, આ જીતેલા ઉમેદવારોને મળેલા મતો કરતાં તે વધુ છે. એમઆઈએમના ઉમેદવારોએ આ વોર્ડમાં જોરશોરથી પ્રચાર કર્યો હતો. તેમાંથી સહર યુનુસ શેખ નામની યુવતીએ સોશિયલ મીડિયા પર બધાનું ધ્યાન ખેંચ્યું હતું. તેમના ભાષણો, પ્રચાર રેલીઓ અને પ્રચાર સભાઓ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી. તેમની જીત પછી, સહાર યુનુસ શેખનું બીજું એક ભાષણ સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થયું હતું. જેમાં તેમણે કહ્યું હતું કે આગામી ચૂંટણીમાં આખા મુમ્બ્રાને લીલું બનાવી દઇશું... મુંબ્રામાંથી વિરોધીઓને ભગાડી દઈશું. આગામી ચૂંટણીમાં મુંબ્રામાંથી ચૂંટાઈ આવનાર દરેક ઉમેદવાર એમઆઈએમનો જ હશે.'' તેના આ નિવેદનથી ભારે ખળભળાટ મચી ગયો હતો.

## બીએમસીમાં આઠ બેઠક જીતતા એમઆઇએમને મોટો જેકપોટ

મુંબઈ : મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં મોટી ઉથલપાથલ થઈ છે. ભાજપ-મહાયુતિએ ઠાકરે પાસેથી મુંબઈ મહાનગરપાલિકાની સત્તા છીનવી લીધી છે. ઓવૈસીની એમઆઇએમને એ આ ચૂંટણીમાં નોંધપાત્ર પ્રદર્શન કર્યું, મુંબઈમાં ૮ બેઠકો જીતી.આ સફળતા પછી, હવે એમઆઇએમને મોટો જેકપોટ લાગ્યો છે. મુંબઈ મહાનગરપાલિકાના વહીવટમાં મહત્વપૂર્ણ ગણાતી વોર્ડ સમિતિ પર પણ એમઆઇએમનો કબજો રહેશે. મુંબઈમાં વોર્ડ સમિતિના અધ્યક્ષ પદ માટે ભાજપ અને ઠાકરે જૂથ વચ્ચે જંગ થશે. મુંબઈ મહાનગરપાલિકામાં સત્તા સંઘર્ષ ફક્ત મેયર પદ પૂરતો મર્યાદિત નથી, હવે વોર્ડ સમિતિના અધ્યક્ષ પદને લઈને પણ રાજકારણ ગરમાયું છે. મુંબઈમાં મહત્વની વોર્ડ સમિતિઓ પર નિયંત્રણ મેળવવા માટે ભાજપે આક્રમક વલણ અપનાવ્યું છે. મુંબઈમાં ૮ વોર્ડ સમિતિઓ પર ભાજપનો કબજો રહે તેવા સંકેતો મળી રહ્યા છે. જયારે , 'એસ' અન 'ટી' વોર્ડ સમિતિઓમાં શાસક અને વિપક્ષનું પ્રતિનિધિત્વ સમાન હોવાથી, અહીં અધ્યક્ષપદનો નિર્ણય હવે 'ઈશ્વરની ઈચ્છા' થી થશે. સીટ સ્ટ્રાઈક રેટના સંદર્ભમાં શ્રેષ્ઠ તરીકે ઉભરી આવેલા ભાજપે મુંબઈમાં ૮ મહત્વપૂર્ણ વોર્ડ સમિતિઓ પર પોતાની પકડ મજબૂત કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ભાજ સી અને ડી, કે પશ્ચિમ, પી દક્ષિણ, આર દક્ષિણ, આર ઉત્તર, આર મધ્ય, એમ પશ્ચિમ, એન અને કે દક્ષિણ વોર્ડ સમિતિઓમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખવામાં સફળ રહેશે.બીજી તરફ, શિવસેના જૂથ અને મનસે વચ્ચેના અઘોષિત અથવા વ્યૂહાત્મક જોડાણને કારણે ૬ વોર્ડ સમિતિઓ તેમના ખાતામાં જાય તેવી શક્યતા છે. તેમાં ઋ દક્ષિણ અને એફ ઉત્તર, જી દક્ષિણ, જી ઉત્તર, એચ પૂર્વ અને એચ પશ્ચિમ કે પૂર્વ અને કે ઉત્તર વિભાગોનો સમાવેશ થાય છે.

## જૈન મરણ

### હાલાર વિશા શ્રીમાળી જૈન

પડધરી નિવાસી હાલ મુંબઇ નવીનચંદ્ર ઓધવજીભાઇ મહેતા (ઉં. વ. ૯૦) તે પ્રતિભાબેનના પતિ. તે સ્વ. વાડીલાલભાઇ, સ્વ. રતિલાલભાઇ, સ્વ. શાંતિલાલભાઇ, સ્વ. કિરણભાઇ, ભૂપતભાઇ, સ્વ. મુક્તાબેન, સ્વ. વિજયાબેન અને પ્રીતિબેનના ભાઇ. જીતા મનોજભાઇ શાહ, જીગોના સંદીપભાઇ ગાંધી, શીતલ આશિષભાઇ પાટીલના પિતાશ્રી. તે હૃદય, યશવી અને રિશાનના નાના તા. ૧૯ને સોમવારના મુંબઇ ખાતે અવસાન થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### વિશા શ્રીમાળી ૧૦૮ સમાજ જૈન

જશોદાબેન પ્રવીણચંદ્ર શાહ (ઉં. વ. ૮૦) મૂળ વતન સાલડી (સૂરજ) હાલ બોરીવલી સોમવાર, તા. ૧૯-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ સાલડી (સૂરજ)વાળાના ધર્મપત્ની. દીપક, દિવ્યેશ, હેમલતાના મમી. સ્વ. હર્ષીદાબેન, નીતાબેન તથા રાજકુમારભાઇ તથા પ્રતીકકુમારના સાસુ. તન્વી, ધર્મીલ, દર્શીત, ધ્યાનમ, મેરુસીના દાદી. સ્વ. ચીમનલાલ મહેતા (કંથરાળી)ના દીકરી. ઠે. દિવ્યેશ પ્રવીણચંદ્ર શાહ, ૬૦૧, સત્યદીપ બિલ્ડિંગ, ડિવાઇન બેન્કવેટ હોલની સામે, ચીકુવાડી, બોરવલી (વેસ્ટ) લૌકિક વ્યવહાર રાખેલ નથી.

### ઝા. દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

સુદામડા નિવાસી હાલ મલાડ, સંજય પ્રતાપરાય તુરખીયા (શાહ)ના ધર્મપત્ની જયશ્રીબેન (ઉં.વ.૫૯) તા. ૧૯/૧/૨૬ના સોમવાર અરિહંતશરણ પામેલ છે. તે રુચિતા સ્મિત ગોપાણી તથા ઈશિતા મૈત્રીક દોશીના માતુશ્રી. નિશા સુનિલકુમાર વોરાના ભાભી. પિયરપક્ષે સ્વ. કાળીદાસ ચતુરદાસ શાહના દીકરી. જયેશભાઈ, નયનાબેન (નિશાબેન) મનીષકુમાર શાહ, હર્ષાબેન યોગેશકુમાર દોશીના બેન, ઈવાન તથા વિઆનાના નાની. તેમની ભાવયાત્રા તા. ૨૨-૧-૨૬ ગુરૂવારના ૧૦ થી ૧૨. સ્થળ: પાવનધામ, મહાવીર નગર, એમસીએ ગ્રાઉન્ડની બાજુમાં, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

### ઝાલાવાડ શ્વે. મૂર્તિ પૂજક જૈન

મૂળ વતન ધાંગધ્રા, હાલ સાન્તાક્રુઝ, શાંતાબેન ચંદ્રકાંતભાઈ દફ્તરી (ઉં.વ.૯૦) તા. ૧૯-૧- ૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ચંદ્રકાંતભાઈ શાંતિલાલ દફ્તરીના ધર્મપત્ની. સ્વ. શાંતિલાલ હંસરાજ દફ્તરીના પુત્રવધૂ. ઈશિતાના માતુશ્રી. રાકેશના સાસુમા. સ્વ. મનસુખલાલ કસલચંદ શેઠના સુપુત્રી. શશીકાંતભાઈ, ભરતભાઈ સ્વ. સુધીરભાઈ, સ્વ. સુલોચનાબેન રંજનબેન શકુંતલાબેન તથા અલ્પાબેનના ભાભી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સી- ૧૦૧-વેદાંત બિલ્ડિંગ, ઉન્નતનગર ૨ એમ.જી. રોડ ઇગલ આઈસ્ક્રીમની સામેની ગલી, ગોરેગાંવ વેસ્ટ.

### શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન

નરેડીના બીના મુલચંદ ગોસર (ઉ.વ. ૫૮) તા. ૧૮-૧-૨૬ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન રતનશી ધારશીના પુત્રવધૂ. મુલચંદના ધર્મપત્ની. લીલાવંતી કલ્યાણજી વાલજીના પુત્રી. મોટા આસંબીયા કુસુમ ભરત, શેરડી સુર્યા તારાચંદ, લાખાપર શોભા વસંત, વાંઢ શ્વાતિ સંદિપ, ઉનડોઠ રીટા પ્રવિણ, નાંગલપુર રાખી સંજય, સંસાર પક્ષે મુનિ શ્રી મુક્તિ વિજયજી મ.સા.ના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : મુલચંદ રતનશી, બી/૬, ધનરાજ મહેલ, ગોગ્રાસવાડી, શાંતિનગર સ્કુલની સામે, ડોંબીવલી (ઇસ્ટ).

લાયજા હાલે માંડવીના વીનોદ લાલજી ગાલા (ઉં. વ.૬૫), તા.૧૯-૧-૨૬ અવસાન પામેલ છે. મેઘબાઈ લાલજી ગાલાના પુત્ર. વર્ષાના પતિ. કોડાયના પ્રભાવતી મુરજી મામણીયાના જમાઈ. સ્વેતલ, સેજલ, અપેક્ષા, પ્રીતેશના પપ્પા. મણીલાલ, રમેશ, વસનજી, વલ્લભજી, નવાવાસ મધુ, નવાવાસ લક્ષ્મી, કાંડાગરા મંજુલાના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વિનોદ ગાલા, ૨૭/એ, ઉમીયા નગર, સર્વે નં.૨૨૮, રેફ્યુજી રોડ, મીત્સુજી રીસોર્ટની બાજુમાં, માંડવી-૩૭૦૪૬૫.

નવાવાસના ધનસુખલાલ ચનાભાઈ સાવલા (ઉં.વ. ૭૨) તા. ૧૭-૧-૨૬ના અવસાન પામ્યા છે. મણીબેન ચનાભાઈ કારૂના સુપુત્ર. નિર્મળાબેનના પતિ. સેજલ, પરિતાના પિતાશ્રી. જયંતિલાલ, જગદીશ, જયેશ, શૈલેષ, નાગલપુર દમયંતી નવિન દેવજી, મોટા આસંબીયા પ્રવિણા રમેશ ખીમજી, ગઢશીશા જયવંતી પ્રેમજી દામજી, મોટા આસંબીયા ગીતા ગિરીશ અમૃતલાલના ભાઈ. નાના ભાડીયા મણીબેન જગશી નાનજી મારૂના જમાઈ. પ્રા : શ્રી માટુંગા ક.શ્વે.મૂ.જૈન સંઘની નારાણજી શામજી વાડી (ટા. ૪ થી ૫.૩૦). નિ. ધનસુખ સાવલા : ૨૦૧, વિનસ ટાવર, જે.પી. રોડ, અંધેરી-વે., મું-૫૮.

કોડાયના નવિનચંદ્ર નાનજી વિસરીયા (શિવરીવાલા) (ઉં.વ. ૮૯) તા. ૧૯-૧-૨૬ના અવસાન પામેલ છે. મઠાબાઇ નાનજી રવજીના પુત્ર. રાયણના મઠાબેન ભાણજીના જમાઇ. સ્વ. નિર્મળાબેનના પતિ. પોપટલાલ, લક્ષ્મીચંદ, અરવિંદ, મહેન્દ્ર, રાયણના કસ્તુરબાઇ ખીમજી, કોડાયના ઉષાબેન કાંતીલાલ, ગોધરાના ઉર્મીલાબેન રતીલાલ, ગઢશીશાના ભારતી પ્રફુલના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. નવિનચંદ્ર વિસરીયા, ૧૦૦૧, ગિરનાર ટાવર, રામટેકડી, શીવરી, મું. ૧૫.

### દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

અમરેલી નિવાસી હાલ મુંબઇ નીલેશ ધીરજલાલ હેમાણીના ધર્મપત્ની મીનાબેન (ઉં. વ. ૬૩) તા. ૧૮-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ધીરજલાલ જમનાદાસ હેમાણી તથા મંજુલાબેનના પુત્રવધૂ. ધ્રુતી તથા પ્રિયલના માતુશ્રી. ગૌરવ જયસીભાઇ દોશીના સાસુ. સ્વ. મનહરલાલ ચીમનલાલ સંઘવી તથા મંજુલાબેનના સુપુત્રી. અનીબેન અશોકભાઇ દોશી, રૂપાબેન વિનોદભાઇ શાહ તથા રાજેશભાઇ મનહરલાલ સંઘવીના બહેન. પ્રાર્થનાસભા તા. ૨૨-૧-૨૬ સાંજે ૪.૩૦થી ૬.૩૦. ઠે. હોલ ઓફ કલ્ચર, નેહરૂ સેન્ટર, વરલી.

### કાળધર્મ

તપગચ્છનાં ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્ય શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના મહાન યોગ સાધક તત્વચિંતક પુજ્ય કીર્તીચંદ્રવિજયજી મહારાજ (બંધુ ત્રિપુટી) (ઉં. વ. ૮૨) તિથલ શાંતિનિકેતન સાધના કેન્દ્ર મુકામે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. તેઓનો દિક્ષા પર્યાય ૭૧ વર્ષ. સંસાર પક્ષે ગામ: ભુજપુરનાં પુણ્યશ્લોકી પુજ્ય ગુણભદ્રવિજયજી મહારાજ અને પુણ્યશ્લોકી પુજ્ય સાધ્વી શ્રી મોક્ષલતાશ્રીજી મ.ના સુપુત્ર. પુણ્યશ્લોકી પુજ્ય અમરેન્દ્ર વિજયજી મહારાજના ભત્રીજા. પુણ્યશ્લોકી પુજ્ય મુનિચંદ્ર વિજયજી મહારાજ, પુજ્ય જિનચંદ્રવિજયજી મહારાજ, પુણ્યશ્લોકી પુજ્ય સાધ્વી શ્રી મલયકીર્તીશ્રી મ., ભુજપુરના સ્વ. લક્ષ્મીબેન શામજી ભેદા, પ્રાગપુરના નિર્મળાબેન જયંતીલાલ દેઢીયા, ભુજપુરના દેવચંદ હરશી દેઢીયાના ભાઇ. તેમની ગુણાનુવાદ સભા તા. ૧૩-૧-૨૬ને મંગળવારના રોજ શાંતિ નિકેતન સાધના કેન્દ્ર તિથલ મધ્યે થયેલ છે.

## પારસી મરણ

ફરોખ જમશેદ દોતીવાળા તે પરવીનના ધની. તે મરહુમો ખોરશેદ જમશેદ દોતીવાળાના દીકરા. તે નતાશા ને અનહીતાના પપા. તે રુશાદ ને મારટીન ના જમાઇ. તે અમયારા ને નોહાના મમાવા. તે હોશેદરના ફૂવાજી. (ઉં.વ. ૬૬) રે. ઠે. એફ-૨૦, ગોદરેજ બાગ, એન.પી. ગોદરેજ માર્ગ, સીમલા હાઉસની બાજુમાં, નેપીયન્સી રોડ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૧-૧-૨૬ના દીને બપોરે ૩.૪૫ વાગે જોખી અગિયારીમાં છેજી.

## હિન્દુ મરણ

### કપોળ

જાફરાબાદવાળા હાલ ભાયંદર રાજેન્દ્રભાઇ (ઉં. વ. ૭૫) તે સ્વ. જશવંતીબેન તથા અમૃતલાલભાઇ ગોરડીયાના પુત્ર. કુંદનબેનના પતિ. તેજશના પિતા. પ્રણાલીના સસરા. નિયોનીકાના દાદા. સાસરાપક્ષે ગં. સ્વ. મંગળાબેન અમૃતલાલ ગાંધીના જમાઇ. પ્રવીણભાઇ ગાંધી તેમ જ હિતેશભાઇ ગાંધીના બનેવી તા. ૧૭-૧-૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

### વાંઝા દરજી માંગરોળ

હાલ મુંબઇ (વિલેપાર્લે) સ્વ. મધુબેન જયંતીલાલ જાધવ (ઉં. વ. ૬૨) તે જયંતીલાલ દુલભજી જાધવના પત્ની. નીતિન જયંતીલાલ જાધવ અને ઉમા સંજયભાઇ પરમારના માતા. ધ્રુવ સંજયભાઇ પરમારના નાની. સ્વ. હીરજી વીરજી જેઠવાના પુત્રી તા. ૧૭-૧-૨૬ના શ્રીરામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૨-૧-૨૬ ગુરુવારના સમય ૫થી ૭. ઠે. સન્યાસ આશ્રમ ટ્રસ્ટ, વિશ્વેશ્વર ભવન, ૧માળે, વિલેપાર્લે, મુંબઇ-૫૬.

### રામી માળી સમાજ

અમદાવાદ નિવાસી હાલ ઘાટકોપર, શ્રીમતી હંસાબેન ચંપકલાલ દાસ (ઉં.વ.૯૩) મંગળવાર તા. ૨૦-૧-૨૬ના ઘાટકોપર શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ભારતીબેન પરેશ ભગત, મૂકેશ, મયૂર, પિયુષ, રશ્મિબેનના માતુશ્રી, કોકિલાબેન, ભારતીબેન, હર્ષાબેનના સાસુ તેમજ રાહુલ-કેતા, મોનિષ-મનિકા અને માનવ ના દાદી, સ્વ. ભાવેશ-જ્યોતિ હિતેશ-ગોપી, હેતલ-કમલ, માનસી અને પ્રેમના નાની. પ્રાર્થનાસભા તા. ગુરુવાર, ૨૨/૧/૨૬, ૪ થી ૬ ના, લૌકિક વ્યવહાર બંધ છે. સ્થાનઃ સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફૂટ રોડ, લવંડર બાગની બાજુમાં, ઘાટકોપર પૂર્વ.લૌકિક વ્યવહાર બંધ છે.

### કચ્છી લોહાણા

કચ્છ ગામ મઉ મોટી હાલ મુલુંડ નિવાસી સ્વ. લક્ષ્મીબેન કાનજી દેવજી ઠક્કર (ગિયાસોતા)ના સુપુત્ર તથા પુષ્પાબેનના પતિ. સ્વ. કરસનદાસ ઠક્કર (ઉં. વ. ૮૨) તા. ૧૯-૧-૨૬ સોમવારના શ્રીરામશરણ પામ્યા છે. તે સ્વ. દીપક, હિતેશ, રાજીવના પિતાશ્રી. અલકાબેન, બીનાબેન અને ભાવિકાબેનના સસરા. કૃણાલ, શરણ, જહાન્વી, ઋષિ અને રિયાના દાદા. તે સ્વ. હીરાબાઇ મુળજી દયાળજી પાંધી (તેરા)ના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા બુધવાર, તા. ૨૧-૧-૨૬ના ૫થી ૬.૩૦. ઠે. મહાકવિ કાલિદાસ ઓડિટોરિયમ, પી.કે. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

### દશા સોરઠીયા વણિક

જામનગર હાલ ઘાટકોપર રમાબેન જશવંતરાય ધ્રુવના સુપુત્ર પંકજ (ઉં.વ. ૭૨) તા. ૧૯-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. નીતાબહેનના પતિ. નેહા, દીપનાં પિતા. મહેન્દ્ર, જયેન્દ્ર, વસંતબેન, અનિલાબેનના ભાઇ. સ્વ. નટવરલાલ અમૃતલાલ વખારીયાના જમાઇ. સ્વ. અજયભાઇ, રાજેશ, સંજયના બનેવી. લૌકિક પ્રથા બંધ છે.

### ટીલોરી કુણની

મૂળ નિવાસ તલસોની, હાલ થાણે સ્વ. રૂકમણી રાજારામ મટકરના પુત્ર, જયાબેન જમાનદાસ દત્તણીના જમાઈ. તે રમાબેનના પતિ શાંતારામ (ઉં. વ.૭૩) તા. ૧૮/૧/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. દીપક, હેતલ, અનિતાના પિતા. ગુંજન, કશ્યપના સસરા. લક્ષ્મી, પાર્વતીના ભાઈ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

### કચ્છી લોહાણા

ગામના સરોવર કોરીયાણી હાલે મુલુંડ, અરવિંદ કરમશી કતીરાના પત્ની પુષ્પાબેન (ઉં.વ.૮૮) તા. ૧૯-૧-૨૬ના રામશરણ પામેલ છે. તે પાર્વતી કરમશી નારાયણજીના પુત્રવધૂ. મૈયા/મણીબેન ઠાકરશી કોટકના પુત્રી. રાજ, બીંદી ભરત ઠક્કરના માતુશ્રી. કૃષ્ણા, કાંચીના નાનીમા. જયરામના પરનાની, સ્વ. રામ, બાબુ, પ્રહલાદ, ભરતના ભાભી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૨૧-૧-૨૬ના બુધવારે ૫.૩૦ થી ૭. સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ-વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

### જનોડ એકડા વિશા ખડાયતા

કપડવંજ નિવાસી હાલ ઘાટકોપર કનૈયાલાલ સોમાલાલ શાહ (ઉં. વ. ૮૭) તા. ૧૦-૧-૨૬ શનિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે કુસુમબેનના પતિ.તૃપ્તિ, હીના, મિતેષ અને આશિષના પિતા. હેમંતકુમાર, જયેશકુમાર, તેજલ, હેતલના સસરા. સ્વ. કિર્તનલાલ, સ્વ. રમણલાલ, મનહરલાલ, ભૂપેન્દ્ર, કિરીટના ભાઇ. સ્વ. શાંતિલાલ છોટાલાલ શાહના જમાઇ. ડો. કેવિન, ભવ્ય, ધ્રુવીલના દાદા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૨-૧-૨૬ના ૯થી ૧૦.૩૦.ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ઘાટકોપર (પૂર્વ), લૌકિક વ્યવહાર બંધ છે.

### મેઘવાળ

તા. ૧૮-૧-૨૬ રવિવારના કિશોર જેઠાભાઇ મારૂ અવસાન પામ્યા છે. બારમાની વિધિ તા. ૨૨-૧-૨૬ ગુરુવારના સવારના ૯.૦૦ કલાકે. કિશોરભાઇ મારૂના ધર્મપત્ની પૂનમબેન, દીકરા મેહુલભાઇ અને માનવભાઇ તેમના માતુશ્રી. લાખુબેન જેઠાભાઇ મારૂ. તેમના પપ્પા. સ્વ. જેઠાભાઇ પીઠાભાઇ મારૂ. તેમના મોટા ભાઇ મોહનભાઇ, તેમના બેન જયાબેન મગનભાઇ પરમાર. બારમાનું સરનામું: રૂમ નં.૨૦૧, સાઇ સદગુરુ અપાર્ટમેન્ટ, સરસ્વતી સ્કૂલની બાજુમાં, સાઇનાથ નગર તુળીંજ રોડ, નાલાસોપારા (પૂર્વ).

### કપોળ વૈષ્ણવ

દેલવાડાવાળા સ્વ. જયાબેન છોટાલાલ રાઘવજી વોરાના સુપુત્ર કૃષ્ણકાંત વોરા (ઉં. વ. ૮૬) તે કુમુદબેનના પતિ. હરનીશ નિકુંજના પિતાશ્રી. માધવીના સસરા. દેશિક શ્યામલ આરવના દાદા. દેલવાડાવાળા નગીનદાસ ભગવાનદાસ સંઘવીના જમાઇ. વિઠ્ઠલદાસ દામોદરદાસ સંઘવીન ભાણેજ તા. ૧૯-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# પશ્ચિમ રેલવેમાં બ્લૉકની પરેશાનીથી પ્રવાસીઓ ત્રાહિમામ

**આજે પણ પરિસ્થિતિ એવી જ રહેશે, ૧૦૨ ટ્રેનો રદ કરાશે**

**મંગળવારે ટ્રેનો ૩૦-૩૫ મિનિટ મોડી દોડી**

**અનાઉન્સમેન્ટ પણ કરાતું નથી**

**પ્રવાસીઓને છેલ્લી ઘડીએ એક પ્લેટફોર્મથી બીજા પ્લેટફોર્મ પર ભાગવા સિવાય કોઇ વિકલ્પ નથી**

**સિનિયર સિટિઝનોની હાલત તો વધુ કફોડી**

મુંબઈ: પશ્ચિમ રેલવેના મુસાફરોની સમસ્યા દિવસેને દિવસે વધી જ રહી છે. અગાઉ રેલવે દ્વારા પાંચમી અને છઠ્ઠી લાઇન માટે ૧૮મી જાન્યુઆરી સુધી બ્લોક લેવામાં આવ્યો હતો ત્યારે અનેક લોકલ રદ કરાતા પ્રવાસીઓ હેરાન થઇ ગયા હતા અને હવે બોરીવલી-કાંદિવલી વચ્ચેના કારશેડના મેન્ટેનન્સને કારણે દિવસ દરમિયાન ૧૦૨ લોકલ રદ કરાતા પ્રવાસીઓને રીતસરનો રડવાનો વારો આવ્યો છે. એવામાં આજે એટલે કે બુધવાર પણ પરિસ્થિતિ યથાવત્ રહેશે. આજે પણ ૧૦૨ જેટલી લોકલ સેવા રદ કરવામાં આવનાર છે. મંગળવારે પ્રવાસીઓની હાલત ઘણી કફોડી જોવા મળી હતી. એમ-ઇન્ડિકેટર પણ કામ ન કરતા હોવાથી ટ્રેનો ક્યાં પહોંચી, ક્યારે આવશે એ અનિશ્ચિતતા વચ્ચે કયા પ્લેટફોર્મ પર ટ્રેનો આવવાની છે એને કારણે પ્રવાસીઓ હેરાન થયા હતા. રદ કરાયેલી ૧૦૨ સેવાઓમાંથી ૧૨ કોચવાળી ૮૩ લોકલ ટ્રેનો છે, જ્યારે ૧૫ કોચવાળી૧૪ લોકલ ટ્રેનો છે. મોટા પ્રમાણમાં ટ્રેનો રદ થવાથી પીક અવર્સ દરમિયાન ઉપલબ્ધ સેવાઓમાં ભીડ વધવાની ધારણા છે. મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ ઘરેથી નીકળતા પહેલા અપડેટેડ ટ્રેન શેડ્યૂલ તપાસે. ચાલુ કાર્ય દરમિયાન સલામતી જાળવવા માટે સેવાઓનું નિયમન કરવામાં આવતું હોવાથી મુસાફરોએ લાંબા સમય સુધી રાહ જોવી પડે અને ભીડવાળી ટ્રેનોનો અનુભવ થવાની સંભાવના છે. ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ કાંદિવલી કાર શેડ ખાતે પ્રવેશ અને બહાર નીકળવાની (જુઓ પાનું ૪) ▶▶

## બોરીવલીમાં પ્રવાસીઓની ભાગદોડ યથાવત્, અનિચ્છનિય ઘટના બની શકે

વિરારથી આવતી ચર્ચગેટ તરફની ફાસ્ટ લોકલ બોરીવલીમાં કયા પ્લેટફોર્મ પર આવે છે એની સમસ્યા હંમેશાની છે એવામાં સિનિયર સિટિઝનો સહિતના પ્રવાસીઓ બ્રિજ પર ઊભા રહીને જ ટ્રેનોની રાહ જોતા હોય છે. ઘણી વાર ઇન્ડિકેટર પર ટાઇમિંગ લગાવ્યા બાદ છેલ્લી ઘડીએ (જુઓ પાનું ૪) ▶▶

## રેશનલિસ્ટ ગોવિંદ પાનસરે હત્યા કેસના મુખ્ય આરોપીનું મૃત્યુ

મુંબઈ: રેશનલિસ્ટ અને લેખક ગોવિંદ પાનસરેની ૨૦૧૫માં થયેલી હત્યાના ષડયંત્રમાં સહભાગ હોવાનો આરોપ જેના પર મૂકવામાં આવ્યો હતો એ જમણેરી કાર્યકર સમીર ગાયકવાડનું મંગળવારે વહેલી સવારે મહારાષ્ટ્રના સાંગલી જિલ્લામાં અવસાન થયું હોવાની જાણકારી અધિકારીઓએ આપી હતી. સનાતન સંસ્થાના કથિત સભ્ય ૪૩ વર્ષના ગાયકવાડની ૨૦૧૫માં આ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. ૨૦૧૭માં તેમને જામીન મળ્યા બાદ તેઓ સાંગલીમાં પોતાના નિવાસસ્થાને રહેતા હતા. મંગળવારે વહેલી સવારે તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા એમ એક પોલીસ અધિકારીએ વધુ વિગતો આપ્યા વિના જણાવ્યું હતું.

પ્રથમ દૃષ્ટિએ ગાયકવાડનું મૃત્યુ હૃદયરોગના હુમલાના કારણે થયું હતું, પરંતુ પોલીસ મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોઈ રહી હોવાનું જણાવી અધિકારીએ ઉમેર્યું કે કશું શંકાસ્પદ નથી.

૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૫ના દિવસે મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં પાનસર પર ગોળીબાર કરવામાં આવ્યા બાદ ૨૦ ફેબ્રુઆરીએ તેમનું મૃત્યુ થયું હતું. પાનસરેની હત્યાની તપાસ માટે રચાયેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમએ સપ્ટેમ્બર ૨૦૧૫માં આ કેસમાં ગાયકવાડની ધરપકડ કરી હતી. ચાર્જશીટમાં ગાયકવાડનો સહ-ષડયંત્રકારી તરીકે ઉલ્લેખ કર્યો હતો અને તેણે સનાતન સંસ્થાના અન્ય કાર્યકરો સાથે મળી પાનસરેની હત્યા કરી હોવાનો આરોપ મુકવામાં આવ્યો હતો. (પીટીઆઈ) ■

## અબુ સાલેમના પેરોલ મંજૂર કરવામાં આવે તો તે ભાગી જશેઃ સરકારે હાઇ કોર્ટને કહ્યું

### ‘જો તે ફરાર થયો તો પોર્ટુગલ સાથેના રાજદ્વારી સંબંધો વણસી જશે’

મુંબઈ: રાજ્ય સરકારે મંગળવારે ગેન્ગસ્ટર અબુ સાલેમના પેરોલનો વિરોધ કર્યો હતો અને બોમ્બે હાઇ કોર્ટને જાણ કરી હતી કે ૧૯૯૩ બોમ્બબ્લાસ્ટના દોષિત સાલેમના પેરોલ મંજૂર કરવામાં આવે તો તે ફરાર થઇ જશે, જેને કારણે ભારત અને પોર્ટુગલ વચ્ચે રાજદ્વારી સંબંધો વણસી જશે.

પોર્ટુગલથી ૨૦૦૫માં પ્રત્યર્પણ કરીને ભારત લવાયેલા અબુ સાલેમે તેના મોટા ભાઇ અબુ હકીમ અંસારીનું નવેમ્બર, ૨૦૨૫માં મૃત્યુ બાદ ઉત્તર પ્રદેશના કોમવાદની દૃષ્ટિએ સંવેદનશીલ આઝમગઢ જવા માટે ૧૪ દિવસના પેરોલની માગણી કરી હતી.

જસ્ટિસ એ.એસ. ગડકરી અને શ્યામ ચાંડકની બેન્ચ સમક્ષ દાખલ કરેલા સોગંદનામામાં રાજ્ય સરકારે જણાવ્યું છે કે આ સંજોગોમાં સાલેમને બે દિવસની કટોકટીની પેરોલ રજા આપી શકાય.

જો અરજદારને પેરોલ આપવામાં આવે તો તે ફરી ફરાર થઇ શકે છે, જેમ તેણે ૧૯૯૩માં કર્યું હતું, એમ કોર્ટ સમક્ષ દાખલ કરાયેલા સોગંધનામામાં ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પ્રિઝનર સુહાસ વારકેએ જણાવ્યું છે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે જો તે ભાગી જશે તો તેને કારણે પોર્ટુગલ અને ભારત વચ્ચે ગંભીર સમસ્યા ઊભી થશે અને સમાજમાં નોંધપાત્ર ખતરો ઊભો થશે. સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશને (સીબીઆઇ) પણ આ મામલામાં હસ્તક્ષેપ કર્યો હતો.

જ્યારે કોર્ટે પૂછ્યું કે કાયદો અને વ્યવસ્થાની કઇ સ્થિતિ નિર્માણ થઇ શકે છે ત્યારે એજન્સી વતી હાજર એડવોકેટે યોગ્ય સૂચના માટે સમય માગ્યો હતો. હાઇ કોર્ટે બાદમાં સુનાવણી ૨૮ જાન્યુઆરી પર મોકૂફ રાખી હતી.

સરકારે સોગંધનામામાં જણાવ્યું છે કે સાલેમ ઇન્ટરનેશનલ ગેન્ગસ્ટર હતો અને તે દાયકાઓથી ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ હતો.

નોંધનીય છે કે પોર્ટુગલમાં સાલેમને બોગસ પાસપોર્ટ પર મુસાફરી કરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યો હતો.

સાલેમને ૧૯૯૩ મુંબઈ સિરિયલ બ્લાસ્ટ સહિત ત્રણ કેસમાં આજીવન કારાવાસની સજા ફટકારાઇ છે અને અન્ય કેટલાક કેસમાં તેને ૨૫ વર્ષની જેલની સજા થઇ છે. (પીટીઆઇ)

## શિંદેના નગરસેવકો કેદમાંથી મુક્ત જયારે કૉંગ્રેસના ૨૪ નગરસેવકના ગ્રૂપ લીડર સહિતનું રજિસ્ટ્રેશન પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની તાજેતરમાં પાર પડેલી ચૂંટણીમાં મુંબઈના મેયર કોણ બનશે તેનો સસ્પેન્સ હજી યથાવત છે. સૌથી મોટા તરીકે બહાર આવેલા પક્ષને બહુમતી માટે ખુટતી સંખ્યા અને સાથીપક્ષના નવા ચૂંટાયેલા નગરસેવકોને પક્ષપલટોથી બચાવવા હોટલમાં કેદ કર્યા હોવાનો ડ્રામા એક તરફ ચાલી રહ્યો હતો, જ્યારે મંગળવારે મોડી રાતે તેઓને હોટેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા, ત્યારે બીજી તરફ કોંગ્રેસે પોતાના ગ્રૂપ લીડર સહિત કુલ ૨૪ નગરસેવકોનું રજિસ્ટ્રેશન બેલાપૂરમાં કોંકણ ભવનમાં પાર પાડયું હતું. ગ્રૂપની સ્થાપના અને રજિસ્ટ્રેશન થઈ જવાથી હવે કોંગ્રેસનો એક પણ નગરસેવક ફૂટી શકશે નહીં.

બીજા નંબરે ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને ત્રીજા નંબરે શિંદેની સેના ૨૯ નગરસેવકો સાથે રહી છે. તો કોંગ્રેસના ૨૪ નગરસેવકો ચૂંટાયા છે અને તે ચોથા નંબરે રહી છે. પાલિકાની ચૂંટણી ભાજપ-શિંદે સેના સાથે લડી છે. પાલિકાના ૨૨૭ નગરસેવકોમાં સત્તા સ્થાપના માટે ૧૧૪ એ બહુમતીનો આંકડો છે. ભાજપ અને શિંદે સેના સાથે સત્તા સ્થાપી શકે છે. ડેપ્યુટી ચીફ મિનિસ્ટર શિંદેની મદદ સિવાય ભાજપ કોઈ પણ પરિસ્થિતિમાં સત્તા અને મેયર બેસાડી શક્શે નહીં એ શિંદે સારી રીતે જાણે છે અને તેથી તેમના નગરસેવકો ફૂટે નહીં તે ડરે તેમના પક્ષના તમામ ચૂંટાયેલા નગરસેવકોને હોટલમાં રાખવામાં આવ્યા હતા.

આ દરમ્યાન કોંગ્રેસે આ સમયે પોતાના નગરસેવકો ફૂટીને બીજા પક્ષમાં જતા ન રહે તે માટે તકેદારીના પગલારૂપે કોંગ્રેસે નવા ચૂંટાયેલા નગરસેવકોની ગ્રૂપની સ્થાપના કરી હતી.

એ અગાઉ ગ્રૂપ લીડર તરીકે સોમવારે અશરફ આઝમીને નીમવામાં આવ્યા હતા અને મંગળવારે તેઓએ નવી મુંબઈના કોંકણ ભવનમાં જઈને ગ્રૂપ લીડર સહિત પક્ષના કુલ ૨૪ નગરસેવકોનું રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ત્યારબાદ પાલિકાના મુખ્યાલયમાં પાલિકાના સેક્રેટરીને તમામ દસ્તાવેજો સોંપીને પ્રક્રિયા પૂર્ણ કરી હતી. હવે રજિસ્ટ્રેશન બાદ કોંગ્રેસના નગરસેવકો પક્ષપલટો કરે તો પક્ષ નિયમ મુજબ તેમની સામે કાર્યવાહી કરી શકે છે અને નગરસેવક પદ રદ પણ કરાવી શકે છે.■

## મલાડમાં હાઈવે પર ખાનગી બસમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈ: મલાડમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર વહેલી સવારના એક ખાનગી બસમાં અચાનક આગ ફાટી નીકળી હતી. સવારના પીક અવર્સમાં બસમાં લાગેલી આગને કારણે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું.

ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ વહેલી સવારના ૧૦ વાગ્યાની આસપાસ મલાડ પૂર્વમાં બ્રિજ પાસે આ બનાવ બન્યો હતો, જેમાં ખાનગી સ્લીપર કોચ બસ બોરીવલી તરફ જઈ રહી હતી ત્યારે અચાનક તેમાં આગ ફાટી નીકળી હતી.

બસમાં આગ લાગી ત્યારે તેમાં પ્રવાસીઓ બેઠા હતા. આગ લાગવાની સાથે જ ઝડપથી તેઓ બસમાંથી સુરક્ષિત રીતે બહાર નીકળવામાં સફળ રહ્યા હતા. બસમાં ચોક્કસ કેટલા પ્રવાસીઓ હતા તેની જાણ થઈ શકી નહોતી. ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને અડધા કલાકમાં આગ બુઝાવી દીધી હતી. જોકે આગમાં બસ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી.

આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. આગને કારણે જોકે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક જામ થઈ ગયો હતો. ■

## મેયર, ડેપ્યુટી મેયરની ચૂંટણીને પગલે સુધરાઈનું બજેટ પાછળ ધકેલાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની નવ વર્ષ બાદ પાર પડેલી ચૂંટણી બાદ હવે મુંબઈના મેયર અને ડેપ્યુટી મેયર સહિત વૈધાનિક સમિતિઓની ચૂંટણીઓ યોજાવવાની શક્યતા હોવાથી ૨૦૨૬-૨૭ના આર્થિક વર્ષ માટેનું પાલિકાનું બજેટ મોડું પડે એવી શક્યતા ઉચ્ચ અધિકારીઓએ વ્યક્ત કરી છે. અધિકારીના જણાવ્યા મુજબ ચૂંટણીના શેડ્યુલના કારણે પાલિકાનું બજેટ સમયસર રજૂ કરવું પડકારજનક સાબિત થઈ શકે છે.

મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર પરંપરાગત રીતે ફેબ્રુઆરીના પહેલા અઠવાડિયામાં પાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષને વાર્ષિક બજેટ રજૂ કરે છે, જે નાણાકીય નિર્ણય માટે જવાબદાર મુખ્ય સમિતિ છે. પાલિકાની ચૂંટણી તાજેતરમાં પૂર્ણ થઈ છે. મેયર તથા ડેપ્યુટી મેયરની ચૂંટણી જાન્યુઆરી અંત સુધીમાં થવાની શક્યતા છે. એ બાદ ફેબ્રુઆરીના પહેલા અઠવાડિયામાં ચાર મહત્ત્વની સમિતિના અધ્યક્ષોની ચૂંટણી યોજાશે, તેને કારણે બજેટને પહેલા અઠવાડિયામાં રજૂ કરવું મુશ્કેલ સાબિત થઈ શકે છે.

પાલિકાના સૂત્રોના જણાવ્યા મુજબ બજેટ રજૂ કરવામાં એક મહિનાનો વિલંબ કરવા માટે પાલિકાને રાજ્યના અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટની મંજૂરી લેવી પડશે. ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષ માટે મુંબઈ મહાનગરપાલિકાએ ૭૪,૪૨૭ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યું હતું, જેમાં મુંબઈ કોસ્ટલ રોડ (ઉત્તર), વર્સોવા-દહિસર લિંક રોડ અને ગોરેગામ-મુલુંડ લિંક રોડ સહિત અનેક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે ફાળવણી કરવામાં આવી હતી. એ સિવાય નાગરિક સેવા, આરોગ્ય તથા શિક્ષણ માટે પણ નોંધપાત્ર રકમ ફાળવવામાં આવી હતી.

બજેટની જાહેરાતમાં વિલંબ થવાની શક્યતા પાછળ મેયરની ચૂંટણી માનવામાં આવે છે. મેયરનું પદ રોટેશન દ્વારા અનામતને આધીન રહેશે, જેનો નિર્ણય ૨૨ જાન્યુઆરી, ગુરુવારના લોટરી દ્વારા લેવામાં આવશે. જોકે પાલિકામાં સત્તા માટેનો ખરો સંઘર્ષ મેયરની ખુરશીથી ઘણો આગળ ગણાય છે. કોઈ પણ નાના રાજયના બજેટ કરતા પણ મોટું બજેટ ધરાવતી મુંબઈ મહાનગરપાલિકામાં સ્થાયી, સુધાર, શિક્ષણ અને બેસ્ટ સમિતિ જેવી મહત્વની સમિતિઓ પર નિયંત્રણ નક્કી કરશે કે કઈ રાજકીય પાર્ટી પાલિકા ચલાવે છે.

મેયરનો કાર્યકાળ અઢી વર્ષનો હોય છે જયારે વૈધાનિક સમિતિના અધ્યક્ષ એક વર્ષ માટે જ હોય છે. નવી સમિતિના અધ્યક્ષો માટેની ચૂંટણી સામાન્ય રીતે પહેલી એપ્રિલના રોજ યોજવામાં આવે છે, જે નવા નાણાકીય વર્ષની શરૂઆત છે. જોકે આ પદ આ વર્ષે ફેબ્રુઆરીમાં જ ભરવામાં આવવાના હોવાથી એપ્રિલમાં તેની માટે ચૂંટણી થશે નહીં. માર્ચ ૨૦૨૨માં ચૂંટાયેલા નગરસેવકોની ટર્મ પૂરી થઈ ત્યારથી પાલિકામાં પ્રશાસક કારભાર સંભાળી રહ્યા છે.■

## દાઓસમાં પહેલા દિવસે ૧૪ લાખ ૫૦ હજાર કરોડના રોકાણ કરારઃ ૧૫ લાખ રોજગારી ઉપલબ્ધ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દાવોસમાં પહેલા જ દિવસે વિશ્વભરના વિવિધ ક્ષેત્રના ઉદ્યોગગૃહોએ મહારાષ્ટ્રમાં રોકાણ માટે રસ દર્શાવ્યો હતો. પહેલા દિવસે લગભગ ૧૪ લાખ ૫૦ હજાર કરોડના રોકાણ કરાર કરવામાં આવ્યા હતા. એ સાથે જ રાજ્યમાં ૧૫ લાખ રોજગારની સંધી નિર્માણ થઈ હોવાનો દાવો મહારાષ્ટ્ર સરકારે કર્યો હતો.

વર્લ્ડ ઈકોનોમિક ફોરમની દાવોસમાં વાર્ષિક સભા યોજાઈ છે, જેમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સહિત મંત્રી મંડળે ત્યાં હાજરી પૂરાવી છે. મહારાષ્ટ્ર સરકારના દાવા મુજબ ગ્રીન એનર્જી, અન્ન પ્રક્રિયા, પોલાદ નિર્માણ, આઈટી, ડેટા સર્મિનસ, ઈવી-ઓટોમોબાઈલ, જહાજ બાંધકામ, ડિજિટલ ઈન્ફ્રા જેવા વિવિધ ક્ષેત્રમાં આ રોકણ કરવામાં આવવાનું છે. મુંબઈ સહિત રાજ્યના રત્નાગિરી, પાલઘર, ગઢચિરોલી, અહિલ્યાનગર જેવા વિસ્તારમાં આ રોકાણ કરવામાં આવવાનું છે, તેને પગલે રોજગારી ઉપલબ્ધ થવાની શક્યતા છે.

આ દરમ્યાન એમએમઆરડીએ દ્વારા દાઓસમાં પહેલા જ દિવસે ૯૬ અબજ યુએસ ડોલર્સ રોકાણ કરાર કરવામાં આવ્યા હોવાનું જણાવવામાં આવ્યું હતું, તેને કારણે રાજ્યમાં ૯.૬ લાખ રોજગાર ઉપલબ્ધ થશે. ■

## SSC - HSC ની પરીક્ષા હવે કોપી ફ્રી : કલાસરૂમમાં બેસાડાશે સીસીટીવી

નવી મુંબઈ: ધોરણ ૧૦ અને ૧૨ માટે વાર્ષિક પરીક્ષાનું ટાઇમટેબલ જાહેર કરવામાં આવ્યું છે અને હવે કોપી-ફ્રી પરીક્ષા અભિયાન વધુ જોરશોરથી અમલમાં મૂકવામાં આવશે. આ માટે વિવિધ પગલાં લેવામાં આવ્યા છે, જેમાં તમામ પરીક્ષા ક્લાસમાં સીસીટીવી લગાવવામાં આવશે. આ સાથે વિદ્યાર્થીઓને કોપી કરવાથી દૂર રાખવા માટે કાઉન્સેલિંગ પણ કરવામાં આવ્યું હતું.

ધોરણ ૧૨ની પરીક્ષા ૧૦ થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન લેવામાં આવશે. જ્યારે ધોરણ ૧૦ ની પરીક્ષા ૨૦ ફેબ્રુઆરીથી થી ૧૮ માર્ચ દરમિયાન આયોજિત કરવામાં આવી છે. પરીક્ષાના સમયગાળા દરમિયાન ‘કોપી- ફ્રી અભિયાન’ ચલાવવામાં આવશે. આ પરીક્ષાઓ સીસીટીવીની દેખરેખ હેઠળ લેવામાં આવશે. સપ્ટેમ્બર મહિનામાં પ્રિન્સિપાલ અને મુખ્ય શિક્ષકોની જિલ્લાવાર સંયુક્ત ચર્ચા-વિચારણા બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું અને કોપી-ફ્રી અભિયાનના અમલીકરણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કોપી-ફ્રી અભિયાનનો અર્થ વિદ્યાર્થીઓને હેરાન કરવાનો નથી, પરંતુ પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓ માટે પીવાના સ્વચ્છ પાણીની સુવિધા, પૂરતા શૌચાલય, વીજ પુરવઠા માટે ઇન્વર્ટર અથવા જનરેટરની સુવિધા અને પરીક્ષાની સામગ્રી રાખવા માટે ચુસ્ત સુરક્ષા ધરાવતો સ્ટ્રોંગ રૂમ પૂરો પાડવો ફરજિયાત છે.

આ સિવાય દરેક ક્લાસ સીસીટીવી કેમેરા ફરજિયાત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, પરીક્ષા માટે એક તકેદારી સમિતિની રચના કરવામાં આવી છે અને ફ્લાઈંગ સ્ક્વોડની પણ નિમણૂક કરવામાં આવી છે. ■

## કલ્યાણની ત્રણ છોકરી ગુમ

મુંબઈ: કલ્યાણના એક જ ઘરમાંથી રાતે સગીર વયની ત્રણ છોકરી ગુમ થતાં ખળભળાટ મચી ગયો હતો. અજાણ્યો શખસ ત્રણેય છોકરીને ભગાવી ગયો હોવાની શંકા વડીલોએ વ્યક્ત કરતાં પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. કલ્યાણ પશ્ચિમના કયા પરિસરમાંથી બાળકીઓ ગુમ થઈ છે તેની સ્પષ્ટતા પોલીસે કરી નહોતી. જોકે આ મામલે ખડકપાડા પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

સોમવારે રાતે જમ્યા પછી પરિવાર સૂઈ ગયો હતો. બીજી સવારે વડીલો ઊંઘમાંથી જાગ્યા ત્યારે ઘરનો દરવાજો ખુલ્લો દેખાયો હતો અને ત્રણેય સગીરા ગુમ હોવાનું જણાયું હતું. ■

## ઈમારતમાં સ્યુએજ પ્લાન્ટ ન હોય ત્યાં સુધી ઓસી નહીંઃ હાઈ કોર્ટ

મુંબઈ: બોમ્બે હાઇકોર્ટે મહારાષ્ટ્રના તમામ નાગરિક અધિકારીઓને નિર્દેશ આપ્યો છે કે જ્યાં સુધી વિકાસકર્તાઓ બાંધકામ પરવાનગીઓનું સંપૂર્ણ પાલન ન કરે અને યોગ્ય સ્યુએજ વ્યવસ્થાપન સુનિશ્ચિત ન કરે ત્યાં સુધી કોઈપણ માળખાને ઓક્યુપેશન સર્ટિફિકેટ (ઓસી) જારી ન કરે.

ન્યાયાધીશ રવિન્દ્ર ઘુગે અને અભય મંત્રીની બેન્ચે ઉલ્હાસ નદીમાં સ્યુએજ ઠાલવવાથી થતી સમસ્યાની તીવ્રતા પર ધ્યાન આપ્યું કારણ કે થાણે જિલ્લામાં ૪૩૮ કથિત અનધિકૃત બાંધકામો પર કોઈ યોગ્ય એસટીપી (સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) બનાવવામાં આવ્યા ન હતા. ■

## કુર્લામાં ૭૧ ગેરકાયદે બાંધકામનો સફાયો

### ગેરકાયદે ફેરિયા, ફૂટપાથ પર અતિક્રમણ કરનારી દુકાનો સામે પણ કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કુર્લા પશ્ચિમમાં રસ્તા પર તથા ફૂટપાથ પર ગેરકાયદેસર રીતે અંડિગો જમાવી બેસેલા ફેરિયાઓ તથા ગેરકાયદે રીતે ફૂટપાથ પર અતિક્રમણ કરનારી દુકાનો સામે મુંબઈ મહાનગરપાલિકાના ‘એલ’ વોર્ડ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. મંગળવારે લગભગ ૭૧ ગેરકાયદે બાંધકામને પાલિકા દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા..

કુર્લા પશ્ચિમમાં કુર્લા રેલવે સ્ટેશન પરિસર, ન્યૂ મિલ રોડ, બેલ બઝાર પરિસર, વિનોબા ભાવે જેવા પરિસરમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં આ પરિસરમાં આવતા ગેરકાયદે ફેરિયાઓ, ફૂટપાથ પર ગેરકાયદે રીતે દુકાનો ઊભા કરનારા તેમ જ ફૂટપાથ પર દુકાનનું વધારાનું બાંધકામ કરીને અતિક્રમણ કરનારા કુલ ૭૧ બાંધકામને તોડી પાડવામાં આવ્યા હતા. ક

ુર્લા પોલીસ સ્ટેશન હદમાં ૫૩ અને વિનોબા ભાવે નગર પોલીસ હદમાં ૧૮ એમ કુલ ૭૧ ગેરકાયદે ફેરિયાઓ, દુકાનો અને દુકાનના વધારાના બાંધકામનો સમાવેશ થાય છે. ■

## અભિનેતા-રાજકારણી મનોજ તિવારીના ફ્લૅટમાં ચોરીઃ ભૂતપૂર્વ નોકરની ધરપકડ

મુંબઈ: અભિનેતા અને ભાજપના સાંસદ મનોજ તિવારીના અંધેરીના ફ્લૅટમાંથી ૫.૪ લાખ રૂપિયા ચોરી કરવાના આરોપસર પોલીસે તેના જ ભૂતપૂર્વ નોકરની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ આરોપી સુરેન્દ્ર કુમાર દીનાનાથ શર્માને તિવારીએ બે વર્ષ અગાઉ કામ પરથી કાઢી મૂક્યો હતો. શર્મા ડુપ્લિકેટ ચાવીની મદદથી ગયા સપ્તાહે સાંસદ તિવારીના અંધેરીના ફ્લૅટમાં ઘૂસ્યો હતો અને રોકડ ચોરી હતી. આ પ્રકરણે તિવારીના મૅનેજર પ્રમોદ જોગેન્દ્ર પાંડેયએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે એફઆઈઆર નોંધ્યો હતો. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે ગયા વર્ષના જૂનમાં ફ્લૅટની એક રૂમમાંથી ૪.૪ લાખ રૂપિયા કથિત રીતે ગુમ થયા હતા. આ બાબત ધ્યાનમાં આવ્યા પછી ડિસેમ્બરમાં ફ્લૅટમાં સીસીટીવી કૅમેરા લગાવવામાં આવ્યા હતા. ફરિયાદમાં જણાવાયું હતું કે પાંડેય ગયા સપ્તાહે કામ માટે બહાર ગયો હતો ત્યારે ફ્લૅટમાં કોઈ ઘૂસ્યું હોવા સંદર્ભેનું અલર્ટ તેના મોબાઈલ ફોનમાં આવ્યું હતું. ફ્લૅટમાંના સીસીટીવી કૅમેરાનું એક્સેસ તેણે પોતાના મોબાઈલમાં રાખ્યું હતું. તેણે તાત્કાલિક સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ જોતાં આરોપી ડુપ્લિકેટ ચાવીની મદદથી ફ્લૅટમાં ઘૂસતો નજરે પડ્યો હતો. તેણે કબાટમાંથી રોકડ ચોરી હોવાનું પણ ફૂટેજમાં દેખાયું હતું. મૅનેજરે આ અંગે બિલ્ડિંગના સિક્યોરિટી ગાર્ડને જાણ કરતાં આરોપીને તાબામાં લેવાયો હતો. તેની પાસેથી એક લાખ રૂપિયા મળી આવ્યા હતા. સીસીટીવી ફૂટેજ દેખાડી પૂછવામાં આવતાં આરોપીએ ગુનાની કબૂલાત કરી હતી, જેને પગલે તેને પોલીસના તાબામાં સોંપાયો હતો. (પીટીઆઈ)■

# ઈશાન કિશન માટે આજની મૅચનો બૅટિંગ-ક્રમ નક્કી થઈ ગયો, જાણો સૂર્યકુમારે શું કારણ આપ્યું

**▸ કૅપ્ટન સૂર્યકુમારે પોતાના વિશેની ચર્ચામાં ટેબલ ટેનિસ અને ટેનિસનો ઉલ્લેખ કર્યો**

નાગપુરઃ ન્યૂ ઝીલૅન્ડે ભારત સામેની ગયા અઠવાડિયાની વન-ડે સિરીઝ બબ્બે દિગ્ગજો (રોહિત શર્મા અને વિરાટ કોહલી)ની હાજરીમાં ૨-૧થી જીતી લીધી ત્યાર બાદ હવે આજે પાંચ મૅચની ટી-૨૦ શ્રેણી શરૂ થઈ રહી છે જેમાં નાગપુરની પહેલી મૅચ (સાંજે ૭.૦૦ વાગ્યે)થી જ કૅપ્ટન સૂર્યકુમાર યાદવે વિકેટકીપર-બૅટ્સમૅન ઇશાન કિશનનો બૅટિંગ-ક્રમ નક્કી કરી રાખ્યો છે. નવાઈની વાત એ છે કે કિશનને શ્રેયસ ઐયરની પહેલાં બૅટિંગમાં મોકલવામાં આવશે.

મૂળ તો ટી-૨૦ ટીમમાં લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન તિલક વર્માના સ્થાને ઇશાન કિશનનો સમાવેશ કરાયો છે, કારણકે તે પણ લેફ્ટ-હૅન્ડ બૅટિંગ કરે છે. તિલકે તાજેતરમાં જ અંડકોષની ઓચિંતી સર્જરી કરાવી હોવાથી આ ટી-૨૦ સિરીઝમાં નથી રમવાનો અને તેના સ્થાને શ્રેયસને ટીમમાં સમાવાયો છે. જોકે કૅપ્ટન સૂર્યકુમારનું કહેવું સ્પષ્ટ છે.

મંગળવારે સૂર્યાએ અહીં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું, 'ઇશાન ત્રીજા નંબર પર (વનડાઉનમાં) બૅટિંગ કરશે, કારણકે તે ફેબ્રુઆરીની ટી-૨૦ વર્લ્ડ કપ ટીમનો હિસ્સો છે અને આ સિરીઝ માટેની ટીમમાં પહેલાં તેને સામેલ કરવામાં આવ્યો હતો એટલે તેને પહેલાં મોકો આપવાની અમારી જવાબદારી છે.'



### વનડાઉનમાં તિલકના સ્થાને ઇશાન જ બેસ્ટ

ઇશાન વિશે સૂર્યાએ એવું પણ કહ્યું હતું કે 'તે દોઢ વર્ષથી ભારત વતી નથી રમ્યો, પરંતુ એ સમયગાળા દરમ્યાન ડોમેસ્ટિક ક્રિકેટમાં તેણે સતત સારું પર્ફોર્મ કર્યું હતું. કમનસીબે તિલક આ શ્રેણીમાં નથી રમી શકવાનો એટલે તેના ત્રીજા ક્રમે ઇશાન જ બેસ્ટ છે.'

શું ત્રીજા નંબરે તમે બૅટિંગ કરશો? એવા સવાલના જવાબમાં સૂર્યાએ કહ્યું, 'એ બાબતમાં હું કોઈ નક્કી અભિગમ નહીં રાખું. ભારત વતી મેં ત્રીજા અને ચોથા, બન્ને સ્થાન પર બૅટિંગ કરી છે. ચોથા ક્રમે મારો દેખાવ થોડો સારો રહ્યો છે, પણ ત્રીજા નંબરે પણ કંઈ સારું રમ્યો છું. બાકી તો, અમે સ્થિતિ જોઈને બધુ નક્કી કરીશું. જેમ કે, રાઇટ-હૅન્ડર સંજુ સૅમસન આઉટ થશે તો હું બૅટિંગ કરવા ઉતરીશ.'

### સૂર્યાએ પોતાના બૅટિંગ-ફૉર્મ વિશે શું કહ્યું?

૨૦૨૫ની સાલમાં ૧૫.૦૦થી પણ ઓછી બૅટિંગ-સરેરાશ સાથે રન બનાવનાર કૅપ્ટન સૂર્યકુમાર યાદવના સુકાનમાં ભારતીય ટીમ ટી-૨૦ શ્રેણીઓમાં સારું પર્ફોર્મ કરી રહી છે, પરંતુ ખુદ સૂર્યા બૅટિંગમાં ફૉર્મ ગુમાવી બેઠો છે. જોકે જે બૅટિંગે તેને સફળતા અપાવી છે એ સંદર્ભમાં તે કોઈ જ ફેરફાર નથી કરવા માગતો. તેણે પત્રકારોને કહ્યું, 'હું થોડા સમયથી રન નથી બનાવી શકતો એ વાત સાચી, પણ હું મારી ઓળખ બદલાવા નહીં દઉં. છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં મને જે રીતે સફળતા મળી છે એ જ રીતે રમતો રહીશ. જો સારું પર્ફોર્મ નહીં કરું તો હંમેશની જેમ પ્રૅક્ટિસ કરતો જ રહીશ. હું ટેબલ ટેનિસ (ટી. ટી.) અને ટેનિસની જેમ વ્યક્તિગત રમત રમતો હોત તો મને મારા ફૉર્મ વિશે ચિંતા હોત, પરંતુ આ તો ટીમ-સ્પોર્ટ છે અને મારી પહેલી જવાબદારી એ છે કે મારી ટીમ સારું પર્ફોર્મ કરે. જો ટીમ જીતશે તો હું ખુશ થઈશ અને ટીમને હું (બૅટ્સમૅન તરીકે) યોગદાન આપીશ તો સારી વાત છે અને જો નહીં આપી શકું તો ચિંતા નહીં કરું કારણકે આવું તો બનતું હોય છે. મારે બીજા ૧૪ ખેલાડીના પર્ફોર્મન્સ પર પણ ધ્યાન આપવું પડે. પહેલાં ટીમનો સફળ પર્ફોર્મન્સ જરૂરી છે.' ■

## આજે પ્રથમ ટી-૨૦

નાગપુરઃ ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે નાગપુરમાં આજે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) પાંચ મૅચવાળી સિરીઝની પહેલી મૅચ રમાશે. કિવીઓ ભારતમાં ક્યારેય ટી-૨૦ શ્રેણી નથી જીતી શક્યા, પરંતુ જેમ ગયા અઠવાડિયે પહેલી વખત ભારતમાં વન-ડે શ્રેણી (૨-૧થી) જીત્યા એ રીતે હવે ટી-૨૦ સિરીઝ જીતવાનો પણ મોકો ઝડપી શકે. ફેબ્રુઆરીના ટી-૨૦ વર્લ્ડ કપ પહેલાં બન્ને દેશની ટીમની આકરી કસોટી થવાની છે. ■

## મુંબઈનો પાવરપ્લેમાં ફરી નબળો દેખાવ

વડોદરાઃ વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)ના બે ટાઇટલ જીતી ચૂકેલી મુંબઈ ઇન્ડિયન્સની ટીમને પાવરપ્લેમાં રનમશીનને વેગ ન આપી શકવાની ખામી મંગળવારે અહીં દિલ્હી કૅપિટલ્સ સામેની મૅચમાં પણ નડી હતી, પરંતુ બ્રિટિશ ખેલાડી નૅટ સિવર-બ્રન્ટ (૬૫ અણનમ, ૪૫ બૉલ, બે સિક્સર, છ ફોર) ફરી એક વાર ટીમની વહારે આવી હતી અને મુંબઈને ૫/૧૫૪નો સન્માનજનક સ્કોર અપાવવામાં સૌથી મોટું યોગદાન આપ્યું હતું. તેની અને કૅપ્ટન હરમનપ્રીત કૌર (૪૧ રન, ૩૩ બૉલ, સાત ફોર) વચ્ચે ત્રીજી વિકેટ માટે ૭૮ રનની ભાગીદારી થઈ હતી. દિલ્હી વતી સ્પિનર શ્રી ચરનીએ સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. ■

# પોલ વૉલ્ટમાં વિક્રમ રચનારને પનવેલથી ટ્રેનમાં ન બેસવા દેવાયો





પનવેલઃ પોલ વૉલ્ટ (વાંસ કૂદકા)ની રમતમાં રાષ્ટ્રીય વિક્રમ ધરાવતા ઍથ્લીટ દેવ મીના અને તેના સાથી-ઍથ્લીટ કુલદીપ યાદવને પનવેલ સ્ટેશન ખાતે ટ્રેનમાં ન બેસવા દેવામાં આવ્યો હોવાની ઘટનાથી ચકચાર મચી છે. તેમનો દોષ એ હતો કે તેઓ એક સ્પર્ધામાં ભાગ લીધા બાદ પાછા આવતી વખતે પોતાની સાથે વાંસની ઊંચી લાઠી લાવી રહ્યા હતા.

દેવ મીના અને કુલદીપને ટ્રાવેલિંગ ટિકિટ એક્ઝામિનર (ટીટીઇ)એ ટ્રેનમાં ન બેસવા કહ્યું હતું અને એનો વીડિયો તથા ફોટો વાઇરલ થયા છે. દેવ મીનાએ આ સતામણીને લગતા વીડિયોમાં ભારતીય રેલવેના અધિકારીઓના હાથે જે પરેશાની ભોગવવી પડી એની પેટછૂટી વાત કરી છે. દેવની સાથે તેના કોચ પણ હતા.

દેવ મીનાએ જણાવ્યું હતું કે પનવેલ સ્ટેશન પર તેઓ પાંચ કલાક સુધી અટવાઈ ગયા હતા અને તેમણે રેલવેના અધિકારીઓને એવું સમજાવા ભારે જહેમત ઉઠાવવી પડી હતી કે તેઓ જે રમતમાં ભાગ લેતા હોય છે એમાં આ સાધન (વાંસની ઊંચી લાઠી) આવશ્યક હોય છે. તેઓ ઑલ-ઇન્ડિયા યુનિવર્સિટી ચૅમ્પિયનશિપ્સમાં ભાગ લીધા બાદ પાછા જઈ રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી.

મધ્ય પ્રદેશના દેવ મીનાએ એપ્રિલ, ૨૦૨૫ની એક રાષ્ટ્રીય સ્પર્ધામાં પોતાનો જ ૫.૩૨ મીટરનો વિક્રમ તોડ્યો હતો અને ૫.૩૫ મીટરનો નવો રાષ્ટ્રીય વિક્રમ સ્થાપિત કર્યો હતો. એશિયામાં ૬ મીટરનો અને વિશ્વમાં ૬.૨૭ મીટરનો રેકૉર્ડ છે. ■

# સાઇનાએ ઘૂંટણની ઈજાથી કંટાળીને નિવૃત્તિ લીધી



મુંબઈઃ ભારતની ઑલમ્પિક મેડલ વિજેતા બૅડમિન્ટન ખેલાડી સાઇના નેહવાલે નિવૃત્તિ જાહેર કરી છે. તે છેલ્લે વર્ષ ૨૦૨૩માં સિંગાપોર ઓપનમાં રમી હતી, ત્યાર બાદ તેણે નિવૃત્તિનો નિર્ણય લીધો હતો, પરંતુ તેણે સત્તાવાર રીતે નિર્ણયની જાહેરાત કરી નહોતી કરી.

એક પૉડકાસ્ટ દરમિયાન નિવૃત્તિ અંગેનો નિર્ણય જાહેર કરતા સાઇનાએ કહ્યું, ''મેં બે વર્ષ પહેલાં જ રમવાનું બંધ કરી દીધું હતું. મેં મારી પોતાની શરતો પર આ રમતમાં પ્રવેશ કર્યો અને મારી શરતો પર રમત છોડી હતી, તેથી તેની જાહેરાત કરવાની કોઈ જરૂર નહોતી.''

સાઈના લાંબા સમયથી ઘૂંટણની ઈજાથી પીડાતી હતી, જેના કારણે તે અગાઉની માફક બૅડમિન્ટન રમવા સક્ષમ નહોતી. તેણે પૉડકાસ્ટમાં કહ્યું, 'મારું કાર્ટીલેજ સંપૂર્ણપણે ખતમ થઇ ગયું છે, મને સંધિવા છે, મારા માતાપિતાને, મારા કોચને મેં ફક્ત એટલું જ કહ્યું, હવે કદાચ હું નહીં રમી શકું. મને લાગ્યું કે મારો સમય પૂરો થઈ ગયો છે.' ■

# શમીએ બંગાળના લોકોને કહ્યું, મતદાનની પ્રક્રિયામાં મારી જેમ સાથ આપો

**▸ ભારતીય પેસ બોલર ચૂંટણી અધિકારીઓ સમક્ષ એસઆઇઆર વિશેની સુનાવણી માટે હાજર થયો**

કોલકાતાઃ ભારતીય પેસ બોલર મોહમ્મદ શમી મંગળવારે કોલકાતામાં ચૂંટણી અધિકારીઓ સમક્ષ સુનાવણી માટે હાજર થયો હતો. ઉલ્લેખનીય છે કે પશ્ચિમ બંગાળ રાજ્યમાં સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર)ની પ્રક્રિયા ચાલી રહી છે જે હેઠળ મતદાન પત્રિકામાં એવા જ લોકોનો સમાવેશ કરવામાં આવી રહ્યો છે જેઓ ભારતીય નાગરિક તરીકેની પાત્રતા ધરાવતા હોય. આ પત્રિકામાં કોઈ પણ એવા મતદાતાનું નામ ન હોવું જોઈએ જે ભારતીય નાગરિક ન હોય.



મોહમ્મદ શમી સ્કૂલમાંથી મેળવેલા જરૂરી દસ્તાવેજો સાથે ચૂંટણી અધિકારીઓ સમક્ષ હાજર થયો હતો. તે દક્ષિણ બંગાળમાં બિક્રમગઢ વિસ્તારની સ્કૂલમાં ભણ્યો હતો.

એક અધિકારીએ પીટીઆઇને જણાવ્યું હતું કે શમીએ સુનાવણી પૂરી થયા પછી કહ્યું હતું કે 'એસઆઇઆર દરેકની જવાબદારી છે, તમામ લોકોએ આ પ્રક્રિયામાં ભાગ લેવો જોઈએ અને એ દરમ્યાન સહકાર આપવો જોઈએ. આ પ્રક્રિયા કોઈના માટે પણ હાનિકારક નથી. મને કોઈ જ મુશ્કેલી ન નડી. ચૂંટણી અધિકારીઓએ બહુ સારી રીતે મને લગતી પ્રક્રિયા પાર પાડી. હું અહીં પચીસ વર્ષથી આ વિસ્તારમાં રહું છું. તેઓ મને જો પાછો બોલવશે તો હું ફરી આવી જઈશ.'

અગાઉ શમીએ જે ફૉર્મ ભર્યું હતું એમાં કેટલીક ક્ષતિઓ હોવાનું જણાતાં તેને સુનાવણી માટે બોલાવવામાં આવ્યો હતો. અધિકારીએ પીટીઆઇને જણાવ્યું હતું કે શમી સુનાવણી દરમ્યાન પાસપોર્ટ સાથે હાજર થયો હતો અને તેની સુનાવણી ૧૫ મિનિટમાં પૂરી કરી નાખવામાં આવી હતી.'

શમી ઉત્તર પ્રદેશનો છે અને ક્રિકેટની કારકિર્દીને કારણે થોડા વર્ષોથી બંગાળમાં રહે છે. કોલકાતા મહાનગરપાલિકાના ૯૩ નંબરના વૉર્ડમાં મતદાતા તરીકે તેનું નામ છે. તેને અને તેના ભાઈ મોહમ્મદ કૈફને ચૂંટણી અધિકારીઓએ સુનાવણી માટે બોલાવ્યા હતા. શમી થોડા દિવસ પહેલાં વિજય હઝારે ટૂર્નામેન્ટમાં રમતો હોવાથી રાજકોટમાં હતો ત્યારે સુનાવણી માટે નહોતો આવી શક્યો, પણ મંગળવારે હાજર થયો હતો. ■

# બીસીસીઆઇના કોઈ પણ ખેલાડીને ₹ સાત કરોડનો પગાર નહીં

મુંબઈઃ અહેવાલ મળ્યા છે કે દુનિયાનું સૌથી શ્રીમંત બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ ખેલાડીઓના કૉન્ટ્રૅક્ટમાં મોટો ફેરફાર કરવાનો નિર્ણય કર્યો છે. મીડિયાના રિપોર્ટ અનુસાર બીસીસીઆઇ સેન્ટ્રલ કૉન્ટ્રૅક્ટમાંથી એ-પ્લસ ગ્રેડ કાઢી નાખવાની છે.

એ-પ્લસ ગ્રેડમાં રોહિત શર્મા, વિરાટ કોહલી, જસપ્રીત બુમરાહ અને રવીન્દ્ર જાડેજાનો સમાવેશ છે અને આ ચારેય દિગ્ગજને બીસીસીઆઇ તરફથી વર્ષે સાત કરોડ રૂપિયાનો પગાર મળે છે. જોકે હવે જો આ ગ્રેડ જ નહીં રહે તો ટીમ ઇન્ડિયા વતી રમતા ખેલાડીઓમાંથી કોઈનો વાર્ષિક પગાર સાત કરોડ રૂપિયા હશે જ નહીં. જોકે બુમરાહના પગારમાં કોઈ કાપ નહીં મૂકાય એવું જાણવા મળ્યું છે. રોહિત અને વિરાટના પગારમાં ચાર કરોડનો ઘટાડો જોવા મળશે.

### કયા ગ્રેડના પ્લેયરનો કેટલો પગાર?

બીસીસીઆઇ દ્વારા ગ્રેડ એ-પ્લસના દરેક ખેલાડીને સાત કરોડ રૂપિયાનો, ગ્રેડ-એના દરેકને વર્ષે પાંચ કરોડ રૂપિયાનો, ગ્રેડ-બીના દરેકને ત્રણ કરોડ રૂપિયાનો અને ગ્રેડ-સીના દરેકને એક કરોડ રૂપિયાનો પગાર અપાય છે.

### હાલમાં કયો ખેલાડી કયા ગ્રેડમાં?

એ-પ્લસ ગ્રેડઃ રોહિત શર્મા, વિરાટ કોહલી, બુમરાહ, રવીન્દ્ર જાડેજા. એ ગ્રેડઃ સિરાજ, કે. એલ. રાહુલ, ગિલ, હાર્દિક પંડ્યા, મોહમ્મદ શમી, પંત. બી ગ્રેડઃ સૂર્યકુમાર યાદવ, કુલદીપ યાદવ, અક્ષર, યશસ્વી, શ્રેયસ ઐયર સી ગ્રેડઃ રિન્કુ સિંહ, તિલક વર્મા, ઋતુરાજ ગાયકવાડ, શિવમ દુબે, રવિ બિશ્નોઈ, વૉશિંગ્ટન સુંદર, મુકેશ કુમાર, સંજુ સૅમસન, અર્શદીપ સિંહ, પ્રસિદ્ધ ક્રિષ્ના, રજત પાટીદાર, ધ્રુવ જુરેલ, સરફરાઝ ખાન, નીતીશકુમાર રેડ્ડી, ઇશાન કિશન, અભિષેક શર્મા, આકાશ દીપ, વરુણ ચક્રવર્તી અને હર્ષિત રાણા. ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| PRECARIOUS | સાવચેતી |
| PRECEDE | પરિસર |
| PRECAUTION | અનિશ્ચિત |
| PRECIOUS | અગ્રેસર |
| PRECINCT | મૂલ્યવાન |

### માતૃભાષાની મહેક

અગરબત્તી અને સંત, એક નિર્જીવ અને એક સજીવ, પણ બંનેના કાર્ય, વૃત્તિ સરખાં. એકલપંડે કોઈ ખૂણામાં રહે, પણ આસપાસના વિસ્તારને પોતાની સુવાસથી કે પછી જ્ઞાનથી મઘમઘતો કરી નાખે. પરોપકારની આ ભાવના જલાવી જાતને ધૂપ, સુવાસિત બધું કરે, ઘસી જાતને સંતો, અન્યને સુખિયાં કરે દ્વારા પ્રગટ થાય છે.

### ગુજરાત મોરી મોરી રે

'જરૂરી સાધન હોવા છતાં એનો ઉપયોગ નહીં' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

છતે ને છતી આંધળા આંખે બહેરા કાને

### ઈર્શાદ

*ઠેસ રૂપે જોયો, જોયો ઈશ્વરની જેમ,*
*પથ્થર કોણે જોયો છે પથ્થરની જેમ ?*
*-- રમેશ પારેખ*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | | ૪ | | ૫ |
| | | ૬ | ૭ | | | ૮ | | | |
| | ૯ | | | | ૧૦ | | ૧૧ | | |
| ૧૨ | | | | ૧૩ | | ૧૪ | | | |
| | | | ૧૫ | | | ૧૬ | | | ૧૭ |
| ૧૮ | | ૧૯ | | | ૨૦ | | | | |
| | | ૨૧ | | ૨૨ | | | ૨૩ | ૨૪ | |
| ૨૫ | | | | | | ૨૬ | | | |
| | | ૨૭ | | | ૨૮ | | | | ૨૯ |
| ૩૦ | | | | ૩૧ | | | ૩૨ | | |

**આડી ચાવી**

૧. સંઘ, સમુદાય (૩)
૩. કાદવ (૨)
૪. કદરૂપું (૩)
૬. બેડોળ (૩)
૮. વાઘ-સિંહ --- રહે (૨)
૯. હાથી (૩)
૧૧. અપૂર્ણતા, કચાશ (૩)
૧૨. જમાઈ (૩)
૧૩. સંતાપ (૪)
૧૫. માથું (૨)
૧૬. એક કંટાળાભર્યો અવાજ, ટકટક (૪)
૧૮. મૃત્યુલોક (૪)
૨૦. પાકે --- કાંઠા ન ચડે (૨)
૨૧. કલરવ, મધુર ધ્વનિ (૪)
૨૩. સન્માન (૩)
૨૫. ઊડતી વાત, ગપ (૩)
૨૬. તુચ્છ, રાંક (૩)
૨૭. જે પ્રમાણે (૨)
૨૮. આપત્તિ (૩)
૩૦. પીંછી (૩)
૩૧. કાયદો (૨)
૩૨. સ્વચ્છ (૩)

**ઊભી ચાવી**

૧. લાકડી (૨)
૨. પ્રજાતંત્ર (૪)
૩. પાંગળું (૨)
૪. છળપ્રપંચ, દગોફટકો (૫)
૫. નાનો પર્વત (૩)
૭. વર્તન, રીતભાત (૨)
૯. ન --- કરતાં કાણો મામો શું ખોટો? (૨)
૧૦. જળ, પાણી (૨)
૧૨. મોટી શેતરંજી (૩)
૧૩. પારકું (૨)
૧૪. બરાબર અણીને વખતે (૩)
૧૫. મુખાકૃતિ, ચહેરો (૩)
૧૭. તેજીને --- અને ગધેડાને ડફણાં (૩)
૧૯. અફવા (૫)
૨૦. ધરતીનો છેડો (૨)
૨૨. ખેદ, દિલગીરી (૨)
૨૩. --- અઠ્ઠની, ખર્ચા રૂપૈયા (૪)
૨૪. ભાવ, કિંમત (૨)
૨૫. લાચાર, પરતંત્ર (૩)
૨૬. --- નો ઘડો ફૂટ્યા વગર ન રહે (૨)
૨૮. પાર, છેડો (૨)
૨૯. હંમેશા (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મા | ૨ પ | દં | ૩ ડ | | ૪ વિ | ૫ વે | ક | ૬ હી | ૭ ન |
| ૮ હ | રિ | | ૯ ગ | જા | ન | ન | | ૧૦ ર | મા |
| | ૧૧ ત્ય | જ | વું | | ય | | ૧૨ એ | ક | લું |
| ૧૩ મુ | ક્ત | | | ૧૪ પા | | ૧૫ શુ | ક | | |
| કા | | ૧૬ ધ | ર | ણિ | | | ૧૭ ર | મે | ૧૮ શ |
| ૧૯ મ | દ | ન | | | ૨૦ ચ | ર | સ | | તા |
| | | ૨૧ વા | ણી | | ટ | | | ૨૨ આ | યુ |
| ૨૩ આ | ૨૪ સા | ન | | ૨૫ પ | | ૨૬ ઈ | શા | રો | |
| ૨૭ વે | ગ | | ૨૮ મ | નો | ર | મા | | ૨૯ વા | ૩૦ વ |
| ૩૧ શ | ર | ણા | ગ | તી | | ૩૨ ન | ધ | રો | ળ |

### ઓળખાણ પડી?

ગજરાજની વસ્તી અને મસ્તી તેમજ વાઘ માટે જાણીતું દલમા વન્ય જીવન અભ્યારણ્ય આપણા દેશના કયા શહેરમાં સ્થિત છે?



અ) પટના બ) જમશેદપુર ક) શીમોગા ડ) બરેલી

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'ઉરે ઉઠતી વ્યથાનો ઉકેલ શું' વાક્યમાં વ્યથા શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) સમસ્યા બ) વ્યવસ્થા ક) તકલીફ ડ) દાખલો

### માઈન્ડ ગેમ

વર્તુળ આકારના પરિસરનું ક્ષેત્રફળ જો ૩૦૮ ચોરસ મીટર હોય તો એ વર્તુળાકાર વિસ્તારનો વ્યાસ કેટલો થાય એ જણાવો.

અ) ૮ બ) ૧૨ ક) ૧૪ ડ) ૧૬

### સુડોકુ-૯૨૦૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૯ | ૩ | ૫ | | | | | |
| ૭ | | | ૯ | ૨ | | ૫ | | ૮ |
| | | ૮ | | | | | ૭ | |
| | ૭ | ૯ | ૪ | | | ૩ | | |
| | | | | | | | | |
| | | ૪ | | | ૫ | ૨ | ૯ | |
| | ૫ | | | | | ૭ | | |
| ૩ | | ૨ | | ૯ | ૪ | | | ૫ |
| | | | | | ૩ | ૧ | ૨ | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૯૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૮ | ૩ | ૯ | ૬ | ૭ | ૫ | ૧ |
| ૫ | ૧ | ૩ | ૪ | ૨ | ૭ | ૮ | ૬ | ૯ |
| ૬ | ૯ | ૭ | ૧ | ૫ | ૮ | ૪ | ૩ | ૨ |
| ૮ | ૪ | ૨ | ૭ | ૬ | ૧ | ૩ | ૯ | ૫ |
| ૭ | ૬ | ૯ | ૫ | ૮ | ૩ | ૨ | ૧ | ૪ |
| ૧ | ૩ | ૫ | ૯ | ૪ | ૨ | ૬ | ૮ | ૭ |
| ૩ | ૭ | ૬ | ૨ | ૧ | ૫ | ૯ | ૪ | ૮ |
| ૯ | ૮ | ૧ | ૬ | ૭ | ૪ | ૫ | ૨ | ૩ |
| ૨ | ૫ | ૪ | ૮ | ૩ | ૯ | ૧ | ૭ | ૬ |

### ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| PRAM | બાબાગાડી |
| PRAISE | પ્રશંસા |
| PRAY | વિનવણી |
| PRANK | ટીખળ |
| PRANCE | કૂદકો |

**ગુજરાત મોરી મોરી રેઃ**
નીતિએ નારાયણ વસે ને અનીતિએ કૂતરાં ભસે

**ઓળખાણ પડી?**
અગરતલા

**માઈન્ડ ગેમ :**
૧૨૫

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
ચોર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) નીતા દેસાઈ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભારતી બુચ (૭) શ્રદ્ધા આશર (૮) વિપીન શાહ (૯) નૂતન વિપીન શાહ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) શીરીન ઔરંગાબાદવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) લજિતા ખોના (૧૭) નિખિલ બંગાળી (૧૮) હર્ષા મહેતા (૧૯) અમીશી બંગાળી (૨૦) જયવંત પદમશી ચિખલ (૨૧) કિરીટ છેડા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) ભરત કજરિયા (૨૫) ભાવના કર્વે (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) કમલ માતલિયા (૨૮) મહેશ સંઘવી (૨૯) ચેતના છેડા (૩૦) અંજુ ટોલિયા (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) ડાયના સંતોકે (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) ઈનાક્ષીબેન દલાલ (૩૬) હિનાબેન દલાલ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) અરવિંદ કામદાર (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) નિતીન જયંતિલાલ બજરિયા (૪૩) પ્રવીણ વોરા (૪૪) નીતા દેસાઈ (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) મહેશ દોશી (૪૮) પ્રતિમા પમાણી (૪૯) ધીરેન્દ્ર મુલરાજ (૫૦) ગીતા ઉદેશી

કવર સ્ટોરી _નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com



## એક તરફ અમેરિકાનાં મહાવિનાશક યુદ્ધજહાજો અને સબમરીન ઈરાન તરફ ધસમસી રહ્યાં છે, ત્યાં બીજી તરફ ઈઝરાયલે હાલની ચેતવણીમાં ઈરાનને ધમકી આપી છે કે તે ભૂલથી પણ ઈઝરાયલ વિરુદ્ધ કોઈ હિલચાલ કરશે તો મહાભયાનક આક્રમણનો ભોગ બનશે!

# ઈરાનની અશાંતિથી ભારતને અજંપો કેમ?

તઘલખી ટ્રમ્પે ઇરાન પર ચોમેરથી આક્રમણ કરવાની જોરદાર તૈયારી બાદ એકાએક હથિયારો તાત્પૂરતા હેઠાં મૂકવાની ઇશારત કરતા જ આંતરરાષ્ટ્રીય સ્તરે જાણે એક પ્રકારનો હાશકારો અનુભવાયો છે. ટ્રમ્પના વધતા તોફાનોને કારણે મોટાભાગના વૈશ્વિક નિરીક્ષકોને ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા સંભળાયા હતા. જોકે, હાલ તો ટ્રમ્પે ઇરાન પર હુમલો ટાળવાનો સંકેત આપ્યો છે.

કદાચ આ વિષય જૂનો જણાય, પરંતુ આજકાલ વૈશ્વિક સ્તરે લશ્કરી હિલચાલ અણધારી અને અતાર્કિક બની ગઇ છે, ક્યારે શું થઇ શકે એ કહી શકાય એમ નથી! અમેરિકાએ ઇરાનની દરિયાઇ સરહદ નજીક જેની કલ્પના ના કરી શકાય એવા વિશાળ અને મહાભયાનાક વિનાશક જહાજો અને સબમરિન તહેનાત કરી દીધી છે. અલબત્ત હાલ ટ્રમ્પે ગ્રીનલેન્ડ ડોળો જમાવ્યો છે અને હવે યુરોપ સાથે ટેરિફ વોર શરૂ કરી છે. પરંતુ આપણે ગ્રીનલેન્ડની નહીં પરંતુ ઇરાનની ચિંતા છે.

ઈરાનમાં વ્યાપક અસંતોષ અને વિશ્વભરમાં વધી રહેલા તણાવ વચ્ચે ક્યાંક અમેરિકા ઇરાની બળવાખોરોના હિતના બહાના હેઠળ આક્રમણ તો નહીં કરી બેસે, એવી ચિંતા ભારતને સતાવી રહી છે. હાલ તો ઇરાનમાં હિંસાચારને બ્રેક લાગી હોવાના અહેવાલો છે અને ટ્રમ્પે પણ તેની મિસાઇલો મ્યાનમાં પાછી ખેંચી લીધી છે. સરવાળે હાલ તો ખતરો ટળી ગયો હોવાનું જણાય છે!

ઇરાનમાં લાંબા ગાળાની સ્થિરતા અને શાંતિ જળવાઇ રહે એ ભારત માટે વ્યૂહાત્મક દૃષ્ટિએ અત્યંત મહત્ત્વની બાબત છે. ઈરાનની અસ્થિરતા અને લાંબા ગાળાની અશાંતિ અથવા સત્તા પરિવર્તનથી આપણાં દેશના આર્થિક, વ્યૂહાત્મક અને રાજનૈતિક હિતો જોખમાઇ શકે છે. એવું નથી કે કાબૂલીવાળાના દેશ સાથે આપણે જૂની મહોબ્બતનો સંબંધ છે. ભારત અને ઈરાનના સંબંધો ક્યારેય વિચારધારાની આધારિત નથી રહ્યા. આ સંબંધો હંમેશાં વ્યૂહાત્મક આવશ્યકતા પર આધારિત રહ્યા છે.

ખાસ કરીને પશ્ચિમ અને મધ્ય એશિયામાં પાકિસ્તાનના પ્રભાવને મર્યાદિત રાખવામાં ઈરાને વર્ષો સુધી સંતુલનકારક ભૂમિકા ભજવી છે. હાલ જ્યારે ભારતના નજીકના અને વિસ્તૃત વિસ્તાર, એટલે કે અફઘાનિસ્તાનથી લઈને પશ્ચિમ એશિયા સુધીના પ્રદેશો અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યા છે, ત્યારે ઈરાનમાં જો અશાંતિ અને અસ્થિરતા સર્જાય તો તે માત્ર તેની સરહદો સુધી સીમિત રહેશે એવું માનવું મુશ્કેલ છે.

ભારત માટે ઈરાનનું મહત્ત્વ તેની ભૌગોલિકતામાં છે. તહેરાનનું વ્યૂહાત્મક સ્થાન, પાકિસ્તાનને બાજુ પર રાખીને ભારતને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધી પહોંચ અને પ્રવેશમાર્ગ આપતું રહ્યું છે. નિષ્ણાતો વારંવાર ઈરાનને ભારત માટે મધ્ય એશિયા તરફના સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમાર્ગ તરીકે વર્ણવે છે. લાંબા સમય સુધી ચાલતી અશાંતિ આ માર્ગને જોખમમાં મૂકી શકે છે અને એવા સમયમાં ભારતની ભૂખંડ આધારિત પહોંચને નબળી બનાવી શકે છે.

નોંધવું રહ્યું કે, વર્તમાન પરિસ્થિતિમાં કનેક્ટિવિટી અને વેપાર માર્ગો વૈશ્વિક ભૂ-રાજનીતિમાં કેન્દ્રસ્થાને છે. ચાબહાર બંદર પ્રોજેક્ટ આ વ્યૂહાત્મક ભાગીદારીનું મહત્ત્વપૂર્ણ પ્રતીક છે. ભારતીય સહભાગિતાથી વિકસિત આ બંદર ભારતને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સાથે જોડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

જો ઈરાનની આંતરિક રાજકીય અશાંતિના કારણે આ પ્રોજેક્ટ અસરગ્રસ્ત થાય, તો ભારત માટે પાકિસ્તાન નિયંત્રિત માર્ગો પર આધાર ઘટાડવાનો વિકલ્પ નબળો પડી શકે છે. આ માત્ર લોજિસ્ટિક્સનું નુકસાન નહીં, પરંતુ વર્ષોની વ્યૂહાત્મક યોજના અને મૂડીરોકાણ માટે મોટો આંચકો સાબિત થઈ શકે છે. આ પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવીને પાકિસ્તાન અને ચીન જેવા શત્રુ રાષ્ટ્રો પોતાનું સ્થાન મજબૂત બનાવી ભારતને નબળું પાડી શકે છે.

આર્થિક સંબંધો પણ ભારતની ચિંતા વધારતા પરિબળ છે. અહેવાલો અનુસાર, ભારત હજી પણ ઈરાનના મુખ્ય નિકાસ ભાગીદારોમાં સામેલ છે. ઈરાનના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં ભારતે એક અબજ ડોલરથી વધુનું રોકાણ કર્યું છે. કોઈ મોટો વિક્ષેપ થાય તો આર્થિક નુકસાન સાથે સાથે અધૂરા રહી ગયેલા પ્રોજેક્ટ્સ ભારતની લાંબા ગાળાની વ્યૂહાત્મક ગણતરી પર નકારાત્મક અસર કરી શકે છે.

પ્રાદેશિક સત્તા સંતુલનમાં પણ ઈરાનની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી છે. ઈરાને ઘણી વખત શાંતિપૂર્વક પાકિસ્તાનની પ્રાદેશિક મહત્ત્વાકાંક્ષાઓને મર્યાદિત રાખવામાં મદદ કરી છે. નિષ્ણાતો ચેતવણી આપે છે કે ઈરાનમાં કોઈ શત્રુભાવ ધરાવતી અથવા અણધારી નવી સરકાર ઊભરી આવે તો ભારતની પ્રાદેશિક સ્થિતિને નુકસાન થઈ શકે છે.

વધુમાં, સત્તા પરિવર્તન હંમેશા સ્થિરતા અથવા વધુ ઉદાર સરકારની ખાતરી આપતું નથી. અસ્તવ્યસ્ત પરિવર્તન વધુ આક્રમક શાસનને જન્મ આપી શકે છે, જે ભારત માટે પહેલેથી જ અસ્થિર વિસ્તારમાં રાજનૈતિક પડકારોને વધુ ગંભીર બનાવી શકે છે.

આથી, નવી દિલ્હીની નજરે ઈરાનની અશાંતિ કોઈ સામાન્ય ઘટના નથી. તે ભારતની સુરક્ષા, કનેક્ટિવિટી અને પ્રાદેશિક પ્રભાવ સાથે સીધો જોડાયેલો મુદ્દો છે અને આ કારણોસર ઈરાનની સ્થિરતા ભારતની વ્યૂહાત્મક ગણતરી માટે અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે.

આ ઉપરાંત, ઊર્જા સુરક્ષા પણ ભારત માટે એક મહત્ત્વપૂર્ણ પાસું છે. ઈરાન ભૂતકાળમાં ભારત માટે ખનીજ તેલનો મોટો સપ્લાયર રહ્યો છે અને ભવિષ્યમાં પ્રતિબંધો હળવા થાય તો ફરીથી ઊર્જા ભાગીદારી વધવાની સંભાવના છે. પરંતુ અશાંતિ અને રાજકીય અસ્થિરતા ક્રૂડ ઓઇલના પુરવઠા, ભાવ સ્તર અને ચુકવણી વ્યવસ્થાને અસર પહોંચાડી શકે છે, જેના સીધા પરિણામો ભારતીય અર્થતંત્ર પર પડી શકે છે.

એ જ સાથે, પશ્ચિમ એશિયામાં અસ્થિરતા વધે તો ભારતીય પ્રવાસી શ્રમિકો અને વેપાર માર્ગોની સુરક્ષા પણ જોખમમાં મુકાઈ શકે છે. તેથી ભારત માટે પ્રાદેશિક સંતુલન જાળવી રાખવું અને ઈરાન સાથે સંવાદના માર્ગો ખુલ્લા રાખવા આવનાર સમયમાં અત્યંત આવશ્યક બનશે.

ભારત માટે એક સૌથી મોટી અને મહત્ત્વપૂર્ણ ચિંતા પ્રાદેશિક સંતુલનની છે. ઈરાન સાથેના સંબંધો ભારતને પશ્ચિમ એશિયામાં એક સ્વતંત્ર અને સંતુલિત વિદેશ નીતિ અપનાવવાનો અવકાશ આપે છે. જો ઈરાન આંતરિક સંઘર્ષમાં ફસાઈ જાય અથવા તેની વિદેશ નીતિ વધુ અણધારી બને, તો ભારત પર મોટા પાવર સેન્ટર્સ વચ્ચે પસંદગી કરવાનું દબાણ વધી શકે છે. આ સ્થિતિ ભારતની વ્યૂહાત્મક સ્વાયત્તતાને પડકાર આપી શકે છે, જે પાછલા કેટલાક વર્ષોથી તેની વિદેશ નીતિનો મુખ્ય આધાર રહ્યો છે.

આ ઉપરાંત, ઇરાનમાં ચીની અજગરનો વધી રહેલો ભરડો પણ ભારત માટે ચિંતાજનક બની શકે છે. જો ઈરાન પશ્ચિમ દેશોથી વધુ અલગ પડી જાય, તો તે ચીન તરફ વધુ ઝુકી શકે છે, જે પહેલેથી જ મધ્ય એશિયા અને પશ્ચિમ એશિયામાં પોતાનો પગપેસારો મજબૂત બનાવી રહ્યું છે. આવી પરિસ્થિતિમાં ભારત માટે ઈરાન સાથેના સંબંધો જાળવી રાખવા માત્ર વિકલ્પ નહીં, પરંતુ વ્યૂહાત્મક આવશ્યકતા બની જાય છે. ■

પ્રાસંગિક __અમૂલ દવે
feedback@bombaysamachar.com

# ઈસ્લામિક કટ્ટરવાદનો વધતો જતો ભય...

## આના કારણે યુએઈએ આશ્ચર્યજનક નિર્ણય લઈને યુરોપમાં અભ્યાસ માટે વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ બંધ કરી...

**સંયુક્ત** આરબ અમીરાત (યેએઈ) અને ભારત દ્વારા વૈશ્વિક શિક્ષણ ક્ષેત્રે લેવામાં આવેલા તાજેતરના નિર્ણયો આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાનું કેન્દ્ર બન્યા છે. એક તરફ અમીરાત સુરક્ષા અને વિચારધારાનાં કારણોસર પશ્ચિમથી અંતર જાળવી રહ્યું છે તો બીજી તરફ ભારત તેને વિકાસની સૌથી મોટી તક તરીકે જોઈ રહ્યું છે.

અમીરાત સરકારે વર્ષ ૨૦૨૬ ના એકેડેમિક સત્ર માટે એક અત્યંત આશ્ચર્યજનક અને વ્યૂહાત્મક જાહેરાત કરી છે, જેમાં યુનાઇટેડ કિંગડમ (યુકે) ની યુનિવર્સિટીઓને સરકારી શિષ્યવૃત્તિ માટેની માન્ય યાદીમાંથી બાકાત કરી દેવામાં આવી છે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ બ્રિટિશ યુનિવર્સિટી કેમ્પસમાં વધતો જતો 'મુસ્લિમ બ્રધરહુડ' જેવી સંસ્થાઓનો પ્રભાવ છે. અમીરાત આવાં સંગઠનને આતંકવાદી જૂથ માને છે અને તેના પ્રભાવને પોતાની આંતરિક સુરક્ષા માટે ગંભીર જોખમ ગણે છે.

અમીરાતી સત્તાવાળાઓનું માનવું છે કે મુક્ત શૈક્ષણિક વાતાવરણના નામે બ્રિટિશ યુનિવર્સિટીઓમાં ઇસ્લામિક કટ્ટરવાદને પ્રોત્સાહન મળી રહ્યું છે માટે અમીરાત નથી ઈચ્છતું કે તેમના યુવાન નાગરિકો વિદેશમાં અભ્યાસ દરમિયાન આવી વિચારધારાના સંપર્કમાં આવે અને ક્રમશઃ કટ્ટરવાદી બની જાય...

અલબત્ત, આ નિર્ણયથી માત્ર સરકારી ભંડોળ અટકશે, પણ જે પરિવાર પોતાના ખર્ચે બાળકોને UK મોકલવા માગતા હોય તેમના પર કોઈ પ્રતિબંધ નથી, પરંતુ અમીરાતના ઉચ્ચ શિક્ષણ મંત્રાલય દ્વારા એવી ડિગ્રીઓની માન્યતાને લઈને પણ હવે કડક વલણ અપનાવવામાં આવ્યું છે.

યુએઈના નિર્ણયને પગલે સાઉદી અરેબિયા અને કુવૈત જેવા અન્ય મુસ્લિમ દેશો પણ હવે સતર્ક બન્યા છે. સાઉદી અરેબિયાએ વિદેશી શિષ્યવૃત્તિ માટે 'કિંગ સલમાન પ્રોગ્રામ' હેઠળ યુનિવર્સિટીઓની યાદી કડક બનાવી છે, જેથી વિદ્યાર્થીઓ ઉદારવાદી કે કટ્ટરવાદી વિચારધારાના પ્રભાવમાં ન આવે. આ મુસ્લિમ દેશો હવે વેસ્ટર્ન કેમ્પસ પર વૈચારિક દેખરેખ વધારી સુરક્ષિત શિક્ષણને પ્રાથમિકતા આપી રહ્યા છે.

જોકે યુએઈના આ સંરક્ષણાત્મક વલણની બિલકુલ વિપરીત સ્થિતિ ભારતમાં જોવા મળે છે. ભારતીય વિદ્યાર્થીઓ માટે અત્યારે યુરોપ શિક્ષણનું નવું પ્રવેશદ્વાર બની રહ્યું છે. વર્ષ ૨૦૨૫ના આંકડા અનુસાર, આશરે ૧૦ લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ વિદેશમાં છે, જેમાં યુરોપિયન દેશોનો હિસ્સો સતત વધી રહ્યો છે. જર્મની, ફ્રાન્સ, આયર્લેન્ડ અને નેધરલેન્ડ જેવા દેશો હવે ભારતીયોની પ્રથમ પસંદગી બની રહ્યા છે. જર્મનીમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં જે ઉછાળો




આવ્યો છે તે વૈશ્વિક સ્તરે નોંધપાત્ર છે. ૨૦૨૩-૨૪ ના વર્ષમાં જર્મનીમાં ૪૯,૪૮૩ ભારતીય વિદ્યાર્થીઓ હતા, જે અગાઉના વર્ષ કરતાં ૧૫.૧% નો વધારો દર્શાવે છે. નિષ્ણાતોના મતે ૨૦૩૦ સુધીમાં આ સંખ્યામાં ૨૯૭% થી વધુનો વધારો થવાની સંભાવના છે.

આ આકર્ષણ પાછળ અનેક કારણો જવાબદાર છે, જેમાં જર્મનીની પબ્લિક યુનિવર્સિટીઓમાં મફત અથવા અત્યંત ઓછી ફીમાં ઉપલબ્ધ શિક્ષણ અને સ્ટેમ (સ્ટેમ) ક્ષેત્રે જર્મનીનું વિશ્વકક્ષાનું સંશોધન મહત્ત્વનું છે. વધુમાં, અભ્યાસ પૂર્ણ કર્યા પછી ૧૮ મહિના સુધી નોકરી શોધવાની છૂટ પણ વિદ્યાર્થીઓને આકર્ષી રહી છે.

ફ્રાન્સ પણ આ દિશામાં સક્રિયપણે આગળ વધી રહ્યું છે અને તેણે ૨૦૩૦ સુધીમાં ૩૦,૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓને આવકારવાનું લક્ષ્ય રાખ્યું છે. ફ્રાન્સમાં વિજ્ઞાન, કલા અને મેનેજમેન્ટના કોર્સમાં ભારતીયોની રુચિ સતત વધી રહી છે. એ જ રીતે, આયર્લેન્ડ હવે અમેરિકાને પાછળ છોડીને ભારતીય વિદ્યાર્થીઓ માટે એક મોટું ગંતવ્ય બન્યું છે. પરંપરાગત રીતે ભારતીય વિદ્યાર્થીઓ અમેરિકા અને કેનેડા જતા હતા, પરંતુ વિઝા પ્રક્રિયાની જટિલતા, વધતા રિજેક્શન રેટ અને અસહ્ય મોંઘા શિક્ષણને કારણે હવે યુરોપ વધુ સાનુકૂળ જણાય છે. અમેરિકામાં શિક્ષણનો ખર્ચ વાર્ષિક રૂ ૩૦-૫૦ લાખ સુધી પહોંચે છે, જ્યારે યુરોપમાં આ ખર્ચ રૂ ૧૦-૧૫ લાખમાં પૂર્ણ થાય છે. આ ઉપરાંત, યુરોપના અનેક દેશ કુશળ શ્રમિકોની અછતનો સામનો કરી રહ્યા હોવાથી તે ભારતીય વિદ્યાર્થીઓને અભ્યાસ બાદ કાયમી વસવાટ માટે પણ પ્રોત્સાહન આપી રહ્યા છે.

અમીરાત અને ભારત વચ્ચેનો આ તફાવત વૈશ્વિક ગતિશીલતાને સ્પષ્ટ રીતે દર્શાવે છે. યુએઈ માટે શિક્ષણ એ રાષ્ટ્રીય સુરક્ષા અને સાંસ્કૃતિક ઓળખનો વિષય છે, તેથી તેઓ કોઈપણ પ્રકારનું વૈચારિક જોખમ લેવા માગતા નથી. જ્યારે ભારત માટે, વિદેશી શિક્ષણ એ આર્થિક સમૃદ્ધિ અને જ્ઞાન-આધારિત અર્થતંત્ર તરફ આગળ વધવાનો માર્ગ છે. યુએઈના નિર્ણયથી બ્રિટિશ યુનિવર્સિટીઓને મોટો આર્થિક ફટકો પડી શકે છે, કારણ કે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ તેમની આવકનો મુખ્ય સ્તોત્ર છે. આ પગલું યુકે સરકારને તેના કેમ્પસમાં સલામતી અને શૈક્ષણિક સ્વતંત્રતા વચ્ચે સંતુલન જાળવવા માટે દબાણ કરી શકે છે. બીજી તરફ, ભારત માટે યુરોપિયન શિક્ષણ એ 'સોફ્ટ પાવર' વધારવાનું માધ્યમ છે. જ્યારે ભારતીય વિદ્યાર્થીઓ યુરોપમાં શિક્ષણ મેળવીને ત્યાંની મોટી કંપનીમાં મહત્ત્વના હોદ્દા સંભાળે છે ત્યારે તે ભારત અને યુરોપ વચ્ચેના વ્યાપારિક અને રાજકીય સંબંધોને નવી ઊંચાઈ પર લઈ જાય છે.

જર્મની જેવા અન્ય દેશ પણ હવે ભારતીય પ્રતિભાને આકર્ષવા માટે વિશેષ વિઝા પોલિસી અને શિષ્યવૃત્તિઓ ઓફર કરી રહ્યા છે, જે ભારતીય વિદ્યાર્થીઓની મહત્ત્વાકાંક્ષાને વેગ આપે છે. વિદેશમાં અભ્યાસનું આ વધતું વલણ માત્ર ડિગ્રી પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે વૈશ્વિક એક્સપોઝર અને સારી જીવનશૈલી મેળવવાની ઇચ્છા પણ પ્રગટ કરે છે. નિષ્કર્ષમાં કહી શકાય કે, આગામી દાયકામાં યુરોપિયન યુનિયન ભારત માટે સૌથી મોટું શૈક્ષણિક અને વ્યાપારિક ભાગીદાર બની રહેશે. જ્યારે યુએઈ જેવા દેશજ સમૂહ સુરક્ષાનાં કારણોસર પીછેહઠ કરે છે ત્યારે ભારત જેવો દેશ તેને પોતાના યુવાનો માટે નવી તકમાં ફેરવી રહ્યો છે. આ પરિસ્થિતિ વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને સરકાર માટે વૈશ્વિક શિક્ષણના બદલાતા પ્રવાહોને સમજવા માટે અત્યંત વિચારણીય છે. ■

## આ તો સ્કેમ છે...

# માનવતા વિરુદ્ધનો મહાભયંકર ગુનો એટલે અજમેર સેક્સ સ્કેન્ડલ




પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com



**મોટાભાગના** કૌભાંડ- સ્કેમ- સ્કૅન્ડલમાં આર્થિક છેતરપિંડી હોય છે. ક્યારેક સરકારી તિજોરી પર ધાડ પડાય કે ક્યારેક જનતાના રૂપિયા ગુપચાવી જવાય. ક્યાંક સત્તાનો દુરુપયોગ હોય તો ક્યાંક અમલદારોની મિલિભગત. સરવાળો આવે ગેરકાયદે, અનૈતિક કમાણીનો. આ ચલાવી ન લેવાય પણ ધોળા કપડાંવાળાના લોભને ક્યાં થોભ છે? ચોકીદાર જ ચોર સાથે ભળી જાય ત્યારે આવા ગોટાળા થાય.

પરંતુ રાજસ્થાનના અજમેરમાં ત્રણ દાયકા અગાઉ જે થયું એ સૌથી શર્મનાક હતું. માનવતા, કાયદા, વ્યવસ્થા, પોલીસ અને સમાજ માટે મસમોટું કાળું ડિબાંગ કલંક હતું એ. કલ્પનાતીત ભયંકર અપરાધ છતાં ન્યાય મળવામાં ૩૨-૩૨ વર્ષ લાગે ત્યારે કહેવું શું?

અજમેર કે રાજસ્થાન જ નહિ, આખા ભારતનું માથું ઝૂકી જાય એવી ઘટનાની સૌ પ્રથમ આછેરી ઝલક બહાર આવી ૧૯૯૨ના એપ્રિલ-મે મહિનામાં. હજી સોશ્યલ મીડિયાનો ઉદય થયો નહોતો. ને મોબાઈલ ફોનના આગમનને ય ત્રણેક વર્ષની વાર હતી, પરંતુ ફોટોગ્રાફી તો દાયકાઓથી થતી આવતી હતી. એ સમયે અજમેરની એક જાણીતી ગર્લ્સ હોસ્ટેલની ધનવાન પરિવારની વિદ્યાર્થિનીઓના અશ્લીલ ફોટા એકાએક શહેરમાં ફરવા માંડ્યા હતા. ન જાણે કેટલાંયની નજર એ ફોટા પર પડી હશે. આવું ક્યાંય સુધી કે કદાચ કાયમ ચાલતું રહ્યું હોત પણ એક નાનકડા અખબારે શહેરને સ્તબ્ધ કરી મૂક્યું.

સ્થાનિક હિન્દી અખબાર 'દૈનિક જ્યોતિ'માં સંતોષ ગુપ્તાની બાયલાઈન સાથે એક એક્સક્લુઝિવ સ્ટૉરી પ્રગટ થઈ, જેનું હેડિંગ હતું. 'બડે લોગોં કી પુત્રિયાં બ્લેકમેલ કા શિકાર'. આ સમાચાર સાથે ફોટા ય પ્રગટ થયા હતા. આનાથી જાણે અજમેરમાં ધરતીકંપનો આંચકો અનુભવાયો. આપણા શહેરમાં આવું થાય છે એવું કોઈ માની શકતું નહોતું.

આ સમાચાર સાથે વાત પૂરી ન થઈ, પરંતુ વધુને વધુ નગ્ન તસવીરો શહેરમાં ફરવા માંડી. અશ્લીલ ફોટા બે-પાંચ નહિ, એકસોથી વધુ હતા. માત્ર રાજસ્થાનમાં જ નહિ, આખા દેશમાં આ ભયંકર ઘટનાના પડઘા પડ્યા.

રાજસ્થાનની તાત્કાલિક સરકારના વડા ભૈરોસિંહ શેખાવતે આ અશ્લીલ ફોટો કાંડની તપાસ તાત્કાલિક અને સીધે સીધી સી.આઈ.ડી.- ક્રાઈમ બ્રાંચને સોંપી દીધી અને પછી તપાસમાં એ જે બહાર આવવા માંડ્યું એ અધપતનની પરાકાષ્ઠા સમાન હતું. આરંભિક હકીકત એવી બહાર આવી કે કેટલાંક આરોપીઓએ એક મોટા- ધનવાન વેપારીના દીકરા સાથે સંબંધ બાંધ્યા, દોસ્તી જમાવી, વિશ્વાસ જીતી લીધા એની સાથે કુકર્મ કર્યું. એટલું જ નહિ, એ સમયના ફોટા ય પાડી લીધા. હવે આ ફોટાની મદદથી શરૂ કર્યું બ્લેકમેઈલિંગ. ફોટા જાહેર કરી દેવાની ધમકી આપીને બિઝનેસમેન બેટાની ગર્લફ્રેન્ડને બોલાવવાની ફરજ પડાઈ.

એક પોલ્ટ્રી-ફાર્મ પર આરોપીઓએ એ ગર્લફ્રેન્ડ પર બળાત્કાર કર્યો. એના પણ વાંધાજનક ફોટો પાડી લીધા. અહીં પ્રેમી-યુગલની યાતનાનો અંત ન આવ્યો, બલ્કિ એ ઔર વધી ગઈ. હવે છોકરા-છોકરી પર દબાણ વધારાયું કે બદનામીથી બચવું હોય તો તમારા મિત્ર-મૈત્રિણીઓને અહીં લઈ આવો વર્ના... બદનામીના ડરે આ બન્ને પોતાના ફ્રેન્ડસને લઈ જાય. ત્યાં આ નવાગંતુકો પર રેપ થાય. ને એનાય ફોટો પડાય. પછી એમને ધમકી અને... આ સર્કલ ચાલતું રહ્યું. ન જાણે કેટકેટલાંયને બોલાવાયા, બળાત્કાર કરાયા, ફોટા પડાયા અને...

આ ઘૃણાસ્પદ બ્લેકમેઈલિંગથી આરોપીઓએ કેટલી બાળાઓનું શોષણ કર્યું હશે એની કલ્પના કરી શકો છો? નરાધમોએ એકસોથી વધુ યુવતીઓના શરીરને અભડાવ્યા હતા! તપાસમાં બહાર આવેલી એમની ભયંકર મોડસ ઓપરેન્ડી કંપારી ઉપજાવનારી છે.

આ અધમ બદમાશોની ફિયાટ કાર ગર્લ્સ કોલેજ બહાર ઊભી રહે. એમાં રોજેરોજ અલગ કોલેજિયનને લઈ જુદા-જુદા ઠેકાણે લઈ જઈને બળાત્કાર કરતા હતા.

અહીં સવાલ એ થાય કે એકાદ યુવતીએ પણ કુટુંબીજનોને વાત ન કરી? પોલીસ સુધી જવાની હિંમત ન કરી? કોઈકે બહાદુરી બતાવી હોત તો કેટલીય બદનસીબ બચી ગઈ હોત. આ બળાત્કારની પરંપરાનો ક્યારેય અંત આવ્યો નહોત, પરંતુ ગુનેગારોનું એક હથિયાર એમના માટે જ બેધારી તલવાર સાબિત થવાનું હતું.

એ સમયે મોબાઈલ ફોન તો હતા નહિ એટલે ફોટા કેમેરામાં પડાતા હતા. હજી કેમેરા ય ડિજિટલ થયા નહોતા. આથી રોલ ધોવડાવવા પડે અને પ્રોસેસિંગ બાદ ફોટા તૈયાર થાય. આને માટે કેમેરા અને રોલ અજમેરના એક ફોટા સ્ટુડિયોમાં અપાતા હતા. આવા ફોટા જોઈને એક ટેક્નિશિયનની દાનત બગડી. તે ફોટાની વધુ કોપી કાઢવા માંડ્યા. આ રીતે ફોટા સર્ક્યુલેટ થવા માંડ્યા. હવે તો જેના હાથમાં ફોટા આવે એ બ્લેકમેઈલ કરવા માંડ્યા.

પરંતુ આવું ભયંકર રેકેટ કેમ આટલા લાંબા સમય ચાલ્યું? એમાં કોણ-કોણ સામેલ હતા? સાવ ગલીછાપ ટપોરી આવા નઠારા કામ આટલા મોટા પ્રમાણમાં અને લાંબો સમય થોડા કરી શકવાના હતા?

અજમેર સેક્સ સ્કેન્ડલમાં લાંબો સમય ધડાકાભડાકા થવાના હતા ને ઘણાં મોટા માથા પરથી મુખવટા ઊતરવાના હતા. પોલીસતંત્ર અને કાયદો-વ્યવસ્થા કાચબા ગતિના ઘણા દાખલા બહાર આવવાના હતા. (ક્રમશઃ)■

સિક્કાની ત્રીજી બાજુ
__જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# નોકરીમાં જીહજૂરી તથા કામચોરીને કોણ પ્રોત્સાહન આપે છે?

**પહેલાં કામકાજમાં સિનિયોરિટી અને અનુભવને પ્રાધાન્ય રહેતું. એક પ્રોટોકોલ રહેતો. બોસ ક્યારેય જુનિયર કર્મચારીને સાંભળતા નહોતા. પરિણામે જુનિયર કર્મચારીઓ મિડલ મેનેજમેન્ટના હાથે બરાબર ઘડાતા અને આથી કામની ગુણવત્તા જળવાતી હતી. ઉત્પાદન પણ વધુ થતું. હવે એવું નથી થતું... કારણ શું?**

**નોકરિયાત** મિત્રો, શું તમને નથી લાગતું કે તમે જ્યાં નોકરી કરો છો ત્યાં છેલ્લાં દસ-પંદર વર્ષમાં કેવું-કેવું પરિવર્તન આવી ગયું છે?

કામકાજના કલાકો છ-આઠના બદલે દસ-બાર કલાક થઈ ગયા છે. રજિસ્ટરમાં સહી કરીને હાજરી પૂરવાના બદલે પહેલાં અંગૂઠાથી અને પછી આંખની રેટિનાથી હાજરી પુરાવી પડે છે. ઑફિસમાં આઈકાર્ડ ગળામાં લટકાવીને કામ કરવું ફરજિયાત થઈ ગયું છે.

કેટલીક કંપનીમાં તો યુનિફોર્મ પહેરવો પડે અને જો યુનિફોર્મ ન હોય તો પુરુષ માટે શર્ટ, પેન્ટ, ટાઇ, કોટ અવશ્ય પહેરવાનો. સ્ત્રીએ ચુડીદાર-કુર્તા અથવા તેમણે ટાઇટ શર્ટ, ટાઇટ સ્કર્ટ, ટાઇ અને કોટ પહેરવાનો. ઑફિસમાં મશીનવાળી ભંગાર ચા અને કોફી મળે તે પીવાની. બહાર જવું હોય તો આઈકાર્ડ ઘસીને જવાનું.

એટલું જ નહીં પ્રતિ દિન વીડિયો કોલથી મીટિંગ કરવાની. મીટિંગમાં બોસનો ઠપકો કે ગાળાગાળી ખાવાની. સાંજે નિર્ધારિત સમયે નીકળી જવાનું તેવું ન પણ બને. કામ હોય તો રોકાવું પડે. આમાં બોસના માનીતા લોકોનું કામ પણ પોતાના માથે આવે. તેમને રજા સરળતાથી મળી જાય.



આપણે રજા લેવાની હોય તો બોસ આપે નહીં. આપે તો ઉપકાર કરતા હોય તેમ આપે. ધાર્યા કરતાં ઓછી આપે. આપ્યા પછી ઍડવાન્સ કામ કરાવી લે. આમ, કામકાજની ગુણવત્તા કરતાં દેખાવ, હાજરી, કેટલા કલાક કામ કર્યું તે વધુ મહત્ત્વનું બની ગયું છે. બોસનો માનીતો કર્મચારી ઓછું કામ કરે અને તોય તેને પ્રમોશન તેમ જ પગારવધારો મળ્યા રાખે. જ્યારે કામ નિષ્ઠા, ખંત અને ચોકસાઈથી કરનારાને પગારવધારા અને પ્રમોશનના નામે ઠિંગો.

બીજી તરફ, બોસને રોજ સવારે 'ગુડ મોર્નિંગ'ના મેસેજ મોકલતા, સોશ્યલ મીડિયા પર બોસને ટેગ કરીને તેમની ચમચાગીરી કરતા લોકો વધારાનો લાભ લઈ જાય.

ક્યારેક બોસ રાતોરાત કામ સોંપી દે. વળી, ડેડલાઇન એકદમ કટોકટ હોય. કામ પૂરું કરીને જો આપીએ તો પાછા બોસના વિચારો બદલાઈ જાય : 'આમ નહીં, આમ કરવાનું કહ્યું હતું'. બોસ સાથે જીભાજોડી તો થાય નહીં. એટલે બોસ કહે એ માની લેવાનું. તેમાંય ઘણી વાર આપણા જુનિયર આપણી પર બોસ તરીકે થોપવામાં આવે. તેને કંઈ અનુભવ ન હોય, કંઈ ગતાગમ ન પડતી હોય, ખોટા નિર્ણય લેતો હોય અને આપણે ધ્યાન દોરવા જઈએ તો એમ કહેવામાં આવે કે તમને ઈર્ષા થાય છે એટલે તમે વાંક કાઢો છો..

આનાથી અગાઉનો સિનારિયો સાવ જુદો હતો. કંપનીઓ અને પેઢીઓમાં નિશ્ચિત પ્રણાલિ હતી. કોઈ પણ કર્મચારી જુનિયર તરીકે દાખલ થાય, ત્યારે તેને ઉપરના કર્મચારી દ્વારા બરાબર ઘડવામાં આવતો. ટપારવામાં આવે. આજકાલ જુનિયર કર્મચારીને શીખવું નથી. તેને બોસની ચમચાગીરી કરીને રાતોરાત પ્રમોશન મેળવી પગારવધારો કરાવી લેવો છે.

બોસને પણ હા જી, હા જી કરે તેવા જુનિયરો વધુ પસંદ હોય છે. ઘણી વાર જુનિયર સ્ત્રી હોય તો બોસ લફરું ન કરી શકે તોય ફ્લર્ટ કરીને પણ સંતોષ મેળવી લેતો હોય છે. પોતાની કેબિનમાં બેસાડી રાખે. ઘરની વાતો કર્યા રાખે. ઑફિસ રાજકારણના સમાચાર મેળવી લે કે કોણ શું કરે છે.

પહેલાં આવું નહોતું. બોસ વચ્ચેના એટલે કે મિડલ મેનેજમેન્ટના કર્મચારી સિવાય કોઈને મળતા પણ નહોતા. એટલે મિડલ મેનેજમેન્ટના કર્મચારીને જુનિયર કર્મચારીને તૈયાર કરવાનો પૂરતો અવસર મળતો. પૂરતો સમય આપ્યા પછી પણ જુનિયર કર્મચારી જો ન ઘડાય તો તેને નોકરીમાંથી કાઢી મૂકવાની સત્તા પણ મિડલ મેનેજમેન્ટ પાસે રહેતી.

જુનિયર કર્મચારી પાંચેક વર્ષ ટીચાઈને તૈયાર થાય પછી જ પ્રમોશન મેળવવાની આશા રાખી શકતો. આના કારણે ઑફિસનાં કામ બરાબર થતાં. હવે લગભગ બધાં જ ક્ષેત્રોના ત્રીસ- ચાલીસે પહોંચેલા કર્મચારીઓ એમ જ કહે છે કે આ જુનિયર કર્મચારીઓ પાસેથી કામ કઢાવવું બહુ અઘરું છે. આથી મિડલ મેનેજમેન્ટમાં પહોંચેલા આ કર્મચારીઓને હવે નોકરી ત્રાસદાયક લાગવા લાગે છે. કાં તો તે પોતાનું ફિલ્ડ બદલી નાખે છે, કાં તો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરે છે. પરિણામે કંપનીઓને અનુભવીઓની બહુ મોટી ખોટ પડવા લાગી છે.

જોકે આજે મોટા ભાગની કંપનીઓને એ સમજાતું નથી. એ તો પ્રસન્ન થાય છે કે વધુ પગાર આપવો મટ્યો. જ્યારે ચેરમેન અને સીએમડી તેમને ભરમાવતા મેનેજરો, એચ. આર. મેનેજરો અને સીએફઓની ચુંગાલમાંથી મુક્ત થશે ત્યારે તેમને આ વાત સમજાશે ત્યારે કદાચ કંપનીનાં વળતા પાણી શરૂ થઈ ગયા હશે... યુ નેવર નો! ■

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# ક્યાંય દેખાય છે વિરોધ પક્ષ?



આ આખી વાત ખોવાયેલી વ્યક્તિની શોધવાની છે. લોકો એકબીજાને પૂછી રહ્યા છે કે શું તમે આ વ્યક્તિને જોઈ છે? 'આપણ યા લા પાહિલા કા?' (એક જમાનામાં મુંબઈ ટી.વી. પર ખોવાયેલી વ્યક્તિ માટે ફોટો બતાવીને જાહેરાત આવતી.) જો કોઈ સારા એવા ચાલતા લોકશાહીવાળા દેશનો વિરોધ પક્ષ એકાએક ગાયબ થઈ જાય તો સમજાય નહીં કે તમે એની ફરિયાદ કયા પોલીસ સ્ટેશનમાં લખાવવાની?

આમ તો આની ફરિયાદ દિલ્હીના જ કોઈ પોલીસ સ્ટેશનમાં કરવી જોઈએ. સામાન્ય રીતે વિરોધ પક્ષ ત્યાં જ જોવા મળે છે. આખા દેશમાં તો એ હોતો નથી. એમના નિવેદનો આપવાની અને જાહેરસભાઓને સંબોધિત કરવાની હદ મહાનગર સુધી જ મર્યાદિત હોય છે. ત્યાં એ જે બોલે છે એ છાપાના માધ્યમથી નાનાં શહેરો અને ગામડાંઓ સુધી પહોંચી જાય છે. આપણા દેશની જનતા સમજી જાય છે કે વિરોધ પક્ષ સુરક્ષિત છે. જોકે અહીં કેટલાંક ગામડાવાળા એવા પણ હતા જે એવું પૂછતાં જોવા મળ્યા : 'શું સાહેબ, તમે વિરોધ પક્ષને ક્યાંય જોયો છે?'

મેં એમને સ્વસ્થ લોકશાહીના નામે ઠપકો આપીને કહ્યું, 'પાપીઓ, તમે વિરોધ પક્ષને વોટ નથી આપ્યો. તો પછી તમને આ સવાલ પૂછવાનો શું નૈતિક અધિકાર છે?' એ લોકો કહેવા લાગ્યા કે અમે ભલે વોટ ન આપ્યો હોય અને કદાચ ભવિષ્યમાં પણ વોટ નહીં આપીએ, પણ એક અથવા બીજા થોડા વિરોધ પક્ષો દેશમાં હોવા જોઈએ.

એ આ વાત એવી રીતે કહી રહ્યા હતાં કે જાણે લોકશાહીના રાજમહેલની સજાવટનો પ્રશ્ન હોય. થોડા વિરોધ પક્ષો દેશમાં હોવા જોઈએ. એ સારા લાગે અને શોભા આપનાર હોય છે. જો વિરોધ પક્ષ જ નહીં હોય તો લોકો શું કરશે? હાય...આ તે કેવી લોકશાહી છે, જેમની પાસે વિરોધીઓ નથી!

સંશોધનનો વિષય છે કે એક પ્રેમીના દિલની જેમ વિરોધ પક્ષ ક્યાં ખોવાઈ ગયો? 'અભી અભી યહીં થા કિધર ગયા જી.' કેટલાક ચમકતા સુંદર ચહેરાઓ હતા જે છાપા કે મેગેઝિનના પહેલાં પાનાં પર ક્યારેક ચિંતિત તો ક્યારેક ઘમંડ દર્શાવતા દેખાતા હતા. કેટલાક નામચીન નેતાઓ પણ હતા. એમનું એક ખાસ કામ રહેતું. જેમ કે- પદયાત્રા કરવી, બજારો બંધ કરાવ્યા, કાળા ઝંડાઓ દેખાડ્યા, સૂત્રોચ્ચાર કર્યા, પગ પછાડ્યા, હડતાલ કરી, નિવેદનોને પડકાર્યા, સભાઓ યોજી, સુપ્રીમ કોર્ટમાં કેસ કર્યો, કોન્ફરન્સ યોજી, ક્યારેક સિદ્ધાંતો પર લડ્યા, ક્યારેક વર્તન પર લડ્યા, મોટાભાગે અંદર અંદર લડ્યા, વગેરે. એ બધાં સારા અને પ્રેમાળ લોકો ક્યાં ગયા?

ગુજરાત હોય કે પંજાબ હોય કે કોઈ પણ રાજ્ય હોય સમસ્યાઓ ઘણી છે પણ સવાલ કરવાવાળા લોકો જ ગાયબ છે. કોણ જાણે ક્યાં ભાગી ગયા?

કેટલાક લોકો કહી રહ્યા હતા કે વિરોધ પક્ષ ગમે ત્યાં હોય એમના સભ્યો તો સત્તાધારી પક્ષના દરવાજે દર્શનની રાહ જોઈને બેઠા છે. બધાં શરદ પવાર બની રહ્યા છે. જો એવું થાય તો આખા મામલામાં ગડબડ થઈ જશે. લોકશાહીની આખી સજાવટ બગડી જશે.

એ તો છોડો પહેલાં જે કૉંગ્રેસી લોકો અંદર-અંદર લડીને સરકાર વિરુદ્ધ બોલી નાખતા હતા, એનાથી જ વિપક્ષની મજા આવતી હતી. પણ આજકાલ તો એવું છે કે રાજ્યમાં પત્તું પણ હલે એટલે દિલ્હીમાં હલચલ થઈ જાય. ગમે તે હોય, આપણે વિરોધ પક્ષને શોધવો જોઈએ. આખરમાં એ ગયો ક્યાં? ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# એન્થ્રોપોમોર્ફિઝમ એટલે શું?

## માનવ પાસેથી પ્રાણીઓ પણ શીખતાં હોય છે



**માનવજાત** અને જંગલી પ્રાણીઓ વચ્ચેના સંબંધનો દુનિયાભરમાં અભ્યાસ કરવામાં આવે છે. જયારે બંને એકબીજાના સંપર્કમાં આવે છે ત્યારે એકબીજાની ક્વોલીટીઓનો જાણે- અજાણે સ્વીકાર કરે છે. ગીરના જંગલમાં સિંહના પરિવારની તસવીર લેતા માણસ તેની જરૂરિયાત અને તકલીફો માટે સંવેદના અનુભવે છે. વહેલી સવારે કાચા માર્ગ પર ચાલતો સિંહ તસવીરકારના વાહન નજીકથી પસાર થઈને માનવીની હાજરી માટે કોઈ પ્રત્યાઘાત આપવાને બદલે તેનો સ્વીકાર કરી લીધો છે. માનવ સાથે સંબંધ વધતા પ્રાણીઓમાં હિંસાત્મક ભાવના ઘટતી હોવાના અભ્યાસ થયા છે. આ સંબંધમાં પ્રાણીઓ માનવ પાસેથી લાગણી વ્યક્ત કરવા જેવી કેટલીક ક્વોલિટી શીખતા હોય છે. આ અભ્યાસને 'એન્થ્રોપોમોર્ફિઝમ' તરીકે ઓળખવામાં આવે છે.

ઓનેર બાલઝાક નામના લેખકે દીપડા અને સૈનિક વચ્ચે બનેલા સ્નેહના સંબંધની અદ્ભુત કથા લખી છે. ઇજિપ્ત અને ફ્રાન્સ વચ્ચેની લડાઈમાં ફ્રાન્સનો એક સૈનિક પકડાઈ જાય છે અને દુશ્મનો વચ્ચેથી રણ જેવા વિસ્તારમાં ભાગી છૂટે છે. લાંબી વિગતોનું વર્ણન કર્યા પછી લેખક લખે છે કે સૈનિક એક ગુફામાં આશરો લે છે. રાત્રે અચાનક ગુફામાં અવાજ આવે છે ત્યારે આ સૈનિકને ખબર પડે છે કે કોઈ જંગલી પ્રાણી નજીકમાં છે. સૈનિક બંદૂકની બૂટ વડે પ્રાણીને મારવા તૈયાર થઇ જાય છે. સવારે એક દીપડી અને તેના બચ્ચાઓને જોઈને તેના મનમાં સહાનુભૂતિ જાગે છે.

એ જ ઘટનાના પરિણામસ્વરૂપ દીપડી પણ સૈનિક તરફ પ્રેમની નજરથી જુએ છે. સૈનિક ધીમેથી ગુફામાંથી છટકવા પ્રયાસ કરે છે, પણ દીપડી તેના પગ ચાટીને જવા દેતી નથી. સૈનિક ગુફાની બહાર નીકળે છે તો તે પણ સાથે જ જાય છે. કથામાં બંને વચ્ચે સહઅસ્તિત્વની વાત લખવામાં આવી છે. પ્રાણી જંગલી હોવાથી તેને લાગણી વ્યક્ત કરતાં આવડતું નથી. તે સૈનિકના પગે બચકું ભરે છે અને સૈનિક તેની કમને બંદૂક થકી હત્યા કરે છે. મરતીવેળા દીપડી સૈનિક તરફ એ જ લાગણી અને વહાલભરી નજરે જુએ છે. સમગ્ર કથામાં એક જંગલી પ્રાણી મનુષ્ય સાથે કેવી રીતે સહઅસ્તિત્વ ધરાવી શકે એની વાત કરી છે.

માનવ અને પ્રાણીઓના સહઅસ્તિત્વને સમજવાની કોશિશ કરીએ. એવું માનવામાં આવે છે કે માનવજાતના ઉદય સાથે તે પ્રાણીઓના સંપર્કમાં આવ્યો. પ્રારંભમાં જીવતા પ્રાણીઓના શિકાર કરવાને બદલે તાજા મૃતદેહમાંથી ખોરાક મેળવતો હતો. માનવ મગજના સર્વાંગી વિકાસમાં આ પોષણયુક્ત ભોજનનો મહત્ત્વનો ભાગ હતો. દશ - બાર હજાર વર્ષ પહેલા ખેતીનો પ્રારંભ થતાં માણસ શિકાર સાથે જરૂરિયાત મુજબ પ્રાણીઓને પાળવાના શરૂ કર્યા. આ ક્રમમાં ઘેટાંથી પ્રારંભ થયો અને ગાય - બકરીઓ સુધી સહઅસ્તિત્વ વિકાસ પામ્યું. જંગલથી પરિચિત માનવોની આ યાત્રા હાથીઓ અને ઘોડાઓ સુધી સંબંધો વિકસતા ગયા અને કૂતરા જેવા વફાદાર સાથીઓ મળ્યા. આમ તો ઉંદરોના ત્રાસથી બચવા બિલાડીઓ સાથે માણસે સંબંધ શરૂ કર્યો અને સદીઓથી અવિરત સંબંધ બન્યો. લગભગ તમામ પ્રાચીન ધર્મમાં પ્રાણીઓનો ઉલ્લેખ થવા લાગ્યો અને માણસજાતને નવા વિશ્વાસુ સાથી તરીકે પ્રાણીઓ મળ્યા.

ભારતીય સંસ્કૃતિમાં પ્રાણીઓને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું. પ્રાણીઓને દેવોના વાહન તરીકે દૈવી સ્થાન મળ્યું. જો કે પશ્ચિમમાં ઘણા વિરોધાભાસ થયા. એરિસ્ટોટલે પ્રાણીઓને તર્કહીન અને માનવથી નીચા માન્યા. જ્યારે પાયથાગોરસ અને પ્લુટાર્ક જેવા ફિલોસોફરે આદર સાથે શાકાહારની વાત કરી.

અંધકારયુગમાં પ્રાણીઓ આત્મા વગરના લાગ્યા, બિલાડીઓને કાળા જાદુ સાથે જોડી દીધી. કેટલીય કથાઓમાં પ્રાણીઓને ફાંસીની સજા સુધીના ઉલ્લેખો લખવામાં આવ્યા છે. આજ પશ્ચિમમાં ત્રણસો વર્ષ પૂર્વે પ્રાણીઓ પરની ક્રૂરતા વિરુદ્ધ કાયદા બન્યા. આ કાયદા વિરુદ્ધ દલીલો કરવામાં આવતી હતી કે જે કશું સમજી શકતા નથી એમના માટે સંવેદનાની જરૂર નથી. જો કે એવી દલીલ કરવામાં આવી કે તે પીડાનો અનુભવ કરી શકે છે. ગાય અને ઘોડાઓની જરૂરિયાત હોવાથી તેમની તરફેણથી કાયદાઓની થયેલી શરૂઆત અન્ય પ્રાણીઓ સુધી પહોંચી.

આખરે ૧૮૨૪માં 'સોસાયટી ફોર ધ પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ'ની સ્થાપના કરવામાં આવી. ચાર્લ્સ ડાર્વિને પ્રાણીઓ અને માનવ વચ્ચે સમાનતા દર્શાવી અને તે સજીવ છે જેવી ચર્ચાઓ સાથે પ્રાણીઓ પરની ક્રૂરતા વિરુદ્ધ લડ્યા, તેમણે પ્રાણીઓને માનવીય ભાવનાઓ અને પીડા અનુભવતા માન્યા. અમેરિકામાં જનજાગૃતિ વધતાં એન્થ્રોપોમોર્ફિઝમને વૈજ્ઞાનિક આધાર મળ્યો. એન્થ્રોપોમોર્ફિઝમ એટલે માનવીય ગુણો, વર્તન, ભાવનાઓ અથવા વિચારોને અમાનવીય વસ્તુઓ, પ્રાણીઓ અથવા કુદરતી ઘટનાઓને સાથે જોડવાની પ્રોસેસ- પ્રક્રિયા ... આમ તો આપણા માટે આ વિચાર પ્રાચીનકાળથી છે, ભગવાન નરસિંહમાં માનવ અને સિંહનો સમન્વય છે. સિંહની હિંસક અને રાજા જેવા ગુણમાં માણસ જોડાઈ ગયો. એ જ રીતે આપણી કથાઓમાં ભગવાન ગણેશ તેમજ હનુમાનજીની વાતો કરવામાં આવે છે ત્યારે તે પ્રાણીઓના દેખાવ અને બેઝિક ક્વોલિટીનો માણસજાતે સામાજિક ઉત્થાન માટે ભરપૂર ઉપયોગ કર્યો છે. આ સંબંધની વિભાવના કદાચ પશ્ચિમ ઘણું મોડું સમજ્યું હશે. જો કે કેટલીક ગ્રીક કથાઓમાં સિંહનું મસ્તક અને માનવદેહની પ્રતિકૃતિ લખવામાં આવી છે.

માનવ અને જંગલી પ્રાણીઓ વચ્ચેના સંબંધોમાં એન્થ્રોપોમોર્ફિઝમ એટલે માનવીય ગુણોની પ્રાણીઓ પર થતી અસર સમજવા જેવી છે. સરવાળે પ્રાણીઓ પણ માનવ પાસેથી ઘણું શીખે છે. જંગલી પ્રાણીઓને ટ્રાફિકનો અનુભવ હતો નહીં પણ પેઢીઓના અભ્યાસ પછી એ ટ્રાફિક જોઈને રોડ ક્રોસ કરવાનો પ્રયાસ કરે છે. શહેરીકરણમાં જંગલોનો નાશ થતા પ્રતિકૂળ સંજોગોમાં પ્રાણીઓ અને પક્ષીઓ અનુકૂળતા શોધીને ઊંચાઈ પર નિવાસ અથવા માળા કરતાં શીખી ગયા છે. એક અભ્યાસ મુજબ કૂતરા માનવના ચહેરાના હાવભાવ અને અવાજને અનુસરીને પ્રતિસાદ આપતા હોય છે, જે પ્રણાલી માનવ સંપર્કથી શીખ્યા છે. કૂતરા અને બિલાડી સહિતના પ્રાણીઓ માનવની હાજરીમાં તણાવમુક્તિનો અનુભવ કરતા હોવાનું આપણે બધાએ ઘરોમાં જોયું છે.

પશ્ચિમી સંસ્કૃતિમાં માનવોને તેમના પ્રિય કૂતરા, ઘોડા કે પક્ષીઓ સાથે દફનાવવામાં આવતા હતા. યુરોપમાં કેટલીક કબરોમાં માનવ અને પ્રાણીઓને એકસાથે રાખવામાં આવ્યા હતા, જેના પરથી કહી શકાય કે એ લોકો પ્રાણીઓને પરિવારના સભ્ય તરીકે જોતા હતા. ભારતીય પરંપરામાં પણ યુધિષ્ઠિર સાથે એક કૂતરું સ્વર્ગ સુધી ગયું હોવાની કથા છે. આ કથાઓ અને સંશોધનો પરથી એક વાત ચોક્કસ કહી શકાય કે માનવ અને પ્રાણીઓ વચ્ચે સંબંધ હજારો વર્ષ જૂનો છે. ■

**ધ એન્ડ**

*સિંહ પાસેથી કામની સાથે આરામને સહજતાથી કઈ રીતે લઈ શકાય એ શીખવા જેવું છે. એ શિકાર સહિત તમામ જરૂરી કામ સાથે પૂરતો આરામ કરે છે. આમ વનનો એ રાજા માનવીને કઈ રીતે જીવન સંતુલિત જીવી શકાય એની વાત શીખવે છે*

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# વન્યસૃષ્ટિનું વિચિત્ર પ્રાણી નોળિયો





**નોળિયો** વન્ય સૃષ્ટિનું વિચિત્ર પ્રાણી છે. ખાસ તો નોળિયો સાપની લડાઈ જેણે જોઈ હશે તેને ખ્યાલ હશે કે તેમની આતે કેવી દુશ્મની હશે કે જીવ સટોસટનાં ખેલ જોવા મળે અને તેમાં હંમેશાં નોળિયો જ જીતે છે! જી હા તે ખૂબ લુચ્ચું પ્રાણી છે, તેનાં તીક્ષ્ણ દાંતથી સાપની ફેણને જ તોડી નાખે છે, આથી સાપ મોતને ભેટે છે. એક એવું લોજીક છે, કે સાપ નોળિયાનાં બચ્ચાને ખાય જાય છે જેથી નોળિયો સાપ સાથે લડાઈ કરે છે, નોળિયો આમ તો માંસાહારી પ્રાણી છે. અંદાજે ત્રણ ફૂટ જેટલું લાંબું ને લંબગોળ જેવું હોય તેની ઝીણી આંખોને ખાસ તે બે પગે ઊભું રહી દૂર સુધી જોઈ શકે અને ઝડપ ઓછી હોવાથી દોડવું કઠિન લાગે એટલે સુરક્ષિત જગ્યાએ ભોણ કરી તેમાં રહે છે. દેખાવે સોનેરી નોળિયો વન્ય સૃષ્ટિ માટે મહત્ત્વનું પ્રાણી છે.

**નોળિયો** (mongoose) : સાપના દુશ્મન તરીકે જાણીતું માંસાહારી (carnivora) શ્રેણીનું સસ્તન પ્રાણી. ભારતમાં વસતા નોળિયા (અથવા નકુળ)નો સમાવેશ હર્પેટિસ કુળમાં થાય છે. ભારતમાં સૌથી વધુ પરિચિત નોળિયા તરીકે H. edwardsiની ગણના થાય છે.

સાપને મારનાર તરીકે મશહૂર હોવા છતાં અન્ય પ્રાણીઓની જેમ સાપના ઝેરની અસર નોળિયા પર પણ થાય છે અને નોળિયો ઝેરથી બચવા કોઈ વિષપ્રતિકારક દ્રવ્યનું પ્રાસન પણ કરતો નથી. સાપની ગતિક્રિયાનું ચોક્કસ નિરીક્ષણ કરવાની સૂઝ નોળિયામાં હોય છે. તે પોતાના પગને ચપળતાપૂર્વક હલાવી સાપ ઉપર હુમલો કરે છે અને ઘણી વાર એક જ પ્રહારમાં સાપને મારી નાંખે છે. જોકે કોઈ વાર અનુભવના અભાવે નોળિયાનાં નાનાં બચ્ચાં સાપના ઝેરથી મરી જતાં હોય છે. શિકાર કરેલ સાપનું માથું (વિષગ્રંથિસહિત) નોળિયાનો મનગમતો ખોરાક હોય છે. નોળિયો સાપના વિષનું ગ્રહણ મોં વાટે કરી શકે છે. નોળિયાના ખોરાકમાં ઉંદર, જાતજાતનાં નાનાં પક્ષી અને સસ્તનોનો સમાવેશ થાય છે. પક્ષીઓનું ભક્ષણ કરનાર નોળિયો પ્રાણીઘર (Zoo) માટે ખતરનાક ગણાય છે.

ભારતમાં વસતો સામાન્ય નોળિયો (H.edwardsi) ખુલ્લાં મેદાનો, ઝાડીપ્રદેશ, પથ્થરથી છવાયેલા ડુંગરો અને શુષ્ક રણ જેવા પ્રદેશોમાં જોવા મળે છે. પથ્થર વચ્ચે આવેલી ફાંટ, વૃક્ષોનાં પોલાણો, જમીનમાં પોતે બનાવેલ દર જેવાં સ્થાનોએ તે રહે છે. નોળિયો કદમાં લાંબો હોય છે. તેના શરીરની લંબાઈ ૯૦ સેમી. અને પૂંછડીની ૫૦ સેમી. જેટલી હોઈ શકે છે. તેની રુવાંટી પીળચટ્ટી, સ્થૂળ અને કડક હોય છે આવો નોળિયો જોવા જંગલમાં જશો તો વન્ય સૃષ્ટિનું અભિન્ન અંગ નોળિયો જોવા મળશે. ■

# અજબ ગજબની દુનિયા


હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## પાણી પહેલા પાળઃ નોર્વેની નાવલાઈ



પાણી ધસમસતું આવે ત્યારે એ પોતાનો રસ્તો ઢોળાવ અને અવરોધ અનુસાર કરી લે છે એટલે પાણી નુકસાન કરશે એવી શંકા હોય તો ચેતીને પાળ બાંધીને પાણીને આવતું રોકી શકાય. એના પરથી સંકટની આશંકા હોય ત્યારે એ આવે તે પહેલા એનો ઉપાય કરવાની સલાહ 'પાણી પહેલા પાળ બાંધવી' કહેવત આપે છે. ટ્રમ્પ, પુટિન કે શી જિનપિંગની હરકતો ત્રીજા વિશ્વયુદ્ધ તરફ આંગળી ચીંધે છે એવી અટકળો થયા કરે છે, પણ એક એવો વર્ગ છે ત્રીજું વિશ્વયુદ્ધ તો પાણી માટે જ ખેલાશે એવું માને છે. 'લેન્ડ ઓફ મીડનાઈટ સન' તરીકે પ્રખ્યાત નોર્વેએ સમુદ્રમાં ૬૦૦ મીટરની ઊંડાઈ પર એક અનોખો અંડરવોટર ડિસ્ટિલેશન પ્લાન્ટ (ખારું પાણી મીઠું કરવાની યંત્રણા) બેસાડ્યો છે જે આ વર્ષે કાર્યરત થઈ જશે. આ યંત્રણા ઊંડે કામ કરતી હોવાથી પ્રેશર - દબાણ ખૂબ જ રહેશે અને પરિણામે ઘણી ઓછી વીજળી વાપરવી પડશે. એક સ્ટીલ કેપ્સ્યુલ દરરોજ ૧ હજાર ક્યુબિક મીટર મીઠું પાણી બનાવી શકે છે, અત્યારના તબક્કે પ્રતિ દિન ૫૦ હજાર ક્યુબિક મીટર મીઠું પાણી તૈયાર કરવાની યોજના છે જે ૩૭ હજાર લોકો માટે પૂરતું હોવાની ગણતરી છે. આ ક્ષમતા ઉત્તરોત્તર વધારવામાં આવશે. યુનાઈટેડ નેશન્સના અંદાજ અનુસાર આગામી પાંચ વર્ષમાં પાણીની જરૂરિયાત ૪૦ ટકા વધી જશે. આ પરિસ્થિતિમાં 'પાણી પહેલા પાળ બાંધવાનું' નોર્વેનુ આ આયોજન વિશ્વ માટે વરદાન સાબિત થઈ શકે છે.

## ઘેર ઘેર જોડિયાના ઝૂલા




રામ કોણ ને શ્યામ કોણ, સીતા કોણ - ગીતા કોણ, અંજુ કઈ ને મંજુ કઈ એ સમસ્યા સિનેમાના પડદા પર જોવા મળે ત્યારે ગમ્મત થાય અને થોડી વારની મીઠી મૂંઝવણ પછી એનો ઉકેલ પણ તૈયાર જ હોય. રીલ અને રિયલ લાઈફનો મેળ બેસે એ જરૂરી નથી. વાસ્તવિક જીવનમાં કંચન - કામિનીને કારણે કેવી ગરબડ થઈ શકે એનો જાત અનુભવ કરવો હોય તો ૫૨૫ ભાષાનું ચલણ ધરાવતા આફ્રિકન દેશ નાઇજીરિયાના ઈગબો - ઓરા શહેરમાં આંટો મારવો જોઈએ. 'વર્લ્ડ કેપિટલ ઓફ ટ્વિન્સ' એવા સ્વઘોષિત આ શહેરમાં ટ્વિન્સ - જોડિયા બાળકની ટકાવારી ખાસ્સી વધારે છે. કોઈ કોઈ કુટુંબમાં તો એવી મહેર હોય છે કે ત્રણ અથવા ચાર (ટ્રિપ્લેટ્સ કે ક્વોડ્રપ્લેટ્સ) સુધ્ધાં જોવા મળે છે. પંદરેક વર્ષથી અહીં દર વર્ષે જોડિયાઓના ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. આ શહેરમાં કેમ ઢગલાબંધ જોડિયા જન્મ લે છે એનું કોઈ ચોક્કસ વૈજ્ઞાનિક તારણ હજી સુધી નથી મળ્યું, પણ મહિલાઓના ભોજનમાં પીરસવામાં આવતી ઓકરા (ભીંડા)ના પાનમાંથી રાંધવામાં આવતી વાનગી આરોગવાથી જોડિયા જન્મે છે એવું માનવામાં આવે છે. ગાયનેકોલોજિસ્ટ આ દલીલને આડકતરું સમર્થન આપી જણાવે છે કે 'અહીંની મહિલાઓ એવી કેટલીક વાનગી આરોગે છે જેમાં કેટલાક હોર્મોનનું પ્રમાણ વધારે હોય છે અને એ સંખ્યાબંધ જોડિયા બાળકોના જન્મ માટે જવાબદાર હોઈ શકે છે.' હોઈ શકે છે, મતલબ કે એ પુરવાર નથી થયું. આ બધી ચર્ચા - દલીલ વચ્ચે નાઈજીરિયાની એક વિદ્યાર્થિની કહે છે કે 'આ તો ઈશ્વરની કૃપા છે.' વાસ્તવિકતા ઘણી વાર સાયન્સ અને શ્રદ્ધા વચ્ચે ફંગોળાતી હોય છે.

## મોસાળમાં રહેવા દસ લાખ ડૉલર ચૂકવી બુકિંગ કરાવો...



મામાનું ઘર કેટલે? દીવો બળે એટલે અસલની કહેવત છે. આધુનિક સમયમાં આ કહેવત એ મામાનું ઘર કેટલે? રિઝોર્ટ દેખાય એટલે જેવું સ્વરૂપ ધારણ કરી લીધું છે. આપણી સંસ્કૃતિમાં ચંદ્રને ચાંદામામા તરીકે ઓળખવામાં આવે છે. એપોલો ઈલેવનમાં સફર કરી ૧૯૬૯માં નીલ આર્મસ્ટ્રોંગ સમસ્ત પૃથ્વીવાસીઓના સાર્વજનિક મોસાળ એવા ચાંદામામાની ધરતી પર પગ મૂકવામાં સફળ થયો પછી ટેકનોલોજીએ ગજબનાક હરણફાળ ભરી છે. હવે તો ચંદ્ર પર વસવાટ કરવાનું સપનું હકીકત બની જશે એવું માનવામાં આવે છે. આ પરિસ્થતિનો લાભ લઈ યુએસના કેલિફોર્નિયા સ્થિત સ્ટાર્ટઅપ તો મોસાળમાં બાંધવામાં આવનારી હોટેલમાં રૂમ બુક કરવા ૧૦ લાખ ડૉલરની ડિપોઝિટ લઈ રહ્યા છે. વિશ્વની સૌપ્રથમ હોટેલ ૨૦૩૨ સુધીમાં તૈયાર થઈ જવાની ગણતરી છે. મબલક નાણાં ધરાવતા લોકો પાસેથી ડાઉન પેમેન્ટ તરીકે પસંદગી અનુસાર અઢીથી દસ લાખ ડૉલર ડિપોઝિટ પેટે લેવામાં આવી રહ્યા છે. રસપ્રદ વાત એ છે કે હોટેલના બાંધકામ માટે કન્સ્ટ્રક્શન મટિરિયલ અને મશીનરી ચન્દ્ર પર મોકલવાને બદલે રોબોટિક સિસ્ટમના ઉપયોગથી ચંદ્રની ધરતી પરની જમીન ખોદી બ્લોક્સ તૈયાર કરી બાંધકામમાં વાપરવામાં આવશે. પરવાનગી મળ્યા પછી ૨૦૨૯માં મૂન હોટેલનું બાંધકામ શરૂ કરવામાં આવશે.

## છેતરપિંડીની દુનિયામાં પ્રામાણિકતા પ્રધાન



ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન કહેવતથી તમે વાકેફ હશો. બુદ્ધિશાળી માણસોની અછત હોય એવે ઠેકાણે એકાદો સામાન્ય બુદ્ધિ ધરાવતો માણસ જોર જમાવી શકે છે એવો એનો ભાવાર્થ છે. એ સંદર્ભે છેતરપિંડી અને કૌભાંડના ચલણવાળી દુનિયામાં ક્યાંક પ્રામાણિકતાનો દીવો ટમટમતો જોવા મળે ત્યારે 'છેતરપિંડીની દુનિયામાં પ્રામાણિકતા પ્રધાન' એવી કહેવત બનાવવાની ઈચ્છા થઈ આવે.

સાક્ષરતામાં આપણા દેશના નંબર વન રાજ્ય તરીકે ખ્યાતિ ધરાવતા કેરળના એક વિસ્તારમાં આવેલી એક દુકાન રાજ્યમાં જ નહીં, દક્ષિણ ભારતમાં ચર્ચાનો વિષય બની છે. ના, અહીં કોઈ એક્સક્લુઝિવ પ્રોડક્ટ મળે છે એવી કોઈ વાત નથી, વાત એમ છે કે 'ભરોસાની ભેંસએ અહીં પાડો જણ્યો' છે. વિદેશમાં મબલક પૈસા કમાઈ લીધા પછી સ્વદેશ પરત આવેલા એક ગૃહસ્થે રહેવાસીઓની સુવિધા માટે અને પોતાને બે પૈસા મળી રહે એ આશય સાથે એક દુકાન ખોલી. દુકાનમાં, અનાજ, ફરસાણ, મીઠાઈ, દહીં - છાસ જેવી દૈનિક વપરાશની વસ્તુ મળે છે. મજાની વાત એ છે કે દુકાનમાં ગલ્લા પર કોઈની હાજરી નથી હોતી. ગ્રાહકો આવે છે, જોઈતી ચીજવસ્તુ ઉપાડે છે, એના ઉપર લખેલા ભાવ વાંચી પૈસા રાખવામાં આવેલા બોક્સમાં મૂકી જતા રહે છે. દુકાનદારે કોઈ ગ્રાહકો પર નજર રાખવા નથી કોઈ કેમેરા બેસાડ્યો. એને ઈચ્છા થાય ત્યારે એક લટાર મારી આવે અને ઘટી ગયેલી પ્રોડક્ટના સ્ટોક માટે નોંધ કરી લે. ઈમાનદારી જ સૌથી મોટી સુરક્ષા વ્યવસ્થા છે એવી આ દુકાનના પ્રયોગથી પ્રભાવિત થઈ રાજ્યમાં જવાબદાર યુવકો તૈયાર થાય એ હેતુથી રાજ્યમાં આ જ ધોરણે સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે.

## લ્યો કરો વાત!

*દવાની દુકાનમાં આવતા લોકો માટે કેટલીક બાબત ફરજિયાત હોય છે. જો ગ્રાહકને ઓટીસી દવા એટલે કે ઓવર ધ કાઉન્ટર મેડિસિન જોઈતી હોય તો દુકાનદાર માત્ર નામ જાણી ઔષધ એની જરૂરી માત્રા સાથે આપી દેતો હોય છે. જોકે, એવી પણ ઘણી દવા હોય છે જે ઓટીસી નથી હોતી, એને માટે ડોક્ટરનું પ્રિસ્ક્રિપ્શન અનિવાર્ય ગણાય છે. એ રજૂ કર્યા પછી જ ફાર્માસિસ્ટ ઔષધ આપવા બંધાયેલો છે. એક મહાશય દવાની દુકાનમાં જઈને કહેવા લાગ્યા કે 'અરે ભાઈ, ઊંઘની ટેબ્લેટ આપો તો.' તરત કેમિસ્ટે સવાલ કર્યો કે 'તમે પ્રિસ્ક્રિપ્શન લાવ્યા છો?' પેલા ભાઈએ હા પાડી અને એક ચબરખી કેમિસ્ટના હાથમાં આપી. એ જોઈ દુકાનદાર સહેજ અકળાયો અને પછી બોલ્યો કે 'આ છેલ્લી વખત ચલાવી લઉં છું. નેક્સ્ટ ટાઈમ ડોક્ટરનું જ પ્રિસ્ક્રિપ્શન જોઈશે, દર વખતે મેરેજ સર્ટિફિકેટ બતાવીને દવા લઇ જાઓ છો એ હવે નહીં ચાલે, શું સમજ્યા?' ઊંઘ ઊડી જવાના કેવાં કેવાં કારણો હોઈ શકે છે આ અજબગજબની દુનિયામાં, હેં ને!* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**છેતરપિંડી કરનારને ક્યાં મોકલાય?**
* રાવલપિંડી.

**દાદાજી ડંગોરો લે, તો દાદી?**
* ધોકો લે.

**પ્રેમીના પ્રેમની કસોટી ક્યારે થાય?**
* પેમેન્ટ કરવાનું થાય ત્યારે...

**મારે સાળી નથી. શું કરું?**
* ધર્મની સાળી શોધી લો....

**તું ચીજ બડી હૈ મસ્ત મસ્ત. એ વળી શું હશે?**
* ડબલ ચીઝ સેન્ડવીચ...

**મેરે સામનેવાલી ખિડકી મેં કોઈ ભી ચાંદ કા ટુકડા નહી રહેતા હૈ... તો શું કરું ?**
* બિલ્ડરને પકડો.

**શહેરમાં નવા બ્રીજ કેમ બંધાતા હશે?**
* લોકોને ખાડા કે ભૂવા નડે નહીં એ માટે.

**મારે ગાયક બનવું હોય તો શું કરવું પડે?**
* બાજુમાં કોઈ પાડોશી ન રહેતું હોય એવું ઘર ભાડે લેવું ...

**ગુજરાતમાં લોટરી કેમ નથી?**
* ગુજરાતીઓને લોટરી લીધા વગર લખપતિ થતાં આવડે છે...

**વણી ના શકાય એ શું?**
* કેળવણી -સુનાવણી ને મેળવણી...

**મારે પ્રેમ કરવો છે, પણ લગ્ન નથી કરવા તો?**
* તો ખિસ્સા ખાલી કરવાની તૈયારી રાખજો.

**ચમચાનું રાજ ક્યાં હોય?**
* ચારેકોર... ચોમેર...

**ફળ ક્યારે મળે?**
* કર્મ કર્યા સિવાયનું ફળ માર્કેટમાંથી મળે...

**બાળ બુદ્ધિ કેવી હોય?**
* તમે સવાલ પૂછો છો એવી...

**કજિયા મ્હોં કાળું કેમ ?**
* ઓરિજિનલ કલર દેખાય નહીં એટલે....

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# કોઈ કામમાં ઉતાવળ ન કરવાનો એ બોધ આપે છે

જરૂરિયાતો વધી ગઈ છે, પહોંચી નથી વળાતું, કોઈ એક જણાની કમાણીથી... કે પછી જે કમાણી છે, તે ઓછી પડે છે. ઘર-વ્યવહાર ચલાવવાં મુશ્કેલ બની ગયાં છે આવી સ્થિતિને સપાટી પર લાવતી ચોવક છેઃ 'ઉઠ લમૂં ને પુછ ટૂંકો' અહીં ઉપયોગમાં લેવાયેલા શબ્દોમાં 'ઉઠ' એટલે ઊંટ 'લમૂં' નો અર્થ થાય છે લાંબો અને 'પુછ' એટલે 'પૂંછડું'.. શબ્દાર્થ છેઃ ઊંટ લાંબો અને પૂછડું નાનું અથવા ટૂંડું, જ્યારે ભાવાર્થ એવો છે કે, જરૂરિયાત કરતાં ઓછું હોવું!

એક બીજી નાની પણ ઉપદેશક ચોવક છેઃ 'કુત્તે વારો કૉલ' જો કે પ્રથમ નજરે જોવા જઈએં તો, કૂતરા ક્યારેય વચન ન આપી શકે. ચોવકનો શબ્દાર્થ છે, 'કૂતરા વાળું વચન'! અહીં 'કુત્તે વારો' એટલે કૂતરાનું, 'કૉલ' એટલે વચન. પણ ભાવાર્થ એવો થાય છે કે, જે વચન પાળી જ ન શકે, તેને 'કૂતરાવાળાં વચન' તરીકે ઓળખવામાં આવે છે. સાધ્ય માટે કૂતરાને સાધન બનાવવામાં આવ્યો છે.

ચોવક છે : 'ચુકો ઉઠ કેં, ડંભ ગડોડ઼ો કે.' 'ચુકો' એટલે અહીં નુકસાન સમજવું. 'ઉઠ' એટલે 'ઊંટ'. 'ડંભ'નો અર્થ થાય છે દામ કે ડામ. 'ગડોડ઼ો' એટલે ગધેડાને! શબ્દાર્થ સ્પષ્ટ થઈ ગયો... નુકસાન ઊંટ કરે અને માર ગધેડો ખાય! ભાવાર્થ પણ એટલો જ સરળ છે. જેમ 'પાડાના વાંકે પખાલીને ડામ'! કોઈકની ભૂલ અને સજા અન્ય કોઈને!

દિવસ અને રાતે થતાં કામમાં પણ ફરક હોય છે. દિવસે કરેલાં કામોમાં સાર્વત્રિક અસર જોવા મળે છે. ભરકત હોય છે, તેવું ચોવક કહે છેઃ 'ડીં સે સીં ને રાત સે રિઢ' ચોવકમાં ઉપયોગમાં લેવાયેલા એકાક્ષરી શબ્દોની અહીં કમાલ પણ બતાવી છે. 'ડીં' એટલે 'દિવસ' અને 'સીં'નો અર્થ છે 'સિંહ'. 'સે'નો અર્થ થાય 'એ' અથવા 'એટલે' અને 'રિઢ' એટલે 'ઘેટું'. ચોવકનો શબ્દાર્થ છે, 'દિવસ એ સિંહ છે અને રાતે એ ઘેટાં સમાન છે. દિવસ અને રાતનું એ રીતે મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. દિવસે કામ કરવા માટે શરીરમાં સિંહ જેવી શક્તિ અને સૂઝ હોય છે. જ્યારે રાત્રે જે કામ થાય તે શિથિલતાથી થાય છે! ભાવાર્થ પણ સ્પષ્ટ થઈ ગયો કે 'દિવસે જ ધાર્યાં કામ થાય'!

કોઈપણ કાર્યની ઉતાવળ યોગ્ય નથી ગણાતી. ઘણા લોકોનો ઉતાવળિયો સ્વભાવ હોય છે, પણ એમ કરતાં કંઈકને કંઈક ભૂલાઈ જાય અને ભૂલ યાદ આવતાં ફરી પાછા ફરવું પડતું હોય છે અને એટલે જ આ ચોવક - પ્રયોજાતી હશે કે : 'તકડ઼ો તેરો વેરા વરે'' મતલબ કે, ઉતાવળો માણસ ભૂલ સુધારવા તેર વખત પાછો ફરે! વપરાયેલા શબ્દોમાં 'તકડો' એટલે ઉતાવળિયો. 'તેરો વેરા' એટલે તેર વખત અને 'વરે'નો અર્થ થાય પાછો વળે! પણ ચોવકને કહેવું એમ છે કે, 'અવિચારી પણે કે ઉતાવળે આદરેલું કે પૂરું કરેલું કામ સમુંસૂતરું પાર ન પડે!'

ગુજરાતીમાં ઘણી વખત આપણે એક કહેવતનો ઘણી વાર ઉપયોગ કરાતો જોયો છે કે, 'ખેતરપાળની ખેડ ન કરાય' અહીં 'ખેડ' શબ્દ 'છેડ' શબ્દના બદલે વપરાયો છે. ચોવક પણ એવા જ અર્થમાં વપરાય છેઃ 'પાણીને આગજી ખિલ ન કજે'. 'ખિલ' એટલે રમત, છેડછાડ, મસ્તી કે મજાક. શબ્દો દ્વારા ચોવક કહે છે કે, આગ અને પાણી સાથે રમત ન કરવી જોઈએ, કારણ કે, એમાં ભારોભાર જીવનું જોખમ રહેલું છે. ભાવાર્થ પણ એવોજ થાય છે કે, આગ અને પાણીનો ભરોસો ન કરવો જોઈએ. એ બંને કુદરતી પરિબળો માણસની ધારણા બહાર ખતરનાક સાબિત થઈ શકે છે. ■

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# સોશ્યલ મીડિયા જાગૃત વપરાશકર્તા માટે આશીર્વાદ ને બીજા માટે...

આજે ડિજિટલ ક્રાંતિનો યુગ છે. મોબાઈલ ફોન, ઈન્ટરનેટ અને સોશ્યલ મીડિયાએ માનવજીવનને નવી દિશા આપી છે. આજે વિશ્વ એક 'ગ્લોબલ વિલેજ' બની ગયું છે, જ્યાં પળોમાં માહિતી એક ખૂણેથી બીજા ખૂણે પહોંચી જાય છે. સોશ્યલ મીડિયા જેવી કે વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, યુટ્યૂબ, એક્સ (ટ્વિટર) વગેરે લોકો માટે સંપર્ક, સંવાદ, મનોરંજન અને અભિવ્યક્તિનું મહત્ત્વપૂર્ણ માધ્યમ બની ગયાં છે, પરંતુ જેટલી ઝડપથી આ માધ્યમો લોકપ્રિય બન્યા છે એટલી જ ઝડપથી તેની સારી- નરસી અસરો માનવ જીવન પર દેખાવા લાગી છે. યોગ્ય સમજ અને સાવચેતી વિના સોશ્યલ મીડિયાનો ઉપયોગ વ્યક્તિગત, પારિવારિક અને સામાજિક જીવનમાં અનેક સમસ્યાઓ ઊભી કરી શકે છે તેથી આજના સમયમાં સોશ્યલ મીડિયા ઉપયોગ કરતાં પહેલા ચોક્કસ સાવચેતી રાખવી અત્યંત જરૂરી બની ગઈ છે, જેમકે...



*** વ્યક્તિગત માહિતીની સુરક્ષાઃ**

ઘણા લોકો અજાણતાં જ પોતાની અંગત વિગતો જેમ કે મોબાઈલ નંબર, સરનામું, જન્મતારીખ, પરિવારની માહિતી, પ્રવાસની વિગતો વગેરે જાહેર કરી દે છે. આવી માહિતીનો દુરુપયોગ થઈ શકે છે અને વ્યક્તિ ઠગાઈ, હેકિંગ અથવા અન્ય ગુનાનો શિકાર બની શકે છે.

આથી, સોશ્યલ મીડિયા પર શું શેર કરવું અને શું નહીં - તે અંગે સમજદારી રાખવી જોઈએ. પ્રાઈવસી સેટિંગ્સ યોગ્ય રીતે ગોઠવવી અને અજાણ્યા લોકો સાથે અંગત માહિતી વહેંચવાથી બચવું જરૂરી છે.

*** ખોટી માહિતી વત્તા અફવાઓથી બચાવઃ**

સોશ્યલ મીડિયાની સૌથી મોટી સમસ્યા છે - ખોટી માહિતી, અફવાઓ અને ભ્રામક સમાચાર. કોઈપણ સમાચાર, વીડિયો કે સંદેશો સાચા છે કે નહીં તેની તપાસ કર્યા વિના ફોરવર્ડ કરવાથી સમાજમાં ભય, ગેરસમજ અને અશાંતિ ફેલાઈ શકે છે. જવાબદાર નાગરિક તરીકે દરેક વ્યક્તિએ કોઈપણ માહિતી શેર કરતા પહેલા વિચારવું જોઈએ. વિશ્વસનીય સ્ત્રોતમાંથી માહિતી મળી છે કે નહીં, તેની પુષ્ટિ કર્યા વગર ફોરવર્ડ કરવું યોગ્ય નથી. એક ખોટો મેસેજ પણ સમાજમાં મોટું નુકસાન કરી શકે છે.

*** સમય ને જીવન સંતુલન અંગે સાવચેતીઃ**

સોશ્યલ મીડિયાનો અતિશય ઉપયોગ માણસને સમયનું ભાન ભૂલાવી દે છે. કલાકો સુધી મોબાઈલ સ્ક્રોલ કરવું, રીલ્સ જોવી અને બિનજરૂરી ચર્ચામાં સમય વેડફવાથી અભ્યાસ, કામ, આરોગ્ય અને પરિવાર જીવન પર નકારાત્મક અસર પડે છે. તેથી સોશ્યલ મીડિયા માટે સમય મર્યાદા નક્કી કરવી જરૂરી છે. જીવનમાં ટેક્નોલોજી આપણું સાધન હોવું જોઈએ, જીવનનું કેન્દ્ર નહીં

*** માનસિક સ્વાસ્થ્ય - જાગૃતિઃ**

સોશ્યલ મીડિયા પર લોકો મોટેભાગે પોતાના જીવનના સારાં પાસાં જ દર્શાવે છે. આ ચમકદાર જીવન જોઈને ઘણા લોકો પોતાના જીવન સાથે તુલના કરવા લાગે છે, પરિણામે હીન ભાવના, અસંતોષ, ઈર્ષ્યા અને તણાવ વધે છે. લોકોએ સમજવું જોઈએ કે સોશ્યલ મીડિયા પર દેખાતું જીવન સંપૂર્ણ સત્ય નથી. પોતાની ખુશી અને આત્મ મૂલ્ય 'લાઈક' અને 'ફોલોઅર્સ' પર આધારિત ન રાખવું જોઈએ. માનસિક સ્વાસ્થ્ય માટે સમયાંતરે સોશ્યલ મીડિયાથી વિરામ લેવો પણ જરૂરી છે.

*** ભાષા તથા અભિવ્યક્તિમાં સંયમઃ**

સોશ્યલ મીડિયા પર વિચારો વ્યક્ત કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોવા છતાં ભાષા અને વર્તનમાં સંયમ રાખવો આવશ્યક છે. અપમાનજનક શબ્દો, ઘૃણાસ્પદ સંદેશા, ટ્રોલિંગ અને સાયબર બુલિંગ સમાજમાં વિખવાદ અને નકારાત્મકતા ફેલાવે છે. સંવેદનશીલ અને સંસ્કારી ભાષા સોશ્યલ મીડિયા પર પણ એટલી જ જરૂરી છે જેટલી વાસ્તવિક જીવનમાં.

*** બાળક- યુવાનો માટે વિશેષ સાવચેતીઃ**

બાળકો અને યુવાનો સોશ્યલ મીડિયા પરથી ઝડપથી પ્રભાવિત થાય છે. અયોગ્ય સામગ્રી, ખોટા આદર્શો અને ઓનલાઈન લત તેમના શારીરિક, માનસિક અને નૈતિક વિકાસને નુકસાન પહોંચાડી શકે છે માટે માતા - પિતાએ બાળકોને સોશ્યલ મીડિયાના ઉપયોગ અંગે માર્ગદર્શન આપવું, યોગ્ય મર્યાદા નક્કી કરવી અને ખુલ્લો સંવાદ જાળવવો જરૂરી છે.

*** કાનૂની સાથે નૈતિક જવાબદારીઃ**

અહીં દરેક પોસ્ટ અને કોમેન્ટ માટે વ્યક્તિ પોતે જવાબદાર છે. ખોટા આરોપો, અફવાઓ, અશ્લીલ સામગ્રી અથવા કોઈની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડતી પોસ્ટ કાયદેસર ગુનો બની શકે છે.

'આ તો માત્ર મજાક છે' અથવા 'ઓનલાઈન છે એટલે કંઈ નહીં થાય' એવી માનસિકતા ખોટી છે. સોશ્યલ મીડિયા પણ સમાજનો જ એક ભાગ છે અને ત્યાં કરેલા કાર્યનાં પરિણામ પણ વાસ્તવિક જીવનમાં ભોગવવા પડે છે.

*** સકારાત્મક ઉપયોગ તરફ દૃષ્ટિકોણઃ**

સોશ્યલ મીડિયા સ્વયં ખરાબ નથી, પણ તેનો ઉપયોગ જે રીતે થાય છે તે મહત્ત્વનું છે. શિક્ષણ, જ્ઞાન, સામાજિક જાગૃતિ, પ્રેરણા, સારા વિચારો અને માનવસેવા માટે સોશ્યલ મીડિયાનો ઉત્તમ રીતે ઉપયોગ થઈ શકે છે. જો માણસ સચેત અને જવાબદાર બનીને તેનો ઉપયોગ કરે, તો સોશ્યલ મીડિયા વ્યક્તિગત વિકાસ અને સમાજના કલ્યાણ માટે અસરકારક સાધન બની શકે છે.

*** ઉપસંહાર...**

આમ સોશ્યલ મીડિયા આજના યુગનું શક્તિશાળી સાધન છે. તે જીવનને સરળ પણ બનાવી શકે છે અને મુશ્કેલ પણ - આ બધું તેના ઉપયોગ પર આધાર રાખે છે.

આથી, સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરતાં પહેલાં સાવચેતી, સંયમ, વિવેક અને જવાબદારી રાખવી અનિવાર્ય છે. જાગૃત વપરાશકર્તા માટે સોશ્યલ મીડિયા આશીર્વાદ છે અને અજાગૃત વપરાશકર્તા માટે અભિશાપ. ■

# ટૅરિફ વૉર વકરવાના ભય વચ્ચે સેન્સેક્સ ૧૦૦૦ પોઇન્ટના જોરદાર કડાકા સાથે ૮૩,૦૦૦ની નીચે સરકી ગયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વૈશ્વિક બજારમાં ટ્રમ્પે યુરોપના દેશો સામે શરૂ કરેલી નવી ટેરીફ વોરની ચિંતા વચ્ચે વિશ્વબજારની પીછેહઠ સાથે બજારનું સેન્ટિમેન્ટ ખરડાઇ જતાં જોરદાર વેચવાલીના દબાણથી સેન્સેક્સ ટેરિફ વોર વકરવાના ભય વચ્ચે સેન્સેક્સ ૧૦૦૦ પોઇન્ટના જોરદાર કડાકા સાથે ૮૩,૦૦૦ની નીચે સરકી ગયો હતો, જ્યારે એક્સચેન્જના માર્કેટ કેપિટલાઇઝેશનમાં રૂપિયા દસ લાખ કરોડ જેવું ધોવાણ નોંધાયું હતું. એ જ સાથે નિફ્ટી ૨૫,૨૫૦થી નીચે સરકી ગયો છે.

સત્ર દરમિયાન ૧૨૩૫.૬૦ પોઇન્ટના કડાકો નોંધાવ્યા બાદ અંતે, બીએસઇ સેન્સેક્સ ૧૦૬૫.૭૧ પોઈન્ટ અથવા ૧.૨૮ ટકા ઘટીને ૮૨,૧૮૦.૪૭ પોઇન્ટની સપાટી પર બંધ થયો છે, જ્યારે નિફ્ટી ૫૦ ૩૫૩ પોઈન્ટ અથવા ૧.૩૮ ઘટીને ૨૫,૨૩૨.૫૦ પર બંધ થયો છે. બજારનો અંડરટોન ખૂબ જ નબળો રહ્યો હતો, જેમાં કુલ ટ્રેડેડ શેરોમાંથી ૩૫૦૩ શેરના ભાવ ગબડ્યા હતા. માત્ર ૭૮૦ શેરના ભાવમાં સુધારો હતો અને ૧૧૯ શેર મૂળ સપાટીએ પાછાં ફર્યા હતા.

સેન્સેક્સના શેરોમાં ઇટર્નલ ૪.૦૨ ટકાના કડાકા સાથે ટોપ લુઝર બન્યો હતો અને ત્યાર બાદના ક્રમમાં બજાજ ફાઇનાન્સ (૩.૮૮ ટકા). સન ફાર્મા, ઇન્ટરગ્લોબ એવિએશન, ટ્રેન્ટ, એશિયન પેઇન્ટ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને બજાજઙ ફિનસર્વનો ક્રમ હતો. એક માત્ર એચડીએફસી બેન્ક પોઝીટીવ ઝોનમાં ટકી શક્યો હતો.

વ્યાપક બજારમાં પણ ભારે વેચવાલી રહેતા સ્મોલ કેપ ઇન્ડેક્સમાં ૨.૭૪ ટકાનો અને મિડકેપ ઇન્ડેક્સમાં ૨.૫૨ ટકાનો જોરદાર કડાકો નોંધાયો હતો.

પ્રાથમિક મૂડીબજારમાં મેઇન બોર્ડના કેટલાક ઇશ્યુ ઓપન છે અને તેના પર કેવી અસર થાય છે તેના પર બજારના નિરિક્ષકોની નજર છે. મલ્ટી-સ્પેશિયાલિટી ટર્શરી કેર હોસ્પિટલ હેન્ના જોસેફ હોસ્પિટલ લિમિટેડનો રૂ. ૪૨ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૭ જાન્યુઆરીના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૮ જાન્યુઆરી અને લિસ્ટિંગ તારીખ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૬૭થી રૂ. ૭૦ છે અને અરજી માટે લોટ સાઇઝ ૨૦૦૦ શેરની છે. કંપની પરિણામોની નિરાશાએ પણ સેન્ટિમેન્ટને નુકસાન પહોંચાડ્યું હતું.

વિપ્રોના નફામાં પણ સાત ટકાનો ઘટાડો નોંધાયો હતો. ટીસીએસએ પણ નાણાકીય મોરચે રોકાણકારોને નિરાશ કર્યા હતા અને તેમાં એલટીઆઇમાઇન્ડટ્રીએ ચોખ્ખા નફામાં ૧૦.૫ ટકાનો ઘટાડો જાહેર કર્યા બાદ તેના શેરમાં લગભગ સાડા સાત ટકા જેવો કડાકો નોંધાયો હતો.

નાણાકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરમાં નફામાં માત્ર નજીવો વધારો નોંધાયા બાદ ઇન્ડેક્સ હેવીવેઇટ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેરમાં સોમવારે ૩.૩૭ ટકાથી વધુનો કડાકો નોંધાયો હતો અને મંગળવારે વધુ ૧.૫૦ ટકા તૂટ્યો હતો.

ડિસેમ્બર ૨૦૨૫માં પૂરા થયેલા ત્રીજા ક્વાર્ટરમાં આઇટીસીનો નફો ૯.૬૦ ટકા વધીને રૂ. ૨૩૭ કરોડ જ્યારે, એસઆરએફએ નફો ૫૯.૬૦ ટકા વધીને રૂ. ૪૩૨.૬૬ કરોડ નોંધાયો છે. નોંધાયો છે. આઇઆરએફસીએ ૧૦.૫૧ ટકાના વધારા સાથે રૂ. ૧,૮૦૨ કરોડનો ચોખ્ખો નફો અને પીએનબીએ ૧૩ ટકાના વધારા સાથે રૂ. ૫,૧૦૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.

બજારના સાધનો અનુસાર મિશ્ર કોર્પોરેટ પરિણામો, વિદેશી ભંડોળની સતત વેચવાલી



અને વૈશ્વિક વેપાર બાબતની અનિશ્ચતતા વચ્ચે સેન્ટિમેન્ટ કથળી ગયું હોવાથી સતત બીજી સત્રમાં પીછેહઠ જોવા મળી હતી. બીએસઇ પર બધી લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઇઝેશન ૯.૮૬ લાખ કરોડ રૂપિયા ઘટીને ૪૫૫.૮૨ લાખ કરોડ રૂપિયાના સ્તરે પહોંચ્યું હતું.

મંગળવારના સત્રમાં શેરબજારને ઘટાડા તરફ દોરી જતા મુખ્ય પરિબળોમાં આઇટી શેરોમાં જોરદાર વેચવાલીનું દબાણ, ટ્રમ્પે યુરોપના આઠ દેશ પર નવી ટેરિફ લાદવાની આપેલી ચીમકી અને તેની સામે યુરોપના વળતાં પ્રહારોની ચિંતા, વૈશ્વિક ઇક્વિટી માર્કેટમાં જોવા મળેલો ગભરાટ અને પીછેહઠ, વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા એકધારી વેચવાલીનું દબાણ, આંતરરાષ્ટ્રીય સ્તરે સર્જાઇ રહેલી અશાંતિ અને ભૂરાજકીય કારણોસર સેફ હેવન એસેટ તરફની દોડ અને ફોરેક્સ માર્કેટમાં ડોલર સામે રૂપિયાના સતત અવમૂલ્યનનો સમાવેશ થાય છે.

ટેકનિકલ ઇન્ડકેટર્સ નિફ્ટી માટે નકારાત્મક દિશા સૂચન કરી રહ્યા હોવાથી રોકાણકારોની વેચવાલીમાં વધારો થયો હતો. વેચવાલીનું દબાણ એટલું તીવ્ર અને વ્યાપક રહ્યું હતું કે એક્સચેન્જના તમામ સેક્ટર નેગેટિવ ઝોનમાં ગબડી ગયા હતા. આ તરફ ભારત વીઆઇએક્સ લગભગ બે મહિનાના ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો. નિફ્ટી નવેમ્બર ૨૦૨૫ પછી પ્રથમ વખત ૨૫,૪૦૦ની નીચે સરક્યો છે. સ્મોલ અને મિડકેપ શેરોમાં પણ આ સત્રમાં જોરદાર વેચવાલી અને ધોવાણ જોવા મળ્યા હતા.

રિયલ્ટીમાં ૫.૨૧ ટકાનો ઘટાડો, સર્વિસમાં ૨.૮૯ ટકાનો ઘટાડો, કેપિટલ ગૂડ્સમાં (૨.૭૬ ટકા), કન્ઝ્યુમર ડિસ્ક્રીશ્નરી (૨.૭૩ ટકા), કન્ઝ્યુમર ડ્યુરેબલ (૨.૭૧ ટકા), ટેલિકોમ્યુનિકેશન (૨.૪૨ ટકા), ઓટો (૨.૩૬ ટકા) અને પાવરમાં (૨.૨૩ ટકા)નો ઘટાડો થયો છે.

એનાલિસ્ટે જણાવ્યું હતું કે, વૈશ્વિક વેપાર તણાવમાં વધારો અને વિદેશી મૂડીના સતત બહાર જવાથી રોકાણકારોનું સેન્ટિમેન્ટ ડાઉન થયું હતું. યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઘણા યુરોપિયન દેશો પર નવા ટેરિફ લાદવાની ધમકી આપ્યા પછી ચિંતા ફરી ઉભી થઈ, જેનાથી વૈશ્વિક વેપારમાં અવરોધો ફરી શરૂ થયા છે. તે જ સમયે, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા સતત વેચવાલીથી સ્થાનિક ઇક્વિટીમાં ઘટાડાનું દબાણ વધ્યું છે.

વધતી વૈશ્વિક અનિશ્ચિતતા અને ઘટતા ઇક્વિટી બજારોએ રોકાણકારોને સુરક્ષિત ગણાતાં સેફ હેવન એસેટ તરફ વળવા પ્રેર્યા હોવાથી સોના અને ચાંદીના ભાવ વિક્રમી ઊંચા સ્તરે પહોંચ્યા છે. વિદેશ નીતિના સાધન તરીકે યુએસ વહીવટીતંત્ર દ્વારા ટેરિફનો આક્રમક અને ઘણીવાર અણધારી ઉપયોગ વૈશ્વિક બજારના સહભાગીઓમાં વ્યાપક અસ્વસ્થતા પેદા કરી રહ્યો છે, જેના કારણે નાણાકીય બજારોમાં તીવ્ર અસ્થિરતા જોવા મળી રહી છે. આનાથી જોખમી સંપત્તિઓ પર ભારે ભારણ પડ્યું છે, જ્યારે સોના અને ચાંદીના ભાવ ઉંચા આવી રહ્યા છે. ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવાના યુએસના પગલાનો વિરોધ કરતા યુરોપિયન રાષ્ટ્રો પર વધારાના ટેરિફ લાદવાની યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા નવી ધમકીઓએ વૈશ્વિક ઇક્વિટી વેચાણમાં ફરી એક વાર વધારો કર્યો છે, જેમાં ભારતીય બજારોમાં પણ વ્યાપક દબાણ જોવા મળી રહ્યું છે. ભારતીય ઇક્વિટી બજાર આજના સત્રનો અંત નિર્ણાયક રીતે નકારાત્મક રહ્યો, જે નબળા વૈશ્વિક સંકેતો, સાવચેત રોકાણકારોની જોખમ લેવાની ક્ષમતામાં ઘટાડો દર્શાવે છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ નીચા સ્તરે સ્થિર થયો છે. યુરોપમાં બજારો એક ટકાથી વધુ નીચા સ્તરે ટ્રેડ કરી રહ્યા હતા. સોમવારે માર્ટિન લ્યુથર કિંગ જૂનિયર દિવસની રાષ્ટ્રીય રજા નિમિત્તે અમેરિકન બજારો બંધ રહ્યા હતા.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૦.૦૯ ટકા વધીને ૬૩.૯૧ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. સોમવારે, સેન્સેક્સ ૩૨૪.૧૭ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા ઘટીને ૮૩,૨૪૬.૧૮ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૧૦૮.૮૫ પોઈન્ટ અથવા ૦.૪૨ ટકા ઘટીને ૨૫,૫૮૫.૫૦ પર બંધ થયો હતો.

દરમિયાન, આઇએમએફે ભારતની અપેક્ષાથી સારી કામગીરી ધ્યાનમાં લઇને રાજકોષીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ભારતના જીડપી ગ્રોથનો અંદાજ ઓક્ટોબરની આગાહી સામે ૦.૭ ટકા વધારીને હવે ૭.૩ ટકા જાહેર કર્યો છે. કંપનીના રિટેલ આઉટલેટને સોંપવા માટે રૂ. એક લાખની લાંચ લેવાના આરોપમાં સીબીઆઇએ મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસીએલ)ના એક સેલ્સ ઓફિસરની ધરપકડ કરી છે.

## ડૉલર સામે રૂપિયો સાત પૈસા તૂટીને ૯૦.૯૭ના નવાં તળિયે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ખાસ કરીને ધાતુના આયાતકારોની પ્રબળ માગ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવ્યાના નિર્દેશો ઉપરાંત વૈશ્વિક સ્તરે ભૂરાજકીય સાથે આજે ડૉલર સામે રૂપિયો વધુ સાત પૈસાના ઘટાડા સાથે ૯૦.૯૭ના નવાં તળિયે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. જોકે, આજે ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયાને થોડો ટેકો મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૯૦ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૯૦.૯૧ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૧.૦૬ અને ઉપરમાં ૯૦.૮૮ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે સાત પૈસાના ઘટાડા સાથે ૯૦.૯૭ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વે ગત ૧૬મી ડિસેમ્બરના રોજ ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૯૧.૧૪ સુધી ગબડ્યા બાદ અંતે ૯૦.૦૩ની ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવ વધવાની સાથે વિશ્વ બજાર પાછળ ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલી રહેતાં ડૉલર સામે રૂપિયામાં નકારાત્મક વલણ જોવા મળ્યું હતું જોકે, આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો સંભવિતપણે બજારમાં હસ્તક્ષેપ રહેતાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે વૈશ્વિક અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૦.૭૦થી ૯૧.૨૫ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય. દરમિયાન આજે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૦૬૫.૭૧ પૉઈન્ટનો અને ૩૫૩ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૨૬૨.૮૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશ ઉપરાંત બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૦૯ ટકા વધીને બેરલદીઠ ૬૩.૯૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. તેમ છતાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૯૧ ટકા ઘટીને ૯૮.૪૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### ટ્રેડ વૉરની ભીતિઃ વૈશ્વિક સોનાએ ૪૭૦૦ ડૉલરની અને ચાંદીએ ૯૫ ડૉલરની સપાટી કુદાવી

## સ્થાનિકમાં ચાંદી ₹ ૧૫,૩૭૦ની તેજી સાથે ૩.૦૯ લાખની પાર, શુદ્ધ સોનાએ ₹ ૧.૪૭ લાખની સપાટી કુદાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડના મુદ્દે યુરોપના આઠ દેશો સામે પહેલી ફેબ્રુઆરીથી ટૅરિફ લાદવાની ધમકી ઉચ્ચારતા વૈશ્વિક બજારોમાં પુનઃ ટ્રેડ વૉરના મંડાણ થવાની ભીતિ સપાટી પર આવતા આજે લંડન ખાતે રોકાણકારોની સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓમાં સલામતી માટેની વ્યાપક માગ રહેતાં હાજરમાં સોનાના ભાવ ૧.૩ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૪૭૦૦ ડૉલરની સપાટી અને ચાંદીના ભાવ ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૯૫ ડૉલર કુદાવી ગયાના અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ તેજીનું તોફાન જળવાઈ રહેતાં હાજરમાં ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૫,૩૭૦ના ઉછાળા સાથે ૩.૦૯ લાખની સપાટી પાર કરી ગયા હતા, જ્યારે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૪૪૯થી ૩૪૬૩ વધી આવ્યા હતા, જેમાં શુદ્ધ સોનાએ રૂ. ૧.૪૭ લાખની સપાટી વટાવી હતી.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે હાજરમાં ચાંદીના વેરારહિત ધોરણે ભાવ વધુ કિલોદીઠ રૂ. ૧૫,૩૭૦ની તેજી સાથે રૂ. ૩,૦૯,૩૪૫ની સપાટીએ રહ્યા હતા. જોકે, આજે ઊંચી સપાટીએથી ઔદ્યોગિક વપરાશકારો સહિત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ હાજરમાં વેરારહિત ધોરણે સોનામાં પણ તેજી આગળ ધપતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૪૪૯ વધીને રૂ. ૧,૪૬,૮૧૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૪૬૩ વધીને રૂ. ૧,૪૭,૪૦૯ની સપાટીએ રહ્યા હતા. તેમ જ ચાંદીની જેમ સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સલામતી માટેની માગને ટેકે એક તબક્કે સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૪૭૩૧.૩૪ની સપાટી સુધી પહોંચ્યા બાદ ગઈકાલના બંધ સામે ૧.૩ ટકા વધીને ઔંસદીઠ ૪૭૨૭.૯૯ ડૉલર આસપાસ અને ફેબ્રુઆરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ત્રણ ટકા વધીને ૪૭૩૪.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૯૫.૩૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, તે પૂર્વે ભાવ વધીને ૯૫.૪૮ ડૉલરની ટોચે પહોંચ્યા હતા. અમેરિકી પ્રમુખે ગ્રીનલેન્ડ પર કબ્જો કરવાના મુદ્દે ટેકો ન આપવા બદલ યુરોપના આઠ દેશો પર વધારાની ટૅરિફ લાદવાની આપેલી ધમકી ઉપરાંત તેઓ નીચી વ્યાજદરની હિમાયત કરી રહ્યા હોવાથી સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓમાં તેજી વેગીલી બની હોવાનું યુબીએસના વિશ્લેષક ગિઓવન્ની સ્ટુનોવોએ જણાવતાં ઉમેર્યું હતું કે ભૂરાજકીય તણાવમાં વધારો થવાથી છેલ્લા ૨૦ દિવસમાં સોનાના ભાવમાં ૯.૫ ટકાનો અને ટ્રમ્પ ફરીથી સત્તા પર આવ્યા ત્યારથી ૭૦ ટકાનો ઉછાળો આવ્યો છે. વધુમાં હળવી નાણાનીતિના આશાવાદ વચ્ચે એક્સચેન્જ ટ્રેડેડ ફંડોની માગમાં પણ વધારો થવાથી સોનાની તેજીને વધુ ઈંધણ મળી રહ્યું છે.

જોકે, હવે રોકાણકારોની નજર રાષ્ટ્રપતિ ટ્રમ્પ ફેડરલ રિઝર્વને પોતાની મરજીથી બરતરફ કરી શકે કે નહીં તે અંગેના સુપ્રીમ કોર્ટનાં નિર્ણય પર મંડાયેલી હોવાનું તેમણે જણાવતા ઉમેર્યું હતું કે હાલની વૈશ્વિક સ્થિતિને ધ્યાનમાં લેતા સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૫૦૦૦ ડૉલર સુધી પહોંચી શકે છે.

## ટીનમાં ઘટ્યા મથાળેથી લેવાલીએ ₹ ૧૨૯નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ તાજેતરમાં કોપરના વૈશ્વિક ભાવ ઊંચી સપાટી આસપાસ પ્રવર્તી રહ્યા છે અને ઊંચા મથાળેથી કોપરના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનની માગ નબળી પડતાં આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં વિવિધ ધાતુઓમાં સાંકડી વધઘટ જોવા મળી હતી, જેમાં કોપર વાયરબાર, કોપર આર્મિચર, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ, લીડ ઈન્ગોટ્સ અને નિકલમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો સુધારો આવ્યો હતો. વધુમાં આજે ટીનમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨૯નો ચમકારો જોવા મળ્યો હતો અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર કેબલ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. એકથી બેનો ઘટાડો આવ્યો હતો.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને કોપરમાં ઊંચા મથાળેથી ચીનના ફેબ્રિકેટરોની માગ નબળી રહેતાં ત્રણ મહિને ડિલિવરી શરતે વાયદામાં ભાવ ઘટીને ટનદીઠ ૧૨,૯૦૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હતું.

દરમિયાન સ્થાનિકમાં છેલ્લાં ત્રણ સત્ર દરમિયાન ટીનના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૭૨નો ઘટાડો આવ્યા બાદ આજે નીચા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી નીકળવાની સાથે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૨૯ના ચમકારા સાથે રૂ. ૪૬૬૩ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં છૂટીછવાઈ વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે જે ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૧૬૪૫, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૭૨૦ અને રૂ. ૧૯૫ અને કોપર આર્મિચર, કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૧૭૪, રૂ. ૧૨૬૬ અને રૂ. ૩૧૯ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૭૨૦ અને કોપર કેબલ સ્ક્રેપ તથા કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૧૧૯૫ અને રૂ. ૧૦૮૮ના મથાળે રહ્યા હતા.

જ્યારે કોપર સ્ક્રેપ હેવી, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૧૮૫, રૂ. ૮૨૦ અને રૂ. ૨૩૦ના મથાળે ટકેલા રહ્યાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ખાંડમાં ₹ છથી ૩૨નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના ઉછાળા સાથે રૂ. ૩૬૨૦થી ૩૬૬૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૯થી ૩૨નો ચમકારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો સાધારણ ગુણવત્તાલક્ષી સુધારો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલી છૂટીછવાઈ રહી હતી, જ્યારે રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પરના પ્રોત્સાહક અહેવાલે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૨ના અને ઉપલા મથાળેથી રૂ. ૨૯ના સુધારા સાથે રૂ. ૩૭૯૨થી ૩૮૫૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો ગુણવત્તાલક્ષી સુધારો આવ્યો હતો અને વેપાર રૂ. ૩૮૯૨થી ૩૯૬૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હતી, પરંતુ મથકો પરના પ્રોત્સાહક અહેવાલે ભાવમાં ક્વિન્ટલે રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૦૫થી ૩૭૬૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૯૫થી ૩૮૨૫માં થયા હતા.



## સાંકડી વધઘટે અથડાયેલા દેશી-આયાતી તેલ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે પામતેલના વાયદામાં ૨૮ રિંગિટનો ઉછાળો આવ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક ખાદ્યતેલ બજારમાં આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૩૦, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૭, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૫, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૨૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૦ અને રિલાયન્સ કન્ઝ્યુમરનાં સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૩૫૦ અને રૂ. ૧૬૦૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

ગુજરાતમાં આજે મગફળીની ગોંડલ મથકે ૨૦,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૪૨૫માં અને રાજકોટ મથકે આજે નવી કોઈ આવક નહોતી, પરંતુ ગઈકાલની શેષ ૫૦,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૪૩૫માં થયાના અહેવાલ હતા. જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૪૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૦૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર ૧.૨૫ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૧૦૦થી ૫૪૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૩૫૦થી ૫૪૫૦માં થયાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૦૦, સિંગતેલના રૂ. ૧૬૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૫ અને સરસવના રૂ. ૧૫૧૫ના મથાળે ટકેલાં રહ્યાં હતાં.

# કમોસમી વરસાદના હાઉ વચ્ચે પવનોની દિશા બદલતાં કચ્છને કાતિલ ઠંડીમાંથી મળી નોંધપાત્ર રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પાકિસ્તાનની સરહદને અડકીને આવેલા સરહદી કચ્છને સતત ધ્રુજાવી રહેલી ઠંડીના પ્રમાણમાં ઉતાર-ચઢાવ યથાવત રહ્યો છે અને મહત્તમ અને લઘુતમ ઉષ્ણતામાનનો આંક પાંચથી સાત ડિગ્રી જેટલો ઉપર આવતાં મારકણા ઠારમાં નોંધપાત્ર ઘટાડો થતાં ધીરે-ધીરે જનજીવન થાળે પડી રહ્યું છે.

અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં એક સપ્તાહ અગાઉ નોંધાયેલા ૩.૮ ડિગ્રી સે. ન્યૂનતમ તાપમાન સામે આજે ૧૦.૪ ડિગ્રી જેટલું લઘુતમ તાપમાન, જયારે ૨૭ ડિગ્રી જેટલું મહત્તમ તાપમાન નોંધાતાં તીવ્ર ટાઢોળાને કારણે મૂર્છિત થઇ ગયેલા જનજીવને ભારે રાહત અનુભવી છે.

નલિયા સિવાયના અન્ય મથકોમાં પણ આજે ઠંડીમાં નોંધપાત્ર ઘટાડો થવા પામ્યો છે જેમાં જિલ્લાના મુખ્ય મથક ભુજમાં આજે લઘુતમ ૧૩ ડિગ્રી અને મહત્તમ તાપમાનનો આંક ૨૯.૧ ડિગ્રી સેલ્સિયસ જેટલો ઊંચો નોંધાતા આ કિલ્લેબંધ નગરના શહેરીજનોએ રાહતનો દમ લીધો છે.

કંડલામાં લઘુતમ તાપમાનનો આંક ૧૬ ડિગ્રી સે.પર પહોંચી જતાં સમગ્ર કંડલા-ગાંધીધામ સંકુલ જાણે ગુલાબી ઠંડીનો અહેસાસ કરી રહ્યું છે.વહેલી સવારે અને સાંજ ઢળ્યા પછી હવામાં ભેજનું પ્રમાણ વધી જતાં ગ્રામીણ કચ્છમાં શહેરો કરતાં થોડી વધારે ઠંડી અનુભવાઈ રહી છે.

દરમિયાન, અરબી સમુદ્રમાં આકાર પામી રહેલા પશ્ચિમી વિક્ષોભને કારણે પવનોની દિશા બદલાઈ જતાં અને રાજ્યભરમાં કમોસમી વરસાદ થવાની સંભાવનાને પગલે રણપ્રદેશ કચ્છમાં આજથી ન્યૂનતમ પારો બેથી ચાર ડિગ્રી જેટલો ઊંચકાવાની સાથે મહત્તમ તાપમાન પણ ઊંચું આવશે, જો કે, શીતમથક નલિયામા હજુ પણ ઠંડીનું સામ્રાજ્ય થોડા દિવસો માટે જારી રહેશે તેવું મોસમ વિભાગે વ્યક્ત કરેલા પૂર્વાનુમાનમાં જણાવ્યું છે. ■




રાજકોટ ગાંધીનગર એસ.ટી.ની એ.સી બસ સેવાનો ધારાસભ્ય દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળાએ શુભારંભ કરાવ્યો હતો. બંને ધારાસભ્યએ સુવિધાસભર અને સલામત એસ.ટી. બસનો લાભ લેવા લોકોને અનુરોધ કર્યો હતો... (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# બગદાણા નવનીત બાલધીયા પર હુમલા મામલે SIT એ વધુ એકની ધરપકડ કરી

## ધરપકડનો કુલ આંક ૧૧ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના બગદાણાના કોળી યુવાન નવનીત બાલધીયા પર થયેલા હુમલા કેસમાં SIT ની તપાસ દરમિયાન વધુ એક આરોપી ઝડપાયો હતો. તળાજા તાલુકાના કોદીયા ગામનો રહેવાસી દિનેશ ઉર્ફે દાદુ લોમાભાઈ સોલંકીને ઝડપી પાડવામાં આવ્યો છે. ગત મોડી રાત્રિના આરોપીને મેડિકલ ચેકઅપ માટે ભાવનગરની સર્ટી હૉસ્પિટલ લાવવામાં આવ્યો હતો.

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના બગદાણા ગામના કોળી સમાજના યુવાન નવનીત બાલધીયા પર થયેલા હુમલામાં પ્રથમ ૮ આરોપીને પોલીસે ઝડપી પાડ્યા હતા, જ્યારે આ બનાવ અંગે ભાવનગર રેન્જ આઇજી દ્વારા તા.૫ જાન્યુઆરીના રોજ એક જીંઝ ટીમની રચના કરવામાં આવી હતી. જેમાં અગાઉ ઝડપાયેલા ૮ આરોપીઓની કોર્ટમાંથી કબ્જો મેળવી SIT દ્વારા રિમાન્ડ મેળવ્યા હતા. જીંઝ ની ટીમે ગત મોડી રાત્રે વધુ એક આરોપીને ઝડપી પાડયો રિમાન્ડમાં આરોપીઓની પૂછપરછ દરમિયાન જીંઝ ટીમ દ્વારા પ્રથમ કાનાભાઈ ભીખાભાઇ કામલિયાને અને ત્યાર બાદ સંજય ચાવડાને ઝડપી પાડ્યા હતા. ત્યારે ગત રાત્રિના આ બનાવમાં SIT એ વધુ એક શખસ દિનેશભાઈ ઉર્ફે દાદુ લોમાભાઈ સોલંકીને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે. જેને મેડિકલ ચેકઅપ માટે ભાવનગર સર્ટી હૉસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો. જીંઝ ની તપાસ દરમિયાન ૩ અને અગાઉ ૮ મળી કુલ ૧૧ શખસોની ધરપકડ કરવામાં આવી છે. ■

# આદિપુરની જાણીતી આંગડિયા પેઢીના સંચાલકે ગળે ફાંસો ખાઈ આપઘાત કરતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના આદિપુર ખાતે આવેલી પી.એમ. આંગડિયા પેઢીના શિણાય રહેતા સંચાલક એવા દિલીપ ઊર્ફે ઘનશ્યામ રતિલાલ ઠક્કર (૫૨)એ ભેદી સંજોગોમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં કચ્છ સહિત બૃહદ કચ્છના લોહાણા સમાજમાં ભારે ચકચાર પ્રસરી જવા પામી હતી.

આ ભેદી ઘટના અંગે કંડલા મરીન પોલીસ મથકે મૃતકના નાના ભાઈ દિનેશ ઠક્કરે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત શનિવારે બપોરે અઢી વાગ્યે નિત્યકર્મ મુજબ દિલીપભાઈ ભોજન કરીને શિણાય ખાતેની અરાવલ્લી સોસાયટીમાં સ્થિત ઘરેથી તેમની પી.એમ આંગડિયા પેઢીની ઓફિસે જવા માટે નીકળ્યાં હતા. મોડી રાત્રી સુધી ઘરે પરત ન ફરતાં અઘટિત બન્યું હોવાની આશંકા સાથે મિત્રો અને પરિવારજનોએ તેમની ભાળ મેળવવા પ્રયાસો આદર્યા હતા.

આ દરમ્યાન મોડી રાત્રે સંઘડ નજીક જોગણીનાર સોલ્ટ તરફ જતાં સુમસામ રસ્તા પરના એક અવાવરું શેલ્ટર હોમ બહાર તેમની મર્સિડીઝ કાર જોવા મળી હતી. દિલીપભાઈના મોબાઈલ ફોનની રણકતી રીંગના અવાજના આધારે શેલ્ટર હોમની અંદર તપાસ કરવા મિત્રો અને પરિવારજનો ગયા ત્યારે બીમના સળિયામાં દોરી વડે ફાંસો ખાધેલી હાલતમાં લટકતો તેમનો મૃતદેહ મળી આવ્યો હતો.

દરમ્યાન, અવાવરું જગ્યાએ આપઘાત કરવા પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. પી.એમ આંગડિયા પેઢીના આર્થિક વ્યવહારોને ખંગાળવામાં આવી રહ્યા હોવાનું આ ઘટનાના તપાસકર્તા એવા કંડલા મરીનના પોલીસ સબ ઇન્સ્પેક્ટર વાય.પી. ગોહિલે જણાવ્યું હતું. ■

# માંડવીના 300 વર્ષ પુરાણા વૈંકુઠરાયજી મંદિરમાંથી ધોળા દિવસે મૂર્તિ તથા છત્રોની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મહા નવરાત્રીના ચાલી રહેલાં પર્વ વચ્ચે સરહદી કચ્છના બંદરીય શહેર માંડવીના લાખાસર ચોક ખાતેના મહિલા સ્નાનઘાટ નજીક આવેલા ત્રણ સદી પુરાણા વૈંકુઠરાયજીના મંદિરમાં ધોળા દિવસે ત્રાટકેલા તસ્કરો રાધાકૃષ્ણજીની ઐતિહાસિક મૂર્તિ, ઠાકુરજી પરના છત્રોની ચોરી થઇ જતાં ભાવિકોમાં રોષ પ્રવર્તી રહ્યો છે.

દિવસમાં બે વાર દર્શન માટે ખુલતા આ પુરાણા મંદિરમાં સવારે ૭થી ૧૦ દરમ્યાન ભક્તોએ દર્શન-વંદનનો લાભ લીધા બાદ સાંજના ચારેક વાગ્યે મંદિરના કમાડ ખોલતાં, વેરણ-છેરણ પડેલા સમાન વચ્ચે ગર્ભગૃહમાં બિરાજતી રાધાકૃષ્ણજીની પ્રતિમા શ્રદ્ધાળુઓને જોવા મળી નથી.

ઘટનાની જાણ થયે ડોગ સ્કવોડ સાથે તાત્કાલિક માંડવી પોલીસ મંદિરે દોડી ગઈ હતી અને માત્ર ત્રણ કલાકમાં ચોરીને અંજામ આપનારા અજ્ઞાત તસ્કરોની ભાળ મેળવવા કવાયત આદરી છે. ■

# આદિપુર જી.આઇ.ડી.સીમા આવેલા પેકેજિંગ કંપનીના ગોદામમાં વિકરાળ આગઃ સદ્‌ભાગ્યે જાનહાનિ ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના આદિપુર શહેરના વોર્ડ નંબર ૧-બી, જી.આઇ.ડી.સી. વિસ્તારમાં આવેલાં 'બેસ્ટ બોક્સ કન્ટેનર' કંપનીનાં ગોદામમાં શોર્ટ-સર્કિટ થતાં ભભૂકેલી વિકરાળ આગને લીધે સમગ્ર વિસ્તારમાં ભારે ભય પ્રસર્યો હતો. ઘટનાની જાણ થયે દોડી ગયેલા ગાંધીધામ મહાનગરપાલિકાના તેમજ ઈમર્જન્સી રિસ્પોન્સ સેન્ટરના અગ્નિશમન દળે કલાકોની જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લીધો હતો, જો કે ગોદામ સળગીને રાખ બની જતાં મોટું આર્થિક નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું હતું.

બનાવ અંગે પાલિકાના અગ્નિશમન દળના ધીરજ કન્નરે માહિતી આપતાં જણાવ્યું હતું કે, આદિપુર ખાતેના જી.આઈ.ડી.સીમા સ્થિત, બેસ્ટ બોક્સ કન્ટેનરના પેકેજિંગ ગોડાઉનમાં ગત સાંજના સાડા સાત વાગ્યાના અરસામાં શોર્ટસર્કિટથી વિકરાળ આગ ફાટી નીકળી હતી. બે-ત્રણ કલાક સુધી સતત પાણીનો મારો ચલાવીને આગ ઉપર કાબૂ મેળવી લેવાયો હતો. સદ્‌ભાગ્યે જાનહાની ટળી છે, અલબત્ત ગોદામમાં સહિત તમામ માલ-સામાન બળીને ખાખ થઈ જતાં કંપનીને આર્થિક નુકસાન પહોંચ્યું હતું. હજુ તપાસ ચાલુમાં હોઈ, નુકસાનીનો આંક બહાર આવ્યો ન હોવાનું ધીરજકન્નરે ઉમેર્યુ હતું. ■

# મુંદરામાં ક્રિકેટના ઓનલાઇન સટ્ટાની માસ્ટર આઇ.ડી. સાથે શખ્સ પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વિવિધ ક્રિકેટ મેચની ટૂર્નામેન્ટ પર રમવામાં આવતો સટ્ટો બારમાસી બની ગયો હોય તેમ ફરી એકવાર કચ્છના બંદરીય મુંદરા શહેરમાંથી ક્રિકેટ મેચ પર ઓનલાઇન સટ્ટો રમી રહેલા શખ્સને સ્થાનિક પોલીસે ૬,૭૭,૫૬૦ રૂપિયાના બેલેન્સ ધરાવતી આઈ.ડી.સાથે ઝડપી લીધો હતો.

પી.આઇ. એસ.એમ.રાણાએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, મુંદરા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલા સર્વેલન્સ સ્ટાફને મળેલી પૂર્વ બાતમીના આધારે શહેરમાં સ્થિત ઝેડ પ્લસ હોટલ પાસે મોબાઈલ ફોન વડે અન્ય ગ્રાહકો સાથે મળીને ક્રિકેટ મેચ પર જુગાર રમતા અલ્પેશકુમાર કાંતિ પટેલને અટકમાં લઇ, તેના મોબાઈલ ફોનની પ્રાથમિક તપાસ કરતા તેમાં રહેલી માસ્ટર આઇ.ડીમાં રૂ. ૬,૭૭,૫૬૦.૨૧નું બેલેન્સ અને અન્ય ૧૧ ગ્રાહકની સબ આઇ.ડી. મળી આવી હતી.

મુંદરા પોલીસે આઇ.ડી.નું બેલેન્સ ઉપરાંત એક મોબાઇલ ફોન કિં. રૂ. ૫૦૦૦ તથા રોકડા રૂ. ૧૭,૦૦૦ મળીને કુલ્લે રૂ. ૬,૯૯,૫૬૦ના મુદ્દામાલ સાથે મુંદરાના શિવ ટાઉનશિપમાં રહેતા અલ્પેશકુમારને ઝડપી જુગારધારા તળે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ■

# રાજકોટના ચીભડા ગામની જમીન પચાવી પાડવાનો પૂર્વ સાંસદ પર આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકામાં આવેલા ચીભડા ગામની ૧૧ એકર જમીન ભાજપના પૂર્વ સાંસદ દેવજી ફતેપરા અને ડેકોરા ગ્રૂપના ઉદ્યોગપતિ જમનાદાસે પચાવી પાડી હોવાનો ખુલાસો થયો હોવાનું એક અહેવાલે જણાવ્યું હતું. સિંચાઈ વિભાગે સંપાદિત કરેલી જમીનના બન્નેએ દસ્તાવેજ બનાવી લીધા હોવાનો આક્ષેપ પણ તેમના પર હતો. હવે આ મામલે રાજકોટ કલેક્ટરે જમીન સરકારની હોવાનો ઐતિહાસિક ચુકાદો આપી વેચાણ નોંધ મંજૂર કરવાની અપીલ ફગાવી દેતા સમગ્ર મામલો બહાર આવ્યો હોવાનું અહેવાલો દ્વારા જાણવા મળ્યું હતું. લોધિકા તાલુકાના ચીભડા ગામમાં ૩૫ વર્ષ પહેલાં ૧૯૮૨માં દુષ્કાળના સમયે રાહત કામગીરી અંતર્ગત હરીપર-તરવાડા ગામે તળાવ બનાવવા માટે સરકારે ચીભડા ગામની અંદાજે ૧૧ એકર જમીન સંપાદિત કરી હતી. જે તે સમયે જમીનના મૂળ માલિકોને સરકાર દ્વારા યોગ્ય વળતર પણ ચૂકવી દેવામાં આવ્યું હતું. વર્ષો બાદ ૨૦૨૧માં સરકારી જમીન પર ખાનગી વ્યક્તિઓ દ્વારા સોદા કરીને દસ્તાવેજ બનાવી દેવામાં આવ્યા હોવાની વિગતો સામે આવી હતી.

આ જગ્યા દુકાળ બાદ ૧૯૮૨મા તળાવ બનાવવા માટે સિંચાઈ વિભાગે સંપાદિત કરી હતી. ૧૧ એકરની જમીન સંપાદિત કરવા સરકારે મૂળમાલિકને વળતર પણ ચૂકવી દીધું હતું. વર્ષ ૨૦૨૧માં આ જમીનના દસ્તાવેજો બનાવી દેવાનું બહાર આવ્યું હતું. સિંચાઈ વિભાગે જમીન સરકાર હસ્તકની નોંધ ચડાવી ન હતી. આથી ખુલ્લી જમીન હોવાથી ટેકનીકલ ભૂલનો લાભ લઈ કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું હતું. એક જાગૃત નાગરિકે આ મામલે ધ્યાન દોરતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો. રાજકોટ કલેક્ટરે તમામ રેકર્ડ તપાસ્યા બાદ સિંચાઈ વિભાગે કાયદેસર રીતે જમીન સંપાદિત કરેલી છે. તે વેચવાનો તેમને કોઈ અધિકાર નથી. આ સાથે કલેક્ટરે સુરેન્દ્રનગરના પૂર્વ સાંસદ અને ઉદ્યોગપતિની દલીલો ન સ્વીકારતા જમીન સરકારની હોવાનો હુકમ કરી વેચાણ નોંધ રદ કરવાનો નિર્ણય લીધો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# અમરેલી શહેરમાં રખડતા શ્વાનોએ એક દિવસમાં ૪૫ જણને શિકાર બનાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રખડતાં શ્વાન ખૂબ જ મોટી સમસ્યા બની ગયા છે અને સુપ્રીમ કોર્ટ પણ આ મામલે લાલઘૂમ થઈ છે, પરંતુ શ્વાનની સમસ્યા ઉકેલાતી નથી અને લોકો તેનો ભોગ બને છે. અમરેલીમાં એક જ દિવસમાં શ્વાન કરડવાના ૪૫ કેસ નોંધાયા હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. મોટાભાગના વિસ્તારોમાં આવા કિસ્સા બનતા રહેતા હોવાથી સ્થાનિકો ઘરની બહાર જવાનું ટાળી રહ્યા હોવાનું જણાવી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર શાકબજાર, માણેકપરા સહિતના વ્યસ્ત વિસ્તારોમાં આવા કિસ્સા બન્યા હતા. રસ્તે ચાલતા લોકોથી માંડી દુકાનમાં બેસેલા માણસને શ્વાન કરડી ગયા હતા. અહીંની હોસ્પિટલમાં પણ એક પછી એક શ્વાન કરડવાના કેસ આવતા સ્ટાફ કામે લાગ્યો હતો. હોસ્પિટલમાં દરદીઓ અને તેના પરિવારજનોએ ભીડ લગાવી હતી. આ અંગે હેલ્થ ઓફિસરના જણાવ્યા અનુસાર ૩૧ પુરુષ ૧૦ બાળક અને ૪ મહિલા એક જ દિવસમાં શ્વાનનો શિકાર બન્યાં હતા. જોકે આ શ્વાન હડકાયા બન્યા હતા કે એક સાથે કરડવાનું શું કારણ હતું તે બહાર આવ્યું નથી. ■

# પરપુરુષ સાથે ભાગી ગયેલી પત્ની અને સાસરિયાના ત્રાસથી કંટાળેલા પતિનો આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર ગઢડા તાલુકામાં એક યુવકની પત્ની પરપુરુષ સાથે ભાગી ગઈ હોવા છતાં પતિએ સાચવી હતી અને હવે તેની પાસેથી છૂટાછેડાના રૂ. ૨ લાખ માગવામાં આવતા હતા. સાસરિયાના ત્રાસથી કંટાળી યુવકે આપઘાત કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી.

ગીર ગઢડા તાલુકાના નવા ઉગલા ગામના એક યુવકના છૂટાછેડા થયા હતા. ત્યારબાદ ૧૧ મહિના પહેલા તેણે ફરી લગ્ન કર્યા હતા. લગ્નના અમુક સમય બાદ બંને વચ્ચે ચકમક ઝરતા પત્ની પિયર જતી રહી હતી અને કોર્ટમાં ભરણ પોષણનો કેસ કર્યો હતો. આ મુદ્દે તેને વારંવાર માનસિક રીતે પરેશાન કરવામાં આવતો હતો. તેનાથી કંટાળીને ગઈકાલે એક વીડિયો બનાવી પોસ્ટ કર્યો હતો.

વીડિયોમાં યુવકે કહ્યું, મારાથી કોઈ ભૂલ થઈ હોય તો મને માફ કરી દેજો. હવે હું આત્મહત્યા કરવા જાઉં છું. જેનું કારણ મારા સસરા, મારી પત્ની, સાળો અને વકીલ છે. છૂટાછેડા માટે તેઓ રૂ. બે લાખ મારી પાસે માંગે છે. પણ મારી પાસે એકપણ રૂપિયો નથી, હું બધાથી અલગ રહું છું. અત્યારે મારી પર અત્યાચાર કરે છે અને મારી આત્મહત્યા પાછળ આ લોકો જ જવાબદાર છે. મારી પત્ની બીજાને લઈને ભાગી ગઈ તો પણ મેં સાચવી અને હાલ મારી પર અત્યાચાર ગુજારે છે. તેમજ રૂપિયા બે લાખ માંગે છે. મારી આત્મહત્યા કરવા પાછળનું કારણ મારી પત્ની રૂપલ, મારા સસરા મનસુખભાઈ ઉગાભાઈ પરમાર, મારો એડવોકેટ તેમજ રૂપલની ફઈ શોભા છે.

આટલા શબ્દો બોલીને યુવકે અનાજમાં નાખવાના ટીકડા ખાઈ લીધા હતા. ત્યારબાદ તેના પિતા તુલસીશ્યામ મુકામે મજૂરી કામ કરવા ગયા હતા તેમને ફોન કરી માફી માગી હતી અને ટીકડા ખાઈ લીધા હોવાનું જણાવ્યું હતું. પુત્રએ ઝેરી ટીકડા ખાઈ લીધા હોવાની જાણ થતાં જ પિતા તાત્કાલિક ઘરે આવી પહોંચ્યા હતા અને રાત્રીના ઊના સરકારી દવાખાને લાવ્યાં હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટનાના પગલે મૃતકના પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. ■

# સુરેન્દ્રનગરમાં એક વિદ્યાર્થીની સ્કૂલબેગમાંથી દારૂની પોટલી મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દારૂબંધી છે તેવા સવાલો ઊભા થાય તેવા કિસ્સા રોજ બહાર આવે છે. સુરેન્દ્રનગરમાં પણ આવો એક કિસ્સો બહાર આવ્યો હતો જે ચિંતા જગાવનારો પણ છે. અહીં ફિલ્મ રઈસની જેમ એક સ્કૂલબેગમાંથી દારૂની બોટલો મળી હતી.

સુરેન્દ્રનગરના મૂળીના સરા ગામમાં સ્કૂલે જતા વિદ્યાર્થીની હાલચાલ પર શક જતા લોકોએ તેને રોક્યો હતો અને તેની બેગ ચેક કરતા તેમાંથી દારૂની પોટલીઓ મળી હતી. આ પોટલી ગામના લોકો પોલીસચોકીમાં લઈ ગયા હતા. જોકે અહીં હાજર પોલીસની હાજરીમાં આ પોટલી બુટલેગર મહિલા લઈ ગઈ હોવાથી ગામના લોકોએ ધરણા કર્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતુ.

અહીં ખુલ્લેઆમ દારૂ વેચાય છે અને છોકરાના બેગમાંથી પણ દારૂ મળે છે, છતાં પગલાં લેવામાં આવતા નથી તે મામલે ગ્રામજનોએ રોષ ઠાલવ્યો હતો. ■

# અમરેલીના પૂર્વ સાંસદ વાહન પર હજુ નેમપ્લેટ રાખતા હોવાની ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલીમાં ભૂતપૂર્વ સંસદસભ્યના વાહનો પર સાંસદ લખેલી લાલ નેમપ્લેટના ઉપયોગ અંગે નવો વિવાદ ઉભો થયો છે, જેના કારણે નાયબ મુખ્ય પ્રધાન અને ગૃહ પ્રધાન હર્ષ સંઘવીને ફરિયાદ કરીને કડક કાર્યવાહીની માગ કરવામાં આવી હતી.

સંઘવીને સોંપવામાં આવેલી લેખિત રજૂઆતમાં, અમરેલીના રહેવાસી નાથાલાલ સુખડિયાએ આરોપ લગાવ્યો હતો કે અમરેલીના ભૂતપૂર્વ સાંસદ નારણભાઈ કાછડિયા હવે આ પદ પર નથી રહ્યા છતાં તેમના વાહનો પર સાંસદ લખેલી લાલ બોર્ડ નેમપ્લેટ લગાવી રહ્યા છે. ફરિયાદ મુજબ, તેમના નામે રજિસ્ટર્ડ બે ફોર વ્હીલર વાહનો પર સાંસદ લખેલી લાલ નેમપ્લેટ લગાવવામાં આવી છે. એવો આરોપ મૂકવામાં આવ્યો હતો આ કરવાથી ટ્રાફિકના નિયમોનું પાલન થતું નથી, ખોટી છાપ ઊભી થાય છે અને સત્તાનો રોફ જમાવવા આમ કરવામાં આવે છે.

ફરિયાદીએ જણાવ્યું હતું કે અગાઉ ૧૬ એપ્રિલ, ૨૦૨૫ના રોજ આરટીઓમાં પણ રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ, આરટીઓએ સ્પષ્ટતા કરી હતી કે જનતાને ગેરમાર્ગે દોરવા સંબંધિત કોઈપણ કાનૂની કાર્યવાહી પોલીસ વિભાગના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે અને જિલ્લા પોલીસને યોગ્ય કાર્યવાહી કરવાની સલાહ આપી હતી.

દરમિયાન વિવાદનો જવાબ આપતા, ભૂતપૂર્વ સાંસદ નારણભાઈ કાછડિયાએ તમામ આરોપોને નકારી કાઢ્યા હતા અને પાયાવિહોણા ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે વાહન પર તેમના સાંસદસભ્યનો કાર્યકાળ પણ જણાવવામાં આવ્યો છે. ■

# રાજકોટ મહાનગરપાલિકામાં ૧૫ લાખનું બાઈક લઈને કૉંગ્રેસના કોર્પોરેટર આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહાનગરપાલિકાના જનરલ બોર્ડ પૂર્વે મંગળવારે વિરોધ પક્ષના નેતા વશરામ સાગઠીયા, મકબૂલ દાઉદાણી સહિતના કૉંગી કોર્પોરેટરોએ શાસક પક્ષ વિરુદ્ધ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. કૉંગ્રેસના નેતાઓ હાથમાં ''રાજકોટ મહાનગર પાલિકાની મિલકત વેચવાનું બંધ કરો'', ''ફ્લેટ ધારકોને ન્યાય આપો'', ''બિલ્ડરો પાસે નાણાં વસુલો'' અને ''બિલ્ડરોને છાવરવાનું બંધ કરો'' જેવા લખાણવાળા પોસ્ટરો લઈને મેદાનમાં ઉતર્યા હતા. વિરોધ પક્ષે ભાજપ શાસિત મનપા પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે તંત્ર દ્વારા સામાન્ય જનતાના હીતને બદલે બિલ્ડરોને છાવરવામાં આવી રહ્યા છે.

આ આખા વિરોધ પ્રદર્શનમાં કોંગ્રેસી કોર્પોરેટર મકબૂલ દાઉદાણી સૌના આકર્ષણનું અને ચર્ચાનું કેન્દ્ર બન્યા હતા. તેઓ કોઈ સામાન્ય વાહનમાં નહીં પરંતુ અંદાજે રૂ. ૧૫ લાખની કિંમતના આલીશાન બીએમડબલ્યુ બાઈક પર સવાર થઈને જનરલ બોર્ડમાં પહોંચ્યા હતા.

બાઈકના જબરદસ્ત શોખીન એવા મકબૂલભાઈએ આ બાઈક માટે પોતાની પસંદગીનો '૨' નંબર મેળવવા માટે પણ અધધ રૂ. ૧.૮૫ લાખ ચૂકવ્યા છે. ટાઉન હોલની બહાર જયારે આ લક્ઝુરિયસ બાઈક સાથે કોર્પોરેટરે પોસ્ટરો દેખાડી વિરોધ કર્યો, ત્યારે લોકો અને અન્ય નેતાઓ પણ જોતા રહી ગયા હતા.

પોતાના આ અનોખા વિરોધ અંગે મીડિયા સાથે વાત કરતા કોર્પોરેટર મકબૂલ દાઉદાણીએ જણાવ્યું હતું કે, ''બાઈક ચલાવવો એ મારો વ્યક્તિગત શોખ છે, પરંતુ જનતાના પ્રશ્નો માટે અવાજ ઉઠાવવો અને વિરોધ કરવો એ મારી નૈતિક ફરજ છે.'' તેમણે વધુમાં ઉમેર્યું કે વિરોધ પક્ષની ભૂમિકા તેઓ ખૂબ જ સારી રીતે નિભાવી રહ્યા છીએ અને જ્યાં સુધી પ્રજાને ન્યાય નહીં મળે ત્યાં સુધી આ લડત ચાલુ રહેશે. ■